Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૪૦
તા.૧૭-૦૩-૨૦૧૮, શનિવાર
સંવત ૨૦૭૪ ફાગણ વદ - અમાવસ
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ०६:४૯ સૂર્યાસ્ત : ०६:४८

તાપમાન
ડીસા ૩૬.૬
અમદાવાદ ૩૬.૨
ગાંધીનગર ૩૫.૦
વડોદરા ૩૬.૪
સુરત ૩૬.૦
નલિયા ૩૩.૮

ચાંદી : ૩૯,૦૦૦ સોનું : ૩૧,૪૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

રખેવાળ
ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

નારાજ ટીડીપીના એનડીએ સાથે છુટા છેડા

મોદી સરકારમાંથી પોતાના બે પ્રધાનોને પાછા ખેંચી લેવાના એક સપ્તાહ બાદ એનડીએનો સાથ છોડ્યો : અવિશ્વાસ દરખાસ્તને પણ ટેકો આપશે

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારમાંથી બહાર થયા બાદ આખરે તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી)એ એનડીએ ગઠબંધનની સાથે છેડો ફાડી લીધો છે. આંધ્રપ્રદેશને ખાસ રાજ્યનો દરજ્જો આપવા માટેની માંગણી મોદી સરકારે ફગાવી દીધા બાદ ટીડીપીએ છેડો ફાડવાની વિધિવતરીતે જાહેરાત કરી હતી. મોદી સરકારમાંથી તેના બે પ્રધાનોને પાછા ખેંચી લીધાના એક સપ્તાહ બાદ હવે એનડીએ સાથે છેડો ફાડવાનો નિર્ણય કર્યો હતો. લોકસભાની ત્રણ સીટો પણ હાલમાં યોજાયેલી પેટાચૂંટણીમાં ભાજપની હાર થયા બાદ એનડીએને આ બીજો મોટો ફટકો છે. આંધ્રપ્રદેશને જો ખાસ રાજ્યનો દરજ્જો આપવામાં આવશે તો બિહાર, ઝારખંડ અને ઓરિસ્સા સહિત અન્ય કેટલાક રાજ્યો પણ આ પ્રકારની માંગ કરી શકે છે તેવા નાણાં પ્રધાન અરૂણ જેટલીના નિવેદન બાદ ટીડીપીએ છેડો ફાડવાનો નિર્ણય કર્યો છે.પહેલા આંધ્રપ્રદેશના મુખ્યપ્રધાન ચન્દ્રબાબુ નાયડુએ કેન્દ્રમાં સામેલ રહેલા પોતાના પ્રધાનોને કેન્દ્રમાંથી રાજીનામુ આપવા માટે કહ્યુ હતુ. જવાબમાં ભાજપના બે પ્રધાનોએ પણ રાજ્ય સરકારની કેબિનેટમાંથી રાજીનામા આપ્યા હતા.

ગુજરાત વિદ્યાપીઠ પાસે આંગડિયા પેઢીના કર્મચારીની હત્યા

અમદાવાદ

અમદાવાદમાં ખુલ્લેઆમ, જાહેરમાં ધોળેદહાડે લૂંટ, ધાડ અને ખૂનની ઘટનાઓ હવે માઝા મૂકી રહી છે, શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ગંભીર અને ચિંતાજનક હદે રીતે કથળી રહી હોવાની પ્રતીતિ આજે શહેરના આશ્રમરોડ પર ગુજરાત વિદ્યાપીઠ પાસેના પોશ એરિયામાં જાહેરમાં કેટલાક અજાણ્યા શખ્સો દ્વારા એક આંગડિયા પેઢીના કર્મચારીઓ દ્વારા પોઈન્ટ બ્લેન્ક રેન્જથી ફાયરીંગ કરીને મોતને ઘાટ ઉતારવાની ઘટનાએ કરાવી હતી. આંગડિયા પેઢીના કર્મચારીની ગુજરાત વિદ્યાપીઠ પાસે સત્ય અને અહિંસાના પૂજારી એવા મહાત્મા ગાંધીની પ્રતિમા પાસે જ મોતને ઘાટ ઉતારી દેવાતાં શહેર સહિત રાજયભરમાં સનસનાટી મચી ગઇ હતી. અવારનવાર આંગડિયા પેઢીના કર્મચારીઓને લુંટારાઓ ભોગ બનાવતા હોય છે અને આજે પણ લૂંટના ઈરાદે બે બાઈક પર આવેલા ચાર અજાણ્યા શખ્સોએ આંગડિયા પેઢીના કર્મચારીને ફાયરીંગ કરી મોતને ઘાટ ઉતારી તેની પાસેથી રૂ.૫.૧૦ લાખ ભરેલો થેલો ઝુંટવી ફરાર થઇ ગયા હતા.

વિચાર વૈભવ...

પામરતાનું પાપ

દેશમાં પક્ષો તો હમેશાં રહેવાના જ. કોઈપણ સુધારાને માટે બધાને સામાન્ય એવો કાર્યક્રમ શોધી શકાય નહીં. કારણ, કેટલાક બીજાઓના કરતાં વધારે આગળ જવાનું ઈચ્છનારા હોય. આવી તંદુરસ્ત વિવિધતામાં હું હરકત જોતો નથી.

પણ આપણામાંથી જે વસ્તુ હું દૂર કરવા ઈચ્છું છું તે તો એ કે, આપણે એકબીજા પર ખોટા હેતુઓનું આરોપણ ન કરીએ. આપણને ઘેરી વળેલું પાપ એ આપણા મતભેદો નથી પણ આપણી પામરતા છે. શબ્દો ઉપર આપણે મારામારી કરીએ છીએ. ઘણી વાર તો પડછાયાને માટે આપણે લડીએ અને મૂળ વસ્તુ જ ખોઈ બેસીએ છીએ. ખરેખરી નડનારી વસ્તુ આપણા મતભેદો નથી, પણ તેની પાછળ રહેલી આપણી લઘુતા છે.

- મો.ક.ગાંધી

સાર સમાચાર...

૨૦૦૦ની નોટ બંધ નહી થાય : કેન્દ્ર

નવીદિલ્હી

સરકારે ફરી એકવાર સ્પષ્ટતા કરી છે કે, ૨૦૦૦ રૂપિયાની નોટને બંધ કરવાની કોઈપણ યોજના નથી. સરકારે આજે લોકસભામાં માહિતી આપતા કહ્યું હતું કે, નોટબંધીથી પહેલા શરૂ કરવામાં આવેલા ૨૦૦૦ રૂપિયાની નોટને બંધ કરવાની કોઈ યોજના નથી. સરકારે એમ પણ કહ્યું છે કે, ટ્રાયલ તરીકે પાંચ શહેરોમાં ૧૦ રૂપિયાની પ્લાસ્ટિક કરન્સી પણ શરૂ કરવામાં આવી રહી છે. આ ટ્રાયલ ક્યારથી શરૂ થશે તે સંદર્ભમાં હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. કેન્દ્રીય નાણા રાજ્યમંત્રી પી રાધાકૃષ્ણને એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે, નજીકના ભવિષ્યમાં સરકારની નોટબંધ કરવાની કોઈ યોજના નથી.

બનાસકાંઠા જિલ્લા પ્રશાસન દ્વારા

ધો.૧૦-૧૨ની બોર્ડની પરીક્ષા ટાણે મોકડ્રીલ સામે લોકોમાં રોષ

સંજય જોષી

પાલનપુર

સરહદી બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્રએ જીલ્લા મથક પાલનપુરમાં ભૂકંપની મોકડ્રિલ યોજી લોકો ને જાણકારી આપી હતી. બનાસકાંઠા જીલ્લાનું સમગ્ર વહીવટીતંત્ર ભૂકંપની મોકડ્રિલ માં જોડાયું હતું. પાલનપુર શહેરમાં જુદા-જુદા ત્રણ સ્થળે ભૂકંપની મોકડ્રિલ યોજવામાં હતી. જોકે, ધો૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા ટાણે યોજાયેલી મોકડ્રીલને પગલે લોકોમાં ભારે નારાજગી જોવા મળી હતી. મોકડ્રીલને લઈને ૧૦૮ અને ફાયર ફાઈટર સહિત પોલીસવેનની સાયરનો ગુંજી ઉઠતા મોકડ્રીલથી અજાણ છાત્રો સહિત વાલીઓમાં દહેશતની લાગણી ફેલાઈ ગઈ હતી. લોકોએ તંત્રના નિર્ણય સામે ફિટકારની લાગણી વરસાવી હતી. ગુરુનાનક ચોક ખાતે ટ્રાફિક જામ થતા અનેક લોકો હેરાન પરેશાન થઈ ગયા હતા. ધોમધખતી ગરમીમાં અબાલવૃદ્ધ સૌ કોઈને હેરાનગતિ નો ભોગ બનવાનો વારો આવ્યો હતો. મોકડ્રીલ યોજવાના સમય અને સ્થળ પસંદગીમાં કાચું કપાતા લોકોએ તંત્રના નિર્ણય સામે રોષ વ્યક્ત કરતા મતદાનના દિવસે કેમ મોકડ્રીલ યોજવામાં નથી આવતી તેવા અણીયાળા સવાલો કર્યા હતા. વળી, મોકડ્રીલ

અનુસંધાન પાના નં.૬

આજે ફૈંસલો : બનાસકાંઠા જિલ્લા પંચાયત પર કોનું રાજ???

સંજય જોષી

પાલનપુર

આજે સરહદી બનાસકાંઠા જિલ્લા પંચાયત ના પ્રમુખ ઉપ પ્રમુખની ચૂંટણી યોજાનાર છે. જોકે, જિલ્લા પંચાયતની ચૂંટણીમાં પ્રજાએ કોંગ્રેસને બહુમત આપ્યો છે. ત્યારે તડજોડના રાજકારણ મા જિલ્લા પંચાયતમા કોણ મેદાન મારશે તેના પર જિલ્લાવાસી ઓ ની મીટ મંડાઈ છે. સરહદી બનાસકાંઠામા જિલ્લા પંચાયતના પ્રતિષ્ઠા ભર્યા ચૂંટણીજંગ મા કોંગ્રેસે મેદાન માર્યું છે. જિલ્લા પંચાયતની ૬૬ બેઠકો મીંથી ૩૬ બેઠકો કોંગ્રેસ અને ૩૦ બેઠકો ભાજપ ને ફાળે આવી છે. ત્યારે આવતીકાલે યોજાનારી જિલ્લા પંચાયતના પ્રમુખ-ઉપ પ્રમુખની ચૂંટણીને લઈ ભાજપમા થી પ્રમુખપદ માટે ૩ અને ઉપ પ્રમુખ પદ માટે ૨ ફોર્મ રજૂ કરાયા છે. જ્યારે કોંગ્રેસમાથી પ્રમુખ અને ઉપપ્રમુખપદ માટે બન્ને મહિલાઓની પસંદગી કરી ૧-૧ ફોર્મ રજૂ કરાયું હોવાનું ડી.ડી.ઓ અમિત અરોરાએ જણાવ્યું હતું.

અગાઉ જિલ્લા પંચાયતની ગત ટર્મમા બહુમતી કોંગ્રેસ પાસે હતી. છતાં કોંગ્રેસી સભ્યોએ બળવો કરતા કોંગ્રેસ સત્તાથી વિમુખ રહી હતી. જોકે કાલે યોજાનારી ચૂંટણી મા કોંગ્રેસ છાસ પણ ફૂકીને પી રહી છે અને આવતીકાલે જિલ્લા પંચાયત બનાવવાનો આત્મ વિશ્વાસ વ્યક્ત કરી રહી છે.

ભાજપ પાસે ૩૦ સભ્યો નું સંખ્યા બળછે. ભાજપ પણ સતા મેળવવા એડી ચોંટી નું જોર લગાવી રહી છે. ત્યારે ઠંડા આત્મ વિશ્વાસ સાથે ભાજપ ના ઉમેદવારો એ ફોર્મ ભર્યા છે. આવતીકાલે જિલ્લા પંચાયત મા કોણ પ્રમુખની અટકળો વચ્ચે ભાજપ પાસે સંખ્યા નથી પણ બળ છે. જ્યારે કોંગ્રેસ પાસે સંખ્યા છે પણ બળ નથી. ત્યારે જોવું એ રહ્યું આવતીકાલે મેદાન કોણ મારશે? તેને લઈને જિલ્લાવાસીઓમાં ઉત્સુકતા પ્રવર્તી રહી છે.

કોંગ્રેસના દિગ્ગજોની બાદબાકી

બનાસકાંઠા જીલ્લા પંચાયતની ચૂંટણીમાં કેટલાક કોંગી દિગ્ગજો સતત બીજી ટર્મમાં ચૂંટાઈ આવ્યા છે. જે પૈકીના મહિલા ઉમેદવારો આ વખતે પ્રમુખ અને ઉપપ્રમુખપદ માટેની રેસમાં હતા. જોકે, કોંગ્રેસે તેમનું મેન્ડેટ કાપી પ્રથમ વખત ચૂંટાયેલા મહિલા સદસ્યોને મેન્ડેટ આપતા આ દિગ્ગજોમાં અંદરખાને નારાજગી હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. કોંગ્રેસનું આ પગલું ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીને લઈને ભરાયું હોવાની વહેતી થયેલી અટકળો વચ્ચે વોટબેંકની રાજનીતિમાં પક્ષની સંનિષ્ઠ મહિલા અગ્રણીઓની બાદબાકીને પગલે પક્ષના પાયાના કાર્યકરોમાં ખોટો મેસેજ જશે તે પણ કોંગ્રેસ માટે નુકસાનીનો સોદો સાબિત થાય તો નવાઈ નહી. આમ, પ્રબળ દાવેદારોની બાદબાકી સાથે યોજાનારી ચૂંટણીમાં કંઈક નવાજુની થવાના એંધાણ વચ્ચે કોંગ્રેસ માટે ગતટર્મનું પુનરાવર્તન થશે કે ખરેખર પરિવર્તન આવશે તે જોવું રહ્યું..!

પ્રમુખ પદ માટેના ઉમેદવાર

ઉમેદવાર	બેઠક	પક્ષ
કૈડ કેશરીબેન દેવજીભાઈ	મોરવાડા	ભાજપ
ધાડીયા પીનાબેન રાજેશકુમાર	ભાખરમોટી	કોંગ્રેસ
ઠાકોર દરીયાબેન ચમનજી	હુવા	ભાજપ
વાઘેલા જતાબેન બળવંતસંગ	ભડથ	ભાજપ

ઉપપ્રમુખ પદ માટેના ઉમેદવાર

ઉમેદવાર	બેઠક	પક્ષ
દનેશભાઈ દવે	મુડેઠા	ભાજપ
જશીબેન માલજીભાઈ દિયા	દિયોદર	કોંગ્રેસ
પરબતજી જાલુજી ભડીયાતર	ચંડીસર	ભાજપ

વાસણામાં એક જ માલિકની ચાર ભેંસો અને એક ગાયનું ભેદી મોત

પશુપાલન ઉપર નિર્ભર પરિવારના સાતમાંથી પાંચ પશુઓના મોત : બે ગંભીર

લાખણી

લાખણી તાલુકાના વાસણા ગામે એક ખેડૂતના બપોરના સમયે અચાનક ચાર ભેંસો અને એક ગાયનું એક પછી એક ભેદી મોત થતા ખેડૂત દયનીય સ્થિતિમાં મુકાઇ ગયો હતો.જે ઘટનાથી સમગ્ર ગામમાં ચકચાર મચી જવા પામી હતી અને પ્રાણીઓમાં કોઈ ભેદી વાયરસ આવ્યાની બીકે સમગ્ર પશુપાલકોમાં ફફડાટ ફેલાવા પામ્યો હતો. જો કે ડેરીના ડોકટરોએ ઝેરી ચાર ખાધી હોવાથી આવું થયું હોવાનું અનુમાન લગાવ્યું હતું.

લાખણી તાલુકાના વાસણા ગામે ખેતી અને પશુપાલન કરી ગુજરાન ચલાવતાં કાનજીભાઇ ભેરાજી દરજી ના કુટુંબ ઉપર અચાનક આફત આવી પડી હતી અને શુક્રવારના બપોરના સમયે તેમના કુલ સાત પશુ પાંચ ભેંસ અને બે ગાયો માંથી એક એક કરીને ગણતરીની મિનિટમાં જ ચાર ભેંસ અને એક ગાયનું ભેદી મોત થવા પામ્યું હતું.જે જોતા જ ઘરના સભ્યો ગભરાઈ ગયા હતા અને તાત્કાલિક વેટરનરી ડોકટરોનો સંપર્ક કર્યો હતો જેથી બનાસડેરીમાં ફરજ બજાવતા બે ડોક્ટર તથા અન્ય બે પ્રાઈવેટ ડોક્ટરો ઘટના સ્થળે પહોંચી સારવાર હાથ ધરી હતી.પરંતુ પશુઓને બચાવી શક્યા નહોતા અને પશુઓના ભેદી મોત થયા હતા. જ્યારે એક ભેંસ અને એક ગાયની હાલત ગંભીર હતી. આ ઘટનાથી આ મધ્યમ વર્ગના પશુપાલન પર નિર્ભર પરિવાર પર આફત આવી પડી હતી. જે કોઈ ભેદી વાયરસથી પાંચ પશુઓનું મોત થયાના સમાચારથી સમગ્ર પશુપાલકોમાં ભય ફેલાવા પામ્યો હતો.

પોઇઝનની અસરથી પાંચ પશુઓના મૃત્યુ થયાનું પ્રાથમિક નજરે જણાય છે

એક જ ખેડૂતની ચાર ભેંસો અને એક ગાયનું ગણતરીની મિનિટોમાં જ મૃત્યુ થવા પાછળ તેમણે ખાધેલા ઘાસચારા માં કે પાણીમાં ઝેરી પદાર્થના કારણે આ ઘટના બની હોવાનું જણાય છે તે પાછળ કોઈ વાયરસ કે અન્ય કારણ હોવાનું જણાતું નથી જેથી અન્ય પશુપાલકોએ ગભરાવાની જરૂર નથી જો કે મોત થવાનું સાચું કારણ પી.એમ. રિપોર્ટથી જ જાણી શકાય જે સરકારી વેટરનરી ઓફિસર કરી શકે.

- ડો. પ્રહલાદ ભાઈ
બી.વી.એસ સી & એ.એચ.

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

ધાનેરા માર્કેટયાર્ડમાં સત્તા પરીવર્તન, ચેરમેન પદે ભુરાભાઇ પટેલ ચૂંટાયા

એન.કેમોદી

ધાનેરા

ધાનેરા માર્કેટયાર્ડમાં ચેરમેન ને વિશ્વાસનો મત મેળવવા માટે શુક્રવારે ચુંટણી હોજાઇ હતી જેમાં બે ફોર્મ રહેતા ચુંટણી કરવામાં આવતા વર્તમાન ચેરમેન ભવાનભાઇને ૭ મત મળ્યા હતા જયારે તેમના પ્રતિસ્પર્ધી ભુરાભાઇ પટેલને ૧૦ મત મળતા ભુરાભાઇ પટેલ ચેરમેન તરીકે વિજેતા બન્યા હતા. જેથી કોગ્રેસમાં ઉમંગ જોવા મળ્યો હતો.

ધાનેરા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી ની મધ્યસત્રની વિશ્વાસનો મત મેળવવા માટે શુક્રવારે માર્કેટયાર્ડના સભાગ્રુહમાં ચુંટણી પ્રક્રિયા પાટણ જીલ્લા રજીસ્ટાર સુનિલ ચૌધરી ના અધ્યક્ષ સ્થાને બપોરે ૧૨-૦૦ કલાકે હાથ ધરવામાં આવી હતી. જેમાં તમામ સભ્યો હાજર રહ્યા હતા.

અને ફોર્મ ભરવાની પ્રક્રિયા હાથ ધરતાં પ્રથમ ત્રણ ફોર્મ ભરાયા હતા. જેમાંથી કોગ્રેસના ઈશ્વરભાઇ પટેલે પોતાનુ ફોર્મ પરત ખેચતા બે ફોર્મ યથાવત રહેતા ચુંટણીમાં મતદાન હાથ ધરવામાં આવ્યુ હતુ. મતદાન બેલેટ પેપરથી કરવામાં આવતા ભગવાનભાઇ હાજાભાઇ પટેલને ૭ મત મળ્યા હતા ત્યારે તેમની સામે ભુરાભાઇ નથાભાઇ પટેલ ને ૧૦ મતો મળતા ભુરાભાઇ પટેલ વિજેતા બન્યા હતા. જેથી વેપારીઓમાં પણ કહી ખુસી કહી ગમનો માહોલ જોવા મળ્યો હતો. ભુરાભાઇ પટેલના સમર્થકોએ ભુરાભાઇ પટેલને ફુલહાર પહેરાવી વધાવ્યા હતા.

કયા કયા સભ્યો રહ્યા હાજર

ખેડુત વિભાગના ૮ સભ્યો, વેપારી ના ૪ સભ્યો, અન્ય મંડળીના ૨ સભ્યો, સરકારી ૨ સભ્યો અને નગરપાલિકાના ૧ સભ્ય મળીને કુલ ૧૭ સભ્યો હાજર રહ્યા હતા. તે સિવાય ચુંટણી સમયે બનાસડેરી ના વા.ચેરમેન માવજીભાઈ દેસાઈ અને વસંતભાઈ પુરોહીત પણ હાજર રહ્યા હતા

ખેડુતો અને વેપારીઓને ન્યાય આપીશુ

નવા વરાયેલા ચેરમેન ભુરાભાઈ પટેલે જણાવેલ કે ધાનેરા તાલુકો ખેતી ઉપર નિર્ભર છે જેથી ખેડુતોને સારામાં સારા ભાવ મળી રહે તે માટે અમારા પ્રથમ પ્રયત્નો રહેશે તેમજ વેપારીઓને પણ ન્યાય મળી રહે તે માટે અમારા કાર્યો રાખીશુ જેથી એક બીજાના સહકારથી તાલુકાના ખેડુતોની પ્રગતિ થાય. અને મને વિજયી બનાવવાર તમામ નામી અનામી લોકોનો આભારી છુ.

સૂર્યોદય - ૭.૧૯ સૂર્યાસ્ત - ૬.૦૧

તિથિદર્શન

ફાગણ વદ૦)) શનિવાર ૨૦૭૪



વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ ફાગણ વદ :અમાવસ શનિવાર (પંચક) નક્ષત્ર: પૂર્વ ભાદ્રપદ રાત્રે ૭.૪૩ પછી ઉ. ભાદ્રપદ યોગ : શુભ કરણ :કીસ્તુધન આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ.શ.ષ.સ.) બપોરે ૧.૩૧ પછી મીન (દ.ચ.ઝ.થ.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

બ્રાહ્મણા ગણકા વેશ્યાં સારેમયાશ્ચ કુક્કુણઃ
દૃષ્ટેષ્વન્યેષુ કુપ્યન્તિ ન જાને તસ્ય કારણમ્

'બ્રાહ્મણો, જોશીઓ, વેશ્યાઓ, કૂતરાં અને મરઘાં એટલાં બીજાને, કોઈ અજાણ્યાંને જોતાં જ કારણ વિના કુપિત- ગુસ્સે થઈ જાય છે એના પાછળનું રહસ્ય શું છે એ કોઈ જાણતું નથી.' બ્રાહ્મણ વિદ્વાન હોય- પંડિત હોય- કર્મકાંડનો જાણકાર હોય, પવિત્ર- અપવિત્રની રીતિ- નીતિનો જાણકાર હોય એટલી સમજને કારણે કોઈ નિર્દોષ રીતે પણ જરા જેટલી ભૂલ કરે તો બ્રાહ્મણ ગુસ્સે થઈ જાય છે. જોષી- જ્યોતિષી ગ્રહોની ચાલ અને પોતાના હાલના જાણકાર હોય છે તેથી અસહ્ય પરિસ્થિતિમાં વાત વાતમાં ગુસ્સે થઈ જાય છે. વેશ્યાની સાથે બદનામી જોડાયેલી જ હોય છે, તેમ છતાં પોતાનો સ્વભાવ અને ચારિત્ર્ય શુદ્ધ છે એવું ચિત્ર ઉપસાવવા કોઈ અજાણ્યાને જોઈને તરત જ ઉશ્કેરાઈ ગુસ્સે થઈ જાય છે.

કૂતરાં- મરઘાં પાસેથી કોઈને કંઈ જ લઈ લેવાનું ન હોય, પણ એ લોકોએ પોતાની નક્કી કરેલી કાલ્પનિક સીમા- મર્યાદામાં કોઈ નિર્દોષ ગાય- બકરી કે અજાણ્યું કૂતરું- ગધેડું કે માણસ પેસી જાય તોપણ વિના કારણ કતરાય છે અને પોતાનો વિરોધ નોંધાવવા સહેજ પણ ઘુરકાટ તો કરે જ છે. આમ, બ્રાહ્મણ, જોષી, વેશ્યા, કૂતરાં અને મરઘાં કારણ વિના ગુસ્સે થતાં હોય છે.

આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

મેષ : (અ.લ.ઈ.) અગત્યની કામગીરીમાં સફળતા મળે. અકારણ ખર્ચના ભોગ બનવું પડે.
વૃષભ : (બ.વ.ઉ.)પુરૂષાર્થનું શુભ ફળ પામી શકો. વિરોધી વર્ગને પીછેહટ કરવી પડે.
મિથુન : (ક.છ.ઘ.)તમારી આશાઓ ફળતી લાગે. નાણાંકીય વ્યવહાર જળવાઇ રહે.
કર્ક : (ડ.હ.)આવેલ તકનો સદ્ઉપયોગ કરી લેજો. યાત્રા-મુસાફરી થાય.
સિંહ : (મ.ટ.)આર્થિક પ્રશ્નોનો ઉકેલ આણી શકો. આરોગ્ય અંગે કાળજી રાખવી.
કન્યા : (પ.ઠ.ણ.)મિત્રોની મદદ મળી રહે. અણધાર્યો ધન લાભ થાય.
તુલા : (ર.ત.)ધીરજ રાખવી હિતાવહ. સંતાનવર્ગથી લાભ થાય.
વૃશ્ચિક : (ન.ય.)નવું નાણાંકીય રોકાણ ન કરવું. જીવનસાથીથી લાભ રહે.
ધન : (ભ.ફ.ધ.) કાર્યક્ષેત્રમાં અણધાર્યો લાભ મળે. હિતશત્રુઓથી સાવધ રહેવું.
મકર : (ખ.જ.)તમારા પ્રયત્નો દિપી ઉઠે, સામાજિક કાર્યમાં સફળતા મળે.
કુંભ : (ગ.શ.સ.)પ્રવાસ-મુસાફરી ટાળવી હિતાવહ. મધ્યમ દિવસ વ્યતિત થાય.
મીન : (દ.ચ.જ.થ.)મહત્વના સંબંધો અણધાર્યો લાભ આપી જાય. મનની મૂંઝવણ દૂર થાય.

આજનો દિન મહાન

- યશવંત કડીકર

સામ્યવાદના પ્રણેતા, તત્વજ્ઞાની,સિદ્ધાંત ખાતર જીવનભર કષ્ટ,ગરીબી અને અપમાન વેઠનાર કાર્લ માર્ક્સની પુણ્યતિથી છે.

તેમનો જન્મ તા. ૫-૫-૧૮૧૯ના રોજ જર્મનીના ટ્રાપર ગામે થયો હતો.

કાર્લ માર્ક્સની જવલંત કારકિર્દી અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ૧૮૪૬ પછી જ શરૂ થઈ. તેમના વિચારો એ જમાનાના શાસકો સત્તાધીશોને ગળે કોઈ પણ સંજોગોમાં ઉતરે એમ ન હતા. પરિણામે તેમને પેરિસ પણ છોડવું પડયું અને તેઓ વીસેલ્સ ગયા. ત્યાં રહીને તેમણે એજન્જલ્સ સાથે મળીને ઈ.સ.૧૮૪૭માં પોતાનું જગવિખ્યાત 'સામ્યવાદી જાહેરનામું 'બહાર પાડયું. તેમના જીવનના મહાકાર્ય સમો 'કેપિટલ ગ્રંથ' દુનિયાના મહાન ગ્રંથોમાંનો એક ગણાય છે.

એમનું તા.૧૭-૩-૧૮૮૩ના રોજ અવસાન થયું.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રદ્ધા અતૂટ..... અમે વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

તા.૧૯.૦૩.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે....

નિફ્ટી ફ્યુચર ૧૦૪૦૪ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!

તા. ૧૬.૦૩.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૨૩૭ પોઈન્ટ :-

આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૪૦૪ પોઈન્ટના પ્રથમ અને ૧૦૪૭૪ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૧૦૧૭૧ પોઈન્ટ થી ૧૦૩૩૩ પોઈન્ટ, ૧૦૧૦૧ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૪૭૪ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

તા. ૧૬.૦૩.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૪૬૪૦ પોઈન્ટ :-

આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૪૩૦૩ પોઈન્ટના પ્રથમ અને ૨૪૨૦૨ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૨૪૭૪૦ પોઈન્ટ થી ૨૪૮૦૮ પોઈન્ટ, ૨૪૮૮૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૪૮૮૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક.....

HDFC બેન્ક (૧૮૬૩) :- HDFC ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૮૪૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૮૨૭ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૮૮૧ થી રૂ.૧૮૯૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૮૯૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

તાતા કેમિકલ (૬૮૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૬૭૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૬૫૬ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૬૯૬ થી રૂ.૭૦૭ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!

તાતા કોમ્યુ. લિ. (૬૨૫) :- રૂ.૬૦૬ નો પ્રથમ તેમજ રૂ.૫૯૩ ના બીજા સપોર્ટથી ટેલિકોમ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૬૩૭ થી રૂ.૬૪૬ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!

યસ બેન્ક (૩૧૪) :- બેન્ક સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૩૨૩ થી રૂ.૩૩૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૩૦૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

વિપ્રો લિમિટેડ (૨૯૫) :- રૂ.૦૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૨૮૦ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ટેક્નોલોજી સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૩૦૩ થી રૂ.૩૧૩ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!

નીટ ટેક્નોલોજી (૯૨૯) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેક્નોલોજી સેક્ટર નો આ સ્ટોક રૂ.૯૫૦ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૯૦૩ થી રૂ.૮૯૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૯૭૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

ચેન્નાઈ પેટ્રો (૩૪૭) :- રૂ.૩૬૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૩૭૭ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૩૩૩ થી રૂ.૩૧૯ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૩૭૮ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!

મહેન્દ્રા - મહેન્દ્રા (૭૪૫) :- ઓટો સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૭૭૬ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૭૩૦ થી રૂ.૭૧૭ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!

તાતા સ્ટીલ (૬૦૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ સ્ટીલ સેક્ટરનો આ સ્ટોક રૂ.૬૧૬ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૯૦ થી રૂ.૫૭૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૬૨૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

JSW સ્ટીલ (૨૯૧) :- રૂ. ૩૦૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૩૧૩ ના સ્ટોપલોસે વેચવાલાયક સ્ટીલ સેકટરનો આ સ્ટોક તબક્કા

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો **WWW.INVESTMENTPOINT.IN** ને આધીન...!!!

તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!!

વડગામમાં વિનામુલ્યે આર્મી તાલિમના કલાસ શરૂ

પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિ. વડગામ

ગોપી ડીફેન્સ એકેડેમી વડગામ દ્વારા ઈન્ડિયન આર્મી બીએસએફ, સીઆઈએસએફ, આઈટીબીપી, એસએસબી, સીઆરપીએફ, દિલ્હી પોલીસ, પોલીસ કોન્સ્ટેબલ,પોલીસ સબ ઈન્સ્પેકટર, ફોરેસ્ટર માટેની ફીઝીકલ (પેકટીકલ) પરીક્ષાની સાથે લેખિત પરિક્ષાની તૈયારી કરાવતા કલાસની શરૂઆત વડગામ મુકામે કરવામાં આવી છે. લેખિત પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓને ફી (મફત) પ્રેકટીકલની તાલીમ ઈએકસ આર્મીમેન પીઆર.પરમાર (આદિત્ય કલાસીસ) દ્વારા આપવામાં આવે છે. તથા મેડીકલ પરિક્ષા વિશે સંપૂર્ણ માર્ગદર્શન આપે છે.

ઈએકસ આર્મીમેન પી.આર. પરમાર આજ દિન સુધી અંદાજીત ૧૨૦ થી ૧૫૦ યુવાનોને ઈન્ડિયન આર્મીમાં સફળતા અપાવી ચૂક્યા છે. આ એકેડમીની શરૂઆત ગોકુલપ્લાઝા, રીલાયન્સ પેટ્રોલપંપની બાજુમાં વડગામ મુકામે કરવામાં આવી છે. આથી ઈન્ડિયન આર્મીમાં જોડાવા માંગતા ઈચ્છુક ઉમેદવારોને ગોપી ડિફેન્સ એકેડેમીની મુલાકાત લેવા અનુરોધ કરાયો છે.

સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ ડીસામાં વાર્ષિકોત્સવ ઉજવાયો

ડીસા

આપણા દેશનાં સાંસ્કૃતિક મૂલ્યોને ઉજાગર કરતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની રજૂઆત થકી સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ ડીસામાં ૨૯માં વાર્ષિક મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અઘ્યક્ષ સ્થાને આર્ચ બીસપ થોમસ મેકવાન, ઉપાધ્યક્ષ તરીકે ફાધર જહોન રોઝ અને મુખ્ય મહેમાન તરીકે ચાર્લ્સ બ્રોમિયો (પદ્મશ્રી અને અર્જુન એવોર્ડ વિજેતા),એચ. એલ. રાવલ ,પ્રવિણભાઈ માળી તેમજ જાગૃતિબેન દેસાઈ, હિતેશભાઇ શાહ, રાજુભાઇ ઠાકોર, લાભેશભાઈ સેવકની વિશેષ ઉપસ્થિતિમાં કે.જી.થી લઈ ધોરણ-૯ અને ધોરણ-૧૧ નાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ થીમ પર સાંસ્કૃતિક કાર્યક્રમોની રજૂઆત કરવામાં આવી હતી.ડીસાના પ્રબુદ્ધ નાગરિકો અને વાલીઓએ કાર્યક્રમને મનભરી માણ્યો હતો.સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની આભાર વિધિ શાળાના આચાર્ય ફા.જોન પીટરે કરી હતી.સમગ્ર કાર્યક્રમને સફળ બનાવામાં શાળાનાં મૅનેજર ફા.હેરોલ્ડ પિન્ટોનું માર્ગદર્શન અને ફા.જહોન, ફા.લક્ષમણ તેમજ શાળાનાં સમગ્ર શિક્ષકમિત્રોનો બહુમૂલ્ય ફાળો રહ્યો હતો.

થરાદની સરકારી કોલેજમાં વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજાયો

(વિષ્ણુ દવે)

પ્રતિનિધિ થરાદ

થરાદની સરકારી વિનિયન અને વાણિજય કોલેજ ખાતે ટી.વાય.ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ નાયબ કલેકટરે કે કલસરિયાની અધ્યક્ષતામાં યોજાયો હતો. જેમાં નગરપાલિકા પ્રમુખ એલ.જી. વાણીયા તથા સદસ્ય અર્જુનસીહ વાઘેલા સહિત વાલીઓ અને વિધાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.એસ.વાય.ના વિધાર્થીઓ દ્વારા સુંદર કૃતિઓ રજૂ કરીને ટીવાયના વિધાર્થીઓને ઉત્સાહપૂર્વક વિદાય આપી હતી. નાયબ કલેકટર એકે કલસરીયા તથા કોલેજના પ્રિન્સિપાલ કણઝરીયા દ્વારા વિદ્યાર્થીઓને ભવિષ્યમાં જીવનમાં ઉપયોગી થઇ શકે તે પ્રકારના કારકિર્દી લક્ષી માર્ગદર્શન સાથે વિદાયની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ જ સરસ રીતે કરવામાં આવ્યું હતું. અંતમાં વિદ્યાર્થીઓની સાથે મહેમાનો નાસ્તાની ઉજવણી સાથે છૂટા પડયા હતા.

વિરમગામની મુસ્લિમ વિદ્યાર્થીનીએ એમબીબીએસની ડીગ્રી મેળવી

જમીલ મેમણ

પ્રતિ. રાજપુર

સિધ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય તે ઉક્તિને સાર્થક કરતી વિરમગામની મેમણ જફરીનબાનુ જાકીરભાઈએ એમબીબીએસની ડીગ્રી મેળવી હતી જેનો એવોર્ડ સમારંભ ગાંધીનગર સીવીલ ખાતે યોજવામાં આવ્યો હતો જેમાં મહંતશ્રીને હસ્તે જફરીનબાનુને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવી હતી. મુલાકાતમાં જફરીનબાનુએ જણાવ્યું હતું કે હું દરરોજ ચારથી પાંચ કલાક વાંચન કરતી હતી. જેનો જશ મારા પિતા જાકીરભાઈ તથા માતા રજીયાબાનુને આપું છું. જફરીન બાનુએ એમબીબી એસની ડીગ્રી મેળવી મેમણ સમાજનું તથા મુસ્લિમ સમાજનું નામ રોશન કરેલ છે.

વાડાસડામાં કાનાબાર પરિવારનો હવન યોજાશે

તા.પ્રતિ. ભાભર

ચૈત્ર સુદ - ૨ ને તા.૧૯/૩/૨૦૧૮ ના શુભ દિવસે માંગરોળ તાલુકાના વાડાસડા મુકામે નટુબાપા કાનાબારની પ્રેરણાથી સૌરાષ્ટ્ર તેમજ ગુજરાતના સમસ્ત કાનાબાર પરિવારના સહ કારથી કાનાબાર પરિવારના દીકરીઓની સુખાક ારી માટે હવન (યજ્ઞ) નું આયોજન કરેલ છે.

વિશ્વભરમાં વસતા કાનાબાર પરિવાર આ મહોત્સવમાં પધારશે.

શ્રી નટુબાપા કાનાબારના મુખેથી સત્સંગ, ગરબા ધુન અને મોક્ષના માર્ગના વિશેષ અમૃત રસપાનનો લાભ મળશે ચા - પાણી - નાસ્તો - ફરાળ પ્રસાદની સુંદર વ્યવસ્થા સાથે આ કાર્યક્રમમાં બપોરે ૪ વાગે પૂ. નટુબાપા કાનાબારના હસ્તે લાડુ હોમવામાં આવશે.

આકોલી પે.કેન્દ્ર શાળા ખાતે વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી

સજજનસિંહ સોલંકી

(પ્રતિ.) કંબોઈ

કાંકરેજ તાલુકાના આકોલી પે.કેન્દ્ર શાળાનો વાર્ષિકૌત્સવ કાંકરેજ ધારાસભ્ય કિર્તિસિંહ વાઘેલાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો, આ કાર્યક્રમને સફળ બનાવવા આકોલી પે.કેન્દ્ર શાળાના આચાર્ય કું.બિંદુબા ઝાલા અને શાળાના શિક્ષકોએ ખુબ સારી જહેમત ઉઠાવી હતી, ત્યારે વાર્ષિકોત્સવની ઉજવણી આકોલી હાઈસ્કૂલમાં રાત્રે રાખવામાં આવી હતી. તેમાં કાંકરેજ તાલુકાના દરેક ગામોમાં થી મોટી સંખ્યામાં લોકો કાર્યક્રમ નિહાળવા ઉમટ્યા હતા કાર્યક્રમ માં આચાર્ય કું.બિંદુબા ઝાલા એ ટ્રેનિંગ આપી તૈયાર કરેલા નાના ભૂલકાં ઓએ ખુબજ સુંદર કાર્યક્રમો કરી લોકો ને મંત્ર મુઘ્ધ કર્યા હતા તેમાં પિરામિડ સળગતી રીંગમાંથી નીકળવું, ડાન્સ, એકપાત્રીય અભિનય તેમાં સૌથી વધારે નાની દીકરીઓ દ્વારા ખેલાયેલી તલવાર બાજીથી લોકો આશ્ચર્યમાં મુકાઈ ગયા હતા અને લોકોએ દાનની પણ સરવાણી વહેવડાવી હતી, આકોલી શાળા તાલુકાની પ્રથમ શાળા એ કે આ શાળાના શિક્ષકો હળીમળી અને સુંદર કાર્યક્રમો કરશે, શાળાના તમામ સ્ટાફને લોકો એ અભિનંદન આપ્યા હતા આ કાર્યક્રમ માં ઉપસ્થિત એવા કિર્તિસિંહ વાઘેલા, મગનસિંહ વાઘેલા, ભારતસિંહ ભટેસરિયા, અણદાભાઈ પટેલ, ગાંડાજી વાઘેલા સરપંચ આકોલી, વીજુભા વાઘેલા, ડાયાભાઈ પીલીયાતર , બાબુભાઈ ચૌધરી, રમેશભાઈ વાઘડા, વિનુભા સોલંકી કંબોઈ, હીન્દુજી સોલંકી, પુનુભા વાઘેલા, પ્રહલાદ્િંસહ વાઘેલા, વીનુભા વાઘેલા, બલવતજી દૂધેચા, નરેન્દ્રસિંહ વાઘેલા આચાર્ય શિહોરી શાળા ૧સજજનસિંહ સોલંકી, વિજય સિલ્વા, ધારસિંહ સોલંકી અને મોટી સંખ્યામાં ગામ લોકો ઉપસ્થિત રહ્યા હતા, અને દાન પણ આપ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા આકોલી શાળાનો શિક્ષક સ્ટાફ અને આચાર્ય બિંદુબા ઝાલાઅને શિહોરી શાળાના આચાર્ય નરેન્દ્રસિંહ વાઘેલાનું સન્માન ગામ લોકો અને ધારાસભ્ય અને ઉપસ્થિત મહેમાનોએ કર્યું હતું.

અઠવાલાઈન્સ જૈન સંઘમાં ૧૮ માર્ચે યુવા - યુવતી માટે વન - ડે શિબિર યોજાશે

સુરત

શ્રી અઠવાલાઈન્સ જૈન સંઘ- સુરતમાં અખિલ ભારતીય સંસ્કૃતિ દળ સુરત કેન્દ્ર દ્વારા ૧૫ થી ૪૫ વરસના ભાઈ- બહેનોની વન- ડે શિબિર તા. ૧૮ માર્ચ રવિવાર સવારે ૯/૩૦ કલાકથી ૧૨/૩૦ કલાકે છે. આ શિબિરના મુખ્ય વક્તા યુવા પ્રવચનકાર મુનિશ્રી નયરક્ષિતવિજયજી છે.

પંન્યાસ રાજરક્ષિત વિજયજીએ જણાવ્યું કે આજની નવી પેઢીમાં વિશિષ્ઠ શક્તિ- સમજણ - સદભાવના છે. નવી ટેકનોલોજીએ યુવાનોના મનમાં અનેક પ્રશ્નો ઉભા કર્યો છે. તે મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ તથા સાચી દિશા માટે આ વન ડે શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિરનો વિષય -''ઓ!! માય ગોડ'' (ઓ.એમ.જી.) રાખવામાં આવેલ છે. શિબિરનો પાસ- અઠવા લાઈન્સ જૈન સંઘ તથા અખિલ ભારતીય સંસ્કૃતિરક્ષક દળ ગોપીપુરા ખાતે પ્રાપ્ત થશે

અરણીવાડાથી બોડાલ રોડનું ખાત મૂર્હત કરાયું

સજજનસિંહ સોલંકી

(પ્રતિ.) શિહોરી

આજ રોજ સવારે અરણિવાડાથી બોડાલ જવાના રોડનું ખાતમૂર્હત પુર્વ પ્રમુખ તાલુકાપંચાયત કાંકરેજના મફાજી સોલંકીના હસ્તે કરવામાં આવ્યું.

અરણિવાડાથી બોડાલ ગામ જવા માટેનો ચાર કિલોમીટરનો રસ્તો વર્ષોથી કાચો અને કાંટાળો હતો ત્યારે બોડાલના ગામલોકો એ અનેકવાર રોડ માટેની માગણીઓ કરી હતી, પરંતુ કોઈ પરિણામ આવ્યું ન હતું, ત્યારબાદ કાંકરેજ તાલુકા પંચાયતના પ્રમુખ મફાજી સોલંકી પાસે બોડાલ ગામ લોકો એ રજૂઆત કરી હતી અને મફાજીએ માર્ગ અને મકાન વિભાગમાં અરણિવાડાથી બોડાલ જવા માટેની રોડની રજૂઆત કરતા માનનીય નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના સહયોગ, પી.એમ. વાય. યોજનામાંથી આ રોડની મંજૂરી મળી જતાં આજે રોડનું ખાતમૂર્હ્ત કર્યું હતું. આ પ્રસંગે બોડાલના ગામલોકો મોટીસંખ્યામાં પસ્થિત રહી સરકારનો આભાર માન્યો હતો અને અરણિવાડાના ગામ લોકોએ હાજરી આપી હતી.

સોયલા ગામે શ્રી સીગોતર માતાજીની રમેલ યોજાશે

પ્રતિ. ભીલડી

ડીસા તાલુકાના ભીલડી નજીક સોયલા ગામે શ્રી સીગોતર માતાજીનું સુવિખ્યાત ધામ આવેલું છે. માતાજીના પરચાઓ અપરંપાર છે. તેથી ભીલડી પંથકમાં સોયલાવાળી સીગોતર માતા તરીકે પૂજાય છે. દુ:ખીયાઓની બેલી અને જાગતીજયોત એવી સોયલાવાળી માં સીગોતરની રમેલનું આયોજન ચૈત્ર સુદ - ૧ ને રવિવાર તા.૧૮/૩/૨૦૧૮ ની સાંજે ૮:૦૦ કલાકે જાતર અને તેમજ ચૈત્ર સુદ - ૨ ને સોમવારની ઉગતી પ્રભાતે તેલફુલ ઉપસ્થિત ભુવાજીઓ અને ભક્તો અને આમંત્રિત મહેમાનો તેલ ફુલેકું સમગ્ર ભુવાજી અને ભક્તો ચડાવશે. સોયલા ગામના સમસ્ત રાવલ પરિવારના સ્વ.પરાગભાઈ અમીરામભાઈ રાવલ (ભગત) ભુવાજી રાવલ નાગજીભાઈ કેશાભાઈ અને રાવલ પરિવાર દ્વારા ભક્તજનોને માતાજીનો દર્શનનો લાભ અને ભોજન પ્રસાદનો લાભ લેવા અનુરોધ છે.

રવિયાણા પ્રા.શાળાના બાળકોને તિથિભોજન

મહાદેવ પરમાર

પ્રતિ. રવિયાણા

કાંકરેજ તાલુકાની રવિયાણા પ્રા.શાળાના તમામ બાળકોને સ્વ. જીવતબેન જગસીભાઈ પ્રજાપતિના સ્મરાણાર્થે તેમના પુત્રો અમથાભાઈ, કરશનભાઈ, ભેમાભાઈ તથા જોઈતાભાઈ પ્રજાપતિના પરિવાર દ્વારા શીરો - ખીચડી - કઢી - રોટલી - શાકનું ભોજન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે જગસીભાઈ પ્રજાપતિનો સહ પરિવાર હાજર રહી બાળકોને ભોજન આપેલ શાળા પરિવાર દ્વારા તિથી ભોજન દાતાનો આભાર વ્યક્ત કરવામાં આવેલ.

શુભ લગ્ન

- ડીસા નિવાસી દિનેશભાઈ વાઘજીભાઈ કોટડીયાના સુપુત્ર ચિ. અર્પિતના શુભલગ્ન રોહિતકુમાર રમણલાલ દોશીની સુપુત્રી ચિ.રિધ્ધી સાથે તા. ૫/૩/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

ડીસા નિવાસી રમેશભાઈ લક્ષ્મણભાઈ ઘોઘોળના સુપુત્ર ચિ. અંકિતના શુભલગ્ન ઈશ્વરભાઈ મયજીભાઈ આલની સુપુત્રી ચિ.આશા સાથે તા. ૫/૩/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

- ડીસા નિવાસી હાજી લીયાકતભાઈ એલ. શેખના સુપુત્ર એમ. હારિશના શુભલગ્ન અબ્દુલ હમીદ કુરેશી (સિધ્ધપુર) ની સુપુત્રી ચિ.હબ્સા સાથે તા. ૨૩/૨/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

- સુરત નિવાસી પ્રવિણભાઈ લહેરચંદભાઈ દોશીના સુપુત્ર ચિ.જીગરના શુભલગ્ન ભરતભાઈ હિંમતલાલ દોશીની સુપુત્રી ચિ.મિલોની સાથે તા. ૬/૩/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

થરાદના નારોલીમાં પોલીસે કિશોરને છુટો દંડો મારતાં ઇજા : સારવાર અર્થે ખસેડાયો

વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

બનાવની પ્રાપ્ય વિગતો મુજબ થરાદ તાલુકાના નારોલી ગામનો શ્રવણભાઈ મફાભાઈ દલિત નામનો ૧૫ વર્ષીય કિશોર શુક્રવારની સવારના સુમારે નારોલી મુકામે યોજાઇ રહેલી ધોરણ-૧૦ની પરીક્ષાના કેન્દ્રની બાજુમાંથી પોતાના ખેતરમાં ટિફિન આપવા માટે જઇ રહ્યો હતો.જોકે પોલીસને તે પરીક્ષાની કાપવા માટે જઈ રહ્યો હોવાની શંકા જતા કિશોરને ભગાડવાના આશયથી છૂટો દંડો ફેંક્યો હતો.જે ઉછળીને તેના માથાના ભાગે વાગતાં શ્રવણભાઈ ને ઈજા થવા પામી હતી. આથી તેના પરિવારજનોએ તેને સારવાર્થે થરાદની સરકારી હોસ્પિટલમાં ખસેડયો હતો. કિશોરના કાકા સેધાભાઇ દલિતે આ અંગે પોલીસમથકમાં જાણ પણ કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

બીજી બાજુ આ બનાવની જાણ થતા સમાજના યુવા અગ્રણીઓ એકઠા થઇ ગયા હતા.તેમણે પોલીસ કર્મી વિરુધ્ધ ગુનો દાખલ કરવાની તજવીજ પણ હાથ ધરી હતી. જોકે પોલીસનો ઈરાદો કિશોરને ઈજા પહોંચાડવાનો ન હતો તેમજ અકસ્માતે બનાવ બનતાં કિશોરને ઈજા થઈ હોવાની પોલીસ કર્મચારીએ ભૂલ સ્વીકારતાં તથા કિશોરના પરિવારે પણ મોટું મન રાખી કર્મચારીને માફ કરી દેતાં આ બાબતે સમાધાન થયું હોવાનું પણ જાણવા મળ્યું હતું.નોંધનીય છેકે આ પોલીસ કર્મચારીએ તાજેતરમાં જ એક દલિત માનસિક અસ્વસ્થ યુવકને બે વર્ષે તેના પરિવાર સાથે મિલન કરાવવામાં પણ ભારે મહેનત કરી હતી.

પ્રમૂખની વીઝીટ દરમ્યાન

વાવ તાલુકા પંચાયતમાં અડધો અડધ સ્ટાફ ગેરહાજર

ગેરહાજર સ્ટાફ વિરૂધ્ધ ડી.ડી.ઓ.ને રીપોર્ટ કરાયો

વિષ્ણુ પરમાર

તા પ્રતિ. વાવ

વાવ તાલુકા પંચાયતમાં પ્રમુખપદે કાંનજીભાઈ રાજપૂતે ચાર્જ સંભાળ્યાં બાદ વહીવટ વેગવંતો બની ગયો છે. ત્યારે ગતરોજ તા.૧૬/૩/૧૮ ના રોજ સવારે ૧૧/૩૦ કલાકે વાવ તાલુકા પંચાયતના પ્રમુખ કાંનજીભાઈ રાજપૂતે કચેરી વિઝીટ દરમ્યાન કચેરીનો સમય ૧૦/૩૦ ના હોવા છતાં ૧૧/૩૦ સુધીની મુલાકાતમાં ૫૦ ટકાથી વધુ સ્ટાફ ગેરહાજર રહેતા પ્રમુખ તેની નોંધ લઈ ડી.ડી.ઓ.ને લેખિત રીપોર્ટ કરતાં અનિયમિત રહેતા કર્મચારીઓમાં ભારે દોડધામ મચી ગઈ છે અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાય સમયથી તાલુકા પંચાયતનો વહીવટ કથળી ગયો હતો. જો કે પ્રમુખની વીઝીટ દરમ્યાન ૧૧/૩૦ ને સમય થવા છતાં કચેરીના જવાબદાર ટી.ડી.ઓ. ના.ટી.ડી.ઓ. અનિયમિત જોવા મળ્યા હતા.

કયા કયા કર્મચારી ગેરહાજર હતા

ટી.ડી.ઓ વાવ બી.ડી.સોલંકી
ના.ટી.ડી.ઓ જે.કે.સોલંકી
વિસ્તરણ અધિકારી બાંધકામ વાઘેલા
હીસાબ નીસ આઈ.આર.ડી.ડી.જે ઓઝા
એ.ડી.એમ કલાર્ક એ.વી.પરમાર
સિ.કલાર્ક કે.સી.ત્રિવેદી
કે.કે.ચાવડા-મિશન મંગલમ્
એચ.કે.ઓડ, વિ.અધિકારી પ્રધાનમંત્રી આવાસ
પી.બી.પટેલ ટેકનીકલ
પી.આર.ઠક્કર ટેકનીકલ એન.આર.જીએ
વી.ડી.મકવાણા ટેકનીકલ એન.આર. જીએ

થરાદની નર્મદા નહેરમાં ઝંપલાવનાર મહિલા સામે હત્યાનો ગુનો નોંધાયો

પ્રતિનિધિ થરાદ

થરાદની નર્મદા નહેરમાં ગુરુવારની બપોરના સુમારે થરાદ તાલુકાના ડેલ ગામની નીતાબેન પ્રકાશભાઈ દલિત (વાણીયા) નામની ૨૨ વર્ષની મહિલાએ પોતાની બે પુત્રીઓ ડીમ્પલ તેમજ અંજલિ સાથે ઢીમા રોડ પાસેથી પસાર થતી નર્મદા નહેરમાં ઝંપલાવી દીધુ હતું.જેના કારણે ડુબી રહેલી ત્રણેય માતા-પુત્રીઓ પૈકી લોકોએ મોટી પુત્રી અંજલી ૪ વર્ષને બચાવી લીધી હતી જ્યારે ૨ વર્ષની નાની પુત્રી ડિમ્પલ નું નીતાબેન સાથે નહેરમાં ડૂબી જવાથી કરૂણ મોત નિપજયું હતું.આ બનાવની ધોરણસર તપાસ થવા માટે તેણીના પિતા ચમનભાઇ મોહનભાઇ ચૌહાણે ગુરુવારે મથકમાં ફરિયાદ નોંધાવી હતી.જ્યારે નીતાબેન પોતાની પુત્રી ડિમ્પલને સાથે લઈને નહેરમાં પડી પુત્રીનું મોત નિપજાવવા બદલ પતિ પ્રકાશભાઈ દલિતે શુક્રવારે થરાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે માતા સામે હત્યાનો ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ હતી.

પાલનપુરમાં લડબી નદીમાં વહેતુ ગટરનું ગંદુ પાણી તાત્કાલિક બંધ કરવા રજૂઆત

સંજય જોષી

પાલનપુર

પાલનપુર નગરપાલિકામાં નવીન બોડીની રચના થાય પછી અડધડ વહીવટને કારણે ઘણા લાંબા સમયથી લડબી નદીમાં એગોલા રોડ વિસ્તારમાં પાલનપુર નગરપાલિકા દ્વારા લડબી ઉડી કરીને ગટરનું ગંદુ પાણી ઠાલવવામાં આવી રહ્યું છે. તેના કારણે લડબીની આજુબાજુમાં આવેલ સોસાયટીઓ જેવી કે હિમાચલ બંગલોઝ, તિરૂપતિ બંગલોઝ, રાજ રેસીડેન્સી, મંગલમ સોસાયટી, ચંદ્રલોક સોસાયટી, ઈન્દ્રપ્રસ્થ, ગોલ્ડનપાર્ક, નંદનવન, અર્પણ પાર્ક, સુદરવન, નક્ષત્ર, હરિસિધ્ધ નગર, ગુરૂકૃપા, શક્તિકૃપા, રામદેવ ટેકરા, સિધ્ધરાજ જયસિંહ નગર, શિખરપાર્ક, તિરૂપતિ સોસાયટી તેમજ અન્ય સોસાયટીના પ્રજાજનો ગંદકીને કારણે ત્રાહીમામ પોકારી ગયા છે.

લડબી નદીના કાંઠે આવેલ સોસાયટીઓના પ્રજાજનોના મકાનોની કિંમત ગંદકીને કારણે લાખો રૂપિયા ઘટી ગઈ છે.ચારેકોર માથા ફાડ દુર્ગંધ પ્રસરવા પામેલ છે. પ્રજાજનોને તીવ્ર દુર્ગંધનો સામનો કરવો પડે છે. ગંદકીના કારણે ગંદકીમાં પેદા થતા ઝેરી માખી, મચ્છરો અને જીવાતોનો ઉપદ્રવ વધી ગયો છે. પ્રજાજનોના જાહેર આરોગ્ય અને સુખાકારીને ભયંકર રીતે નુકશાન થઈ રહ્યું છે.

અનુસંધાન પાના નં.૬

પાલનપુર અને વડગામ તાલુકાઓનો ''દૂધ દિન ઉજવણી અને મહિલા જાગૃતિ કાર્યક્રમ'' યોજાયો

દૂધ- ઘીની જેમ હવે બનાસનું તેલ પણ બજારમાં મુકાશે : શંકરભાઈ ચૌધરી

પાલનપુર

ગુજરાત કો. ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન અને બનાસ ડેરીના સયુંકત ઉપક્રમે પાલનપુર અને વડગામ તાલુકાઓનો દૂધ દિન ઉજવણી અને મહિલા જાગૃતિ કાર્યક્રમ બાદરપુરા ઓઈલ મિલ સંકુલ ખાતે બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

આ પ્રસંગે દૂધ ઉત્પાદક બહેનોને સંબોધતા ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે વિશ્વ ખૂબ ઝડપભેર આધુનિક ટેકનોલોજી સાથે આગળ વધી રહ્યું છે અને જેમાં ડેરી ઉદ્યોગ ક્ષેત્રે વિશ્વના કેટલાક દેશે અગ્રહરોળની ટેકનોલોજી વિકસાવી છે. બનાસકાંઠાના દૂધ ઉત્પાદકો પણ આધુનિક ટેકનોલોજી સાથે જોડાય તે માટે બનાસ ડેરી તરફથી તમામ પ્રકારના પ્રયત્ન કરવામાં આવશે. દુનિયામાં ડેરીને લગતી ટેકનોલોજી પૂરી પાડવા માટે બનાસ ડેરી પ્રતિબદ્ધ છે. આ વર્ષે ૬૫ લાખ લિટર કરતાં વધુ દૂધ સંપાદન કર્યું છે અને એક પણ દિવસ ડેરી બંધ રાખ્યા વિના આટલા મોટા પ્રમાણમાં દૂધના જથ્થાનું સુચારુ રીતે સંચાલન કરી શકયા છીએ તેને એક મોટી સિદ્ધિ ગણાવીને તેના માટે ડેરીના તમામ કર્મચારીગણ,

અનુસંધાન પાના નં.૬

ધાનેરા પોલીસે થાવર નજીકથી વિદેશી દારૂ ઝડપ્યો

૯૬૦૦૦ નો દારૂ તથા ૩ લાખની ગાડી સાથે બે આરોપીની ધરપકડ

એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા પોલીસે વિદેશી દારૂ બોટલ ૭૦૮ કિંમત રૂા.૯૬૦૦૦ તથા ૩ લાખની ગાડી સાથે બે ઈસમોની ધરપકડ કરી હતી.

ટુંકી હકીકત એવી છે કે ધાનેરા પી.આઈ.આર.કે પાઠક તથા દીલાવરખાન, ભેમજીભાઈ વિગેરે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી મળતાં થાવર ત્રણ રસ્તે નાકા બંધી કરી. બાતમી વાળી બોલેરો ગાડીની તલાસી લેતાં ગાડીમાંથી વિદેશી દારૂ પેટી નં.૨૦ બોટલ નં.૭૦૮ કિંમત રૂા.૯૬૦૦૦ તથા ૩ લાખની બોલેરો ગાડી સાથે આરોપી જીતેન્દ્રકુમાર લાખારામ, વાધારામ, મેઘવાળ રહે ચીમનગઢ તા.રાણીવાડા જી.જાલોર રાજસ્થાન તથા અમરતભાઈ હરીરામ ચૌધરી રહે ચીમનગઢ તા.રાણીવાડા રાજસ્થાન વાળા મળી બંને જણની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

થરાદના બુઢણપુર પાસેથી વિદેશી દારૂ ભરેલી સ્કોર્પિયો ગાડી ઝડપાઇ

પ્રતિનિધિ થરાદ

પોલીસસૂત્રોએ જણાવ્યું હતુ કે જિલ્લાની એલસીબી પોલીસ ગુરુવારની રાત્રે થરાદ વિસ્તારમાં દારૂની હેરાફેરીને રોકવા માટે પેટ્રોલિંગમાં હતી. આ વખતે તમને રાજસ્થાનથી એક વિદેશી દારૂ ભરીને ચોક્કસ ગાડી ગુજરાતમાં આવવાની હોવાની ખાનગી બાતમી મળી હતી. આથી તેમણે થરાદ સાંચોર રોડ ઉપર નાકાબંધી કરી વૉચ ગોઠવી હતી. આ વખતે ગુરુવારની રાત્રિના ચાર વાગ્યાના સુમારે એક નંબર વગરની શંકાસ્પદ સ્કોર્પિઓ જીપ આવતાં તેને અટકાવતા અટકાવવા માટે ઈશારો કરતાં તેનો ચાલક પોલીસ ને ઓળખી જતાં ગાડીને ભગાડી મૂકી હતી.આથી પોલીસે તેનો ફિલ્મી ઢબે પીછો કરતાં થરાદ સાંચોર હાઈવે પરના તાલુકાના બુઢણપુર પાસે સ્કોર્પિયો ગાડીનો ચાલક ગાડી મૂકી ભાગી છૂટ્યો હતો.પોલીસે ગાડીની તલાશી લેતાં તેમાં ૮૬૪ નો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.પોલીસે રૂપિયા ૮૬૪૦૦ ની કિંમતનો દારૂ તથા છ લાખની ગાડી મુદ્દામાલ સ્વરૂપે કબજે લીધી હતી.તેમજ ગાડીમાંથી ય્નપઞ્સ ૭૭૬૬ નંબરની નંબર પ્લેટ મળી આવતાં તેને પણ કબજે લીધી હતી.જોકે ગાડીની આગળ પાછળ નંબર પ્લેટ લગાવેલી ન હોઇ પોલીસે સ્કોર્પિયો ગાડીના એન્જિન અને ચેચિસ નંબરના આધારે તેના ચાલક સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

ધોરણ ૧૨ના અર્થશાસ્ત્ર પ્રશ્નપત્રમાં ૧૮૧૪ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપી

ડીસા

રાજયમાં બોર્ડની પરીક્ષા દ્વારા શુક્રવારના રોજ ધોરણ-૧૨ના સામાન્ય પ્રવાહના અર્થશાસ્ત્ર વિષયની યોજાયેલ પરીક્ષામાં કુલ ૧૮૩૪ વિધાર્થીઓ પૈકી ૧૮૧૪ વિધાર્થીઓ હાજર રહ્યા હતા જયારે ૨૦ પરીક્ષાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

જયારે વિજ્ઞાન પ્રવાહના ગણિતના પ્રશ્નપત્રમાં કુલ ૭૮૧ પરીક્ષાર્થીઓ પૈકી ૭૭૯ વિધાર્થીઓ હાજર રહ્યા હતા જયારે ૦૨ વિધાર્થીઓ ગેરહાજર રહ્યા હતા આ ઉપરાંત ધોરણ-૧૦ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં કુલ ૨૩૮૪૦ વિધાર્થીઓ પૈકી ૨૩૨૮૩ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપી હતી જયારે ૫૫૭ વિધાર્થીઓ ગેરહાજર જયારે સંસ્કૃત સાહિત્ય વિષયમાં કુલ ૨૨ વિધાર્થીઓ પૈકી ૧૯ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપી હતી જયારે ૩ વિધાર્થીઓ ગેરહાજર રહ્યા હોવાનુ જિલ્લી કંટ્રોલ રૂમની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

મુંડેઠા પગાર કેન્દ્ર શાળામાં નવિન ફીલ્ટર પ્લાન્ટનું ઉદ્દઘાટન કરાયું

સાદુલસિહ રાઠોડ

પ્રતિનિધિ મુંડેઠા

ડીસા તાલુકાના મુંડેઠા પગાર કેન્દ્ર શાળા માં ભેલ (BHEL) કંપની દ્વારા નવિન (R.O.) પ્લાન્ટનું ઉદ્દઘાટન કરવા માં આવ્યું હતું જેમા કંપનીના મેનેજર મીસ.દુરે. શાહવોરતથા. અન્ય કર્મચારી ગણ મુંડેઠા પગાર કેન્દ્ર શાળા માં હાજર રહી બાળકોને નવિન (R.O) પ્લાન્ટ સમર્પીત કર્યા જે બદલ મુંડેઠા પગાર કેન્દ્ર શાળા ના આચાર્ય હીરેનભાઇ પુરોહિત તથા શાળા સ્ટાફ દ્વારા સુંદર આયોજન કરાયું હતુજેમા શાળા સ્ટાફ તથા આચાર્ય દ્વારા સુંદર આયોજન કરી સ્વાગત કરાયું હતુ જેમા કંપની નો આભાર માન્યો હતોગામ ના સરપંચ એસ.એમ.સી સભ્યો ગ્રામજનો પણ હાજર રહ્યા હતા.

ડીસામાં ચેડીચંડ મહોત્સવની શાનદાર ઉજવણી થશે

વિનોદ બાંડીવાલા

ડીસા

ડીસા ખાતે પૂજ્ય સિન્ધી સમાજ સેવા ટ્રસ્ટ ડીસા દ્વારા ચૈત્ર સુદ-૨ ને તા. ૧૮/૩/૨૦૧૮ ને રવિવારના રોજ તેરમીનાળા ખાતે આવેલ. શ્રી ઝુલેલાલના મંદિરે સવારે હવન બાદ ભોજન પ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવેલ છે. જ્યાં સિન્ધી ભાઈઓનું સારું વર્ષ જાય તેવી શુભકામનાઓ સાથે સાથે ખુબ ખુબ વધાઈ આપવામાં આવે છે. ત્યારબાદ બપોરે પૂજ્ય ઝુલેલાલ, વરૂણ દેવ, ઉડેરોલાલ, જીંદપીર, જયોતિનવારો, લાલ સાંઈની ભવ્ય શોભાયાત્રાની સવારી બપોરે ૩ વાગે તેરમીનાળા મંદિરેથી નીકળી શહેરના મુખ્યરાજ માર્ગો ફરી જલારામ મંદિરે થઈને ડીસા-પાલનપુર હાઈવે ખાતે આવેલ શ્રીમતિ મીરાબેન ભાગચંદાણી સિન્ધુ ભવન પહોંચી ત્યાં સત્સંગ તેમજ ભોજન પ્રસાદ રાખેલ હોઈ દરેક ભાઈ- બહેનોએ મોટી સંખ્યામાં લાભ લેવા અનુરોધ છે.

વાંતડાઉ પ્રા.શાળામાં એસ.એમ.સી અધ્યક્ષનું પ્રેરણારૂપ કાર્ય

વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

રાજયસરકાર દ્વારા પ્રાથમિક શિક્ષણ ની ગુણવતા સુધારવા અને સહયોગ માટે આર.ટી.ઇ ૨૦૦૯ નો કાયદો ધડી દરેક પ્રા.શાળામાં એસ.એમ.સી ની રચના કરી છે જે અંતર્ગત થરાદ તાલુકાની શ્રી વાંતડાઉ પ્રા.શાળામાંઅત્યારે કાગ વીરાજી રુપાજી ના પુત્ર કાગ લાખાજી વીરાજી એસ.એમ સી અધ્યક્ષ હોદ્દા પર છે. જયારે આજે પશ્ચિમી સંસ્કૃતી નું આક્રમણ વધી રહ્યુ છે ત્યારે આપણી ધરોહર અને આપણી વિરાસત એવી ભારતીય સંસ્કૃતી ના મુલ્યો નું બાળકોમાં સિંચન થાય તેમજ વિદ્યાની દેવી સરસ્વતી ની કૃપાદ્રષ્ટી વિદ્યાર્થીઓ પર બની રહે તે માટે આજ શાળાના ભૂતપૂર્વે શિક્ષક ચંદુલાલ ના માર્ગદર્શન હેઠળ રૂ ૭૫૦૦૦/- ના ખર્ચે સરસ્વતી માતાનું આરસપહાણ નું મંદિર બનાવ્યુ અને તા ૧૨/૦૩/૨૦૧૮ ના રોજ મુહર્ત પ્રમાણે યજ્ઞ વિધિ કરી પ્રાણ પ્રતિષ્ઠા કરી હ્તી .જે નિમિતે મોટી સંખ્યામાં ગામલોકો અને આસપાસની શાળાઓમાંથી ગુરૂજીઓ હાજર રહ્યા હતા.તેમજ બાળકોને શીરો અને દાળ બનાવી પ્રસાદ ખવડાવ્યો હતો .વર્તમાન માં જયારે એસ. એમ. સી . અધ્યક્ષ દ્વારા શાળામાં જઇ ખોટી રીતે રોફ જમાવાનો અને કનડગત કરવાની ધટનાઓ સામે આવતી હોય છે ત્યારે રાજસ્થાનની બોર્ડર પર અંતરિયાળ વિસ્તારમાં આવેલી પ્રા.શાળા ના અધ્યક્ષ દ્વારા અન્ય અધ્યક્ષો માટે પ્રેરણારૂપ ઉદાહરણ પુરુ પાડ્યું છે.

ઝેરડા કેદારનગર પ્રાથમિક શાળા સ્વચ્છતા અભિયાનના એવોર્ડથી સન્માનિત

નરસિંહ દેસાઈ

પ્રતિ. વડાવળ

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શાળાઓમાં સ્વચ્છતા અંગે જાગૃતિ વધે અને સ્થાનિક સમુદાયમાં સ્વચ્છતા અંગેની સભાનતા અને સંવદેનશીલતા વધે તે માટે સરકાર દ્વારા જિલ્લા પંચાયતની પ્રાથમિક શાળાઓને શાળા સ્વચ્છતા એવોર્ડ આપવામાં આવે છે. જે અંતર્ગત વર્ષ ૨૦૧૭-૧૮માં શાળા સ્વચ્છતા એવોર્ડ માટે બનાસકાંઠા જિલ્લાની કુલ તાલુકા વાર ૨૮૨ શાળાઓમાંથી ડીસા તાલુકામાંથી કેદારનગર ઝેરડા પ્રથામિક શાળાને શાળા સ્વચ્છતા એવોર્ડ આપવામાં આવ્યો હતો.

આ એવોર્ડ માટે શાળાના આચાર્ય મનિષાબેન પટેલને ભાગ્યભુમિ નભશ્રંદ્વ પાર્શ્વધામ જૈન મંદિર જગાણા તા.પાલનપુર ખાતે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા રાખવામાં આવેલ કાર્યક્રમમાં ચેક, શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવેલ. અને કેદારનગર પ્રાથમિક શાળા ઝેરડાને મળેલ સ્વચ્છતા એવોર્ડ માટે શાળામાં પ્રેરણાદાયક બનાવવા બદલ શાળાના આચાર્ય તેમજ સી.આર.સી પ્રકાશભાઈ દવેએ ઉમદા માર્ગદર્શન તથા શાળાના દરેક સ્ટાફગણે અમુલ્ય ફાળો આપ્યો હતો. અને ઝેરડા પે.કેન્દ્રમાં કેદારનગર પ્રા.શાળાને પ્રેરણાદાયક બનાવી શાળા તેમજ ઝેરડા ગામનું ગૌરવ વધારેલ છે.

ધાનેરા પાલિકા દ્વારા 'પ્રધાનમંત્રી આવાસ યોજના' ની કામગીરી શરૂ

એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા નગરપાલિકા કચેરી ખાતે પાલિકા પ્રમુખ બળવંતજી બારોટ દ્વારા કેન્દ્ર સરકારની 'પ્રધાનમંત્રી આવાસ યોજના' ની વિગતવાર માહિતી અને તેને શહેરી વિસ્તારમાં ટુંક સમયમાં શરૂ કરવા માટેની એક મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

ધાનેરા નગરપાલિકા વિસ્તારમાં રહેતા બી.પી.એલ. રેશનકાર્ડ ધરાવતા ગરીબ પરિવારોને જો મકાન બનાવવા માટે આ યોજના અંતર્ગત રૂપિયા ૩,૫૦,૦૦૦/- ની સહાય મળે છે. જ્યારે મકાન હોય અને તેને રીપેરીંગ કરવા માટે આ યોજના અંતર્ગત રૂપિયા ૧,૫૦,૦૦૦/- ની સહાય આપવાની યોજના છે. જે અંગે આ યોજનાની એજન્સીના અધિકારી ગઢવી ઉપસ્થિત રહી પાલિકાના સભ્યોને વિગતવાર માહિતી આપી હતી અને આ યોજનાનો લાભ લેવા માટે જરૂરી ડોક્યુમેન્ટ વગેરેની બાબત પર ચર્ચા કરવામાં આવી હતી. ત્યારે આ બાબતે પાલિકાના પ્રમુખ બળવંતજી બારોટે જણાવ્યું હતુ કે સરકારની આ યોજનાનો લાભ ગરીબ પરિવારોને વ્યવસ્થિત રીતે મળી રહે તે માટેના તમામ પ્રયત્નો અમારી નગરપાલિકા દ્વારા કરવામાં આવી રહ્યા છે.

ડીસા કોલેજમાં ચેમ્પિયન બનેલ તથા નેશનલ કક્ષાએ રમેલ ખેલાડીઓને ટ્રોફી અપાઈ

ડીસા

ડીસા કોલેજના ખેલાડીઓ હેમ.ઉ.ગુ. યુનિની જુદી જુદી રમતોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ઓલ ઈન્ડીયા તથા વેસ્ટઝોન રમવા દેશના જુદા જુદા રાજ્યોમાં ડીસા કોલેજનું પ્રતિનિધિત્વ કરી નામ રોશન કરતા હોય છે. જેમાં સોલંકી અંજના ફૂટબોલ (ગ્વાલીયરની એમ.પી.), પ્રજાપતિ દિપીકા ફૂટબોલ (ગ્વાલીયર) પ્રજાપતિ મમતા ક્રિકેટ (મુંબઈ), મકવાણા સીમા (મુંબઈ), પરમાર કિંજલ (મુંબઈ), સોફટબોલ માજીરાણા નર્મદા (અમૃતસર), માજીરાણા આશા (અમૃતસર), પઢિયાર મનીષ (અમૃતસર) વડવાસિયા રઘુ ક્રોસકન્ટ્રી દોડ (કર્ણાટક),સૈની ચિરાગ જુડો (ચંદીગઢ), ગોહીલ મીત ક્રિકેટ (ભોપાલ), ખત્રી ચીરાગ ક્રિકેટ (ભોપાલ), ઠાકોર વિજય સોફટબોલ (હરીયાણા) ઠાકોર અલ્પેશ સોફટબોલ (હરીયાણા), ઓડ વિજય સોફટબોલ (રોહતક હરીયાણા),

અનુસંધાન પાના નં.૬

અંબાજીમાં વિશ્વ ગ્રાહક દિનની ઉજવણી

પ્રતિનિધિ દાંતા

રાજ્ય સરકાર તથા શ્રી શક્તિ ખાદી ગ્રામોદ્યોગ સંઘ સંચાલિત ગ્રાહક સુરક્ષા મંડળ દાંતા દ્વારા રાજ્યકક્ષાનો કાર્યક્રમ અંબાજી મુકામે યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમનું સંચાલન વિપુલ ગુર્જર પ્રમુખ શ્રી ગ્રાહક સુરક્ષા મંડળ દાંતા તથા એન.એમ.રાઠોડ નિયંત્રક કાનુની માપ, વિજ્ઞાન અને ગ્રાહક બાબતો દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં નિયામક કા.પા.ગ. પ્રકાશ મકવાણા, નાયબ નિયામક એ.આર. મકવાણા, જિલ્લા પુરવઠા અધિકારી એસ.જે. ચાવડા, પ્રાંત અધિકારી વાઘેલા, તાલુકા વિકાસ અધિકારી ભગોરા, ગાંધીનગર જિલ્લા ગ્રાહક ફોરમના પ્રીતિબેન, ડીસા ગ્રાહક સુરક્ષાના પ્રમુખ કિશોર દવે, વિસનગર ગ્રા.પં. ગોરધનભાઈ અન્ય ગ્રાહક સુરક્ષા મંડળોના પ્રતિનિધિઓ પૂર્ણિમાબેન, મગનભાઈ પાલા, સીરાજ મંસુરી, તુલસીભાઈ, પઠાનભાઈ, જે.સી.માધુ, રાજીવ મહેતા વગેરે મહાનુભાવો હાજર રહેલ. સાથે તાલુકાના વેપારીઓ, અગ્રણીઓ, આઈ.સી.ડી.એસ. વિભાગની બહેનો સખી મંડળની બહેનો, ખેડુતો પણ હાજર રહેલ.

કાર્યક્રમમાં ડીઝીટલ બજારોને ન્યાયી અને પ્રામાણિક સ્થળો બનાવીએ થીમ ઉપર નાગરિકોને શિક્ષણ આપવામાં આવેલ. સાથે ગ્રાહક જાગૃતા, સાવચેતી, ઉપાયો અને ન્યાય માટે તાલુકા લેવલે ગ્રાહક સુરક્ષા મંડળ જિલ્લા ગ્રાહક ફોરમ તથા લગતા વિભાગો જુના માધ્યમથી ન્યાય માટે સલાહ સુચન આપવામાં આવ્યું. કાર્યક્રમમાં ૧૫૦૦ થી ૧૬૦૦ લોકોએ હાજરી આપેલ.

તંત્રી સ્થાનેથી ...

જીવનનું સાચું સુખ બીજાને સુખી કરવામાં છે, બીજાને લુંટવામાં નહીં.

પેટા ચૂંટણીઓમાં ભાજપનો પરાજય પક્ષે આત્મ મંથન કરવું જરૂરી

ઉત્તરપ્રદેશ અને બિહારમાં લોકસભાની ત્રણે બેઠક પર પેટાચૂંટણીના પરિણામ ભાજપ માટે મોટા આંચકારૂપ સાબિત થયા છે. આ ત્રણે બેઠકો પર ભાજપનો કારમો પરાજય થયો, તે બાબતે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષે સમીક્ષા કરવી જોઈએ. સાથે સાથે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે તેમના પોતાના સંસદીય ક્ષેત્ર ગોરખપુર અને નાયબ મુખ્યમંત્રી કેશવપ્રસાદ મૌર્યના સંસદીય ક્ષેત્ર ફુલપુરની પેટાચૂંટણીમાં ભાજપના પરાજય અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે આ પરિણામ ભાજપ માટે બોધપાઠ સમાન કહી શકાય. એક હકીકત છે કે વધુ પડતો આત્મવિશ્વાસ સમગ્ર પક્ષને ડગમગાવી નાંખે તેવી સંભાવનાને નકારી શકાય તેમ નથી.

પેટાચૂંટણીમાં પરાજય સાથે ઈશાન રાજ્યોમાં ભાજપનો વિજયનો નશો હવે ઉતરી જવા પામ્યો છે. ઉ.પ્રદેશમાં એક વર્ષ પહેલાં ભાજપે ૮૦ માંથી ૭૨ બેઠકો આપનારા મતદારોએ ભાજપને રામ રામ કરી દીધા છે. આ એક ગંભીર બાબત કહેવાય. સત્તાધિન સરકારને મારીને જે ફટકો વાગ્યો છે. તે બાબતે ભાજપના નેતાઓએ આત્મમંથન કર્યા સિવાય હવે છુટકો નથી.

ઉત્તર પ્રદેશ અને બિહારમાં ભાજપ દ્વરા કયા પ્રકારનો પ્રચાર થયો કે ભાજપને ત્રણે પેટા બેઠકો ગુમાવવી પડે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહ અને ઉત્તર પ્રદેશ તથા બિહારના ભાજપના અન્ય નેતાઓએ પણ પોતાના મંતવ્યોને પ્રજા સમક્ષ રજુ કરવા જોઈએ. ભાજપની પેટાચૂંટણીમાં હાર થઈ તેથી ઘણા બધા વિપક્ષોનું દિવાસ્વપ્ન સાબું પડ્યું હોય તે રીતે પોતાના મંતવ્યોને આગળ ધપાવી રહ્યા છે. જેમાં ખાસ કરીને તૃણમૂલ કોંગ્રેસના નેતા અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીનું કહેવું છે કે પેટા ચૂંટણીના પરિણામો ભાજપના અંતની શરૂઆત છે. વળી મમતાજીએ આ બાબતે લાલુપ્રસાદ યાદવ, અખિલેશ યાદવ અને માયાવતીને અભિનંદન પણ પાઠવ્યા હતા.. આવી ખુશી મમતા બેનરજીને ક્યારેય મળી નહિં હોય, વળી બિહારમાં પેટા ચૂંટણીમાં ભાજપની હાર થતાં લાલુ યાદવના પુત્ર તેજસ્વી યાદવ ફોમમાં આવી ગયાં છે.

જ્યારે જેલમાં સજા ભોગવતા લાલુ પ્રસાદ યાદવે મમતા બેનરજીને પોતાના જવાબમાં કહ્યું હતું કે, આપણે સાથે મળીને લડ્યા છીએ, લડીશું અને જીતીશું! ભાજપની વિચારધારા ભાજપના નેતાઓના અહંકારને ચકનાચુર કરી દેશે!

જ્યારે સમાજવાદી પક્ષના તેના અને ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવ પેટાચૂંટણીમાં ભાજપના પરાજય સંદર્ભે જણાવ્યું છે કે કેન્દ્ર અને રાજ્ય સરકાર બંને સામે આ જનાદેશ છે. ભાજપના 'બૂરે દિન' લાવવા માટ લોકો હવે સંગઠિત થઈ રહ્યા છે.

કેન્દ્રની ભાજપ સરકારે સત્તાધિન થયા બાદ જે તે નિર્ણયો લીધા છે તે પોતાના હિત તરફના નિર્ણયો માની શકાય. વર્તમાન સંજોગોમાં દેશમાં એટલી બધી પ્રજાકીય સમસ્યાઓ છે કે તેનો ઉકેલ લાવવો મુશ્કેલ છે. છતાં ભાજપ સબ સલામત હોવાના જે દાવો કર્યા કરે તો બરાબર નથી. દેશજનોની સમસ્યાઓ તરફ ભાજપ સરકારે ધ્યાન આપ્યું હોત તો પેટા ચૂંટણીમાં પરાજયનો સામનો કરવો પડ્યો ન હોત! હજુ પણ સમય છે, ભાજપે પોતાની દ્રષ્ટિકોણને બદલવાની જરૂર છે.

કુખ્યાત પુર્વ ડાકુ પંચમસિંહના મતે

મહિલાઓ સાથે દૂરાચાર આચરનારાઓને જીવતા સળગાવી દેવા જોઈએ

મનીષ જોશી

વડોદરા

પ્રજાપિતા બ્રહમાકુમારી સંસ્થાની બહેનોને મળ્યા બાદ પરિવર્તન થતા બન્યા રાજયોગી પંચમસિંહ બાદ પણ બળાત્કારીઓને જીવતા જલાવવાની સજા કરવી જ જોઈએ તેવો મત

પોતાના ગામ છત્રીપુરમા પંચાયતોની ચૂંટણી વખતે તવંગર વિરોધ પક્ષના નેતાએ પંચમસિંહના પિતાને ઢોર માર મારી અને પરિવારના સદસ્યોની સાથે પણ યાતનામય વર્તન કરતા પંચમ ત્રસ્ત બન્યા હતા.અને રોષે ભરાઈને ચંબલના ડાકુઓની સાથે જોડાઈ ગયા.એ પછી ૨૫ જિલ્લાઓમા તેમનો ખૌફ વરતાતો હતો.તેથી તેમને પકડવા સરકારે બે કરોડનુ ઈનામ રાખ્યુ હતુ.છતા પોલીસ પકડી શકી ન હતી.આ શબ્દો છે. એક સમયના ખૂંખાર ડાકુ અને આજના રાજયોગી બ્ર. પંચમસિંહના.

૧૦૦ લોકોને મોતને ઘાટ ઉતારનાર ચંબલ ઘાટીના કુખ્યાત ડાકુમાંથી રાજયોગી બનેલા ૯૬ વર્ષીય પંચમસિંહે "રખેવાળ " ના પ્રતિનિધિને કહ્યું હતુ કે સમાજમા બદલાવ લાવવો હોય તો...બળાત્કારીઓને જીવતા જલાવવાની સજા કરવી જ જોઈએ .

મધ્ય પ્રદેશ સહિત સમગ્ર ભારતમા એકચક્રી શાસન ,એક સાથે ૫૫૬ ડાકુઓના ગિરોહના વડો હોવાથી લોકો થરથર કાપતા હતા.પણ બહેનો,દિકરીઓની અમે ઈજ્જત કરતા હતા. મારા એક ડાકુએ જયારે એક મહિલાની છેડખાની કર્યાનુ મેં જાણ્યુ ત્યારે મે એને સળગાવી દીધો હતો. આજે વધતા જતા બળાત્કારના ગુના અટકાવવા બળાત્કારીઓને જીવતા સળગાવી દેવા જોઈએ.ઍમ રાજયોગી હોવા છતા દઢપણે કહ્યુ હતુ.

આજની સરકાર આ માટે ઉણી ઉતરી હોવાનુ પણ જણાવ્યુ હતુ.સાથે ઉમેર્યુ હતુ કે ગામોના ગામો લૂંટનાર ડાકુ ક્યારેય કરોડપતિ બન્યો નથી.હા ફિલ્મોમા આવી બકવાસ વાત દર્શાવાય છે.

એમના ડાકુ જીવનના ઉતરાર્ધ વિષે કહયુ હતુ કે ' પાપોના પ્રાયશ્ચિત માટે મે અને મારા ૫૨૫ ડકૈતોએ નકકી કર્યુ ત્યારે તે વખતના વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ લોકનાયક જયપ્રકાશ નારાયણને નિયુક્ત કર્યા હતા. એમની સામે અમને ૩૦ વીઘા જમીન મળે.કોઈને ફાંસી ન થાય સહિતની મુકેલી તમામ શરતો ૧૯૭૨ ના વર્ષમા સ્વીકારાય.એટલે શરણાગતિ સ્વીકારતા આઠ વર્ષ જેલમા વિતાવ્યા. જ્યાં પ્રજાપિતા બ્રહ્માકુમારી સંસ્થાના બહેનોના સંપર્કમા આવ્યા બાદ હદય પરિવર્તન થતા પંચમ ડાકુ રૂપી વાલીયાનુ રાજયોગી પંચમસિંહ રૂપી વાલ્મિકિ બની વિવિધ સેવાકિય પ્રવૃતિની સરાહનીય અલખ જગાવી છે. તાજેતરમા તેઓ વડોદરાના પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ વિશ્વ વિધાલયમા પોતાના જીવન કવન અને તંદુરસ્ત આરોગ્ય વિષે મન મુકીને વાતો કરી હતી.કાર્યક્રમનુ આયોજન બી.કે.અરૂણાબેને કર્યુ હતુ. આ દરમ્યાન સંસ્થાના રોહિત સોનીએ દાંત વડે ટ્રક ખેંચી રાજયોગનો મહિમા ગાયો હતો.

'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

વિક્ટોરિયા બિઝનેસ એમ્બેસેડરના રૂપમાં ડૉ. કિરણ મજૂમદાર- શૉની નિયુક્તિ

ઓસ્ટ્રૂલિયાના વિક્ટોરિયા રાજ્યએ ભારત સાથે પોતાના વ્યવહાર અને નિવેશ સંબંધોને મજબૂત કરવા માટે એક અભિયાન શરૂ કર્યું છે, જેમાં ડૉ. કિરણ મજૂમદાર- શૉને વિક્ટોરિયન બિઝનેસ એમ્બેસેડરના રૂપમાં નિયુક્ત કરવામાં આવ્યા છેઆ વર્ષની શરૂઆતમાં, વિક્ટોરિયાએ બાયોટેકનોલોજી અને શિક્ષણ સહિતના મહત્વના ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરીને ભારતના મૂલ્યવાન જ્ઞાન અને વ્યાપાર ભાગીદાર થવા માટે રાજ્યની દ્રષ્ટિથી સ્થાપિત કર્યુ હતું. વિક્ટોરિયાના વ્યાપાર અને નિવેશ મંત્રી ફિલિપ ડાલિદાકિસ આજે ડૉ. મજૂમદાર- શૉને વિક્ટોરિયન બિઝનેસ એમ્બેસેડરના રૂપમાં નિયુકિત થવા માટે બેંગ્લોરમાં મળ્યા હતાં.આ મિટિંગ બેંગ્લોરમાં તાજ વેસ્ટ એન્ડ ખાતે યોજાઈ હતી, જેમાં વિક્ટોરિયાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વિક્ટોરિયન બિઝનેસીઝ અને હિસ્સેદારોએ ભાગ લીધો હતો.વિક્ટોરિયા અને ભારત વચ્ચે ચાલી રહેલા સહયોગમાં વિક્ટોરિયન સરકારે નેશનલ હેલ્થ પ્લાન ૨૦૧૭ માટે મહત્વકાંક્ષી એજન્ડા પર ભારત સાથે કામ કરવાની ઘણી તક મળી છે.

ગીરનાર ચા એ અજય દેવગણની ફિલ્મ રેડ માટે હાથ મિલાવ્યા



ભારતની અગ્રણી એફએમસીજી બ્રાન્ડ ગીરનાર ટી એ અજય દેવગણ અભિનીત બોલિવુડની મોટા બજેટની ફિલ્મ રેડ ના માર્કેટીંગ માટે હાથ મિલાવ્યા છે.આ જોડાણ અંતર્ગત ગીરનાર ટી (ગીરનાર ચા)એ અજય દેવગણ ને લઈને કર્મશિયલ તૈયાર કર્યુ છે. વધુમાં વધુ દર્શકો ધી પહોચવા , બ્રાન્ડ મુવીને કો બ્રાન્ડેડ ટીવીસી થકી તથા પ્રીન્ટ અને આઉટડોર માર્કેટીંગ દ્વારા પ્રમોટ કરી રહી છે. ચા ના મુખ્ય લક્ષણો અજય દેવગણે રેડ ફિલ્મમાં નિભાવેલ ફિલ્મના મુખ્ય કિરદાર જેવા જ છે. ફિલ્મનુ મુખ્ય પાત્ર બ્રાન્ડની મુખ્ય ધારા કડક ચા પ્રેમી ને સુંદરરીતે સાંકળે છે. ગીરનાર ટી ભારતની ચા છે અને દુનયિાભરમાં જાણીતુ નામ છે. આ ફિલ્મનુ મુખ્ય પાત્ર મજબુત અને પ્રમાણીક છે જે સિદ્ધાંતોને વરેલ છે.

સેમસંગે પ્રી-બુક્ડ ગ્રાહકોને ગેલેક્સી જી૯, જી૯+ની ડિલિવરી શરૂ કરી, આવતીકાલથી રિટેલ વેચાણ શરૂ

અમદાવાદ

ભારતની નંબર ૧ અને અતિ વિશ્વસનિય સ્માર્ટફોન બ્રાન્ડ સેમસંગે અમદાવાદમાં પ્રી-બુક્ડ ગ્રાહકોને ગેલેક્સી જી૯ અને જી૯+ની ડિલિવરી શરૂ કરી હતી. પસંદગીનાં ગ્રાહકોને સમારંભમાં બોલીવૂડની પ્રસિદ્ધ અભિનેત્રી ઉર્વશી રાઉતેલાએ આ લેટેસ્ટ મોબાઈલ ફોન સુપરત કર્યો હતો.

ઉર્વશી રાઉતેલાએ કહ્યું હતું કે, "હું છેલ્લાં થોડાં દિવસથી ગેલેક્સી જી૯+નો ઉપયોગ કરું છું અને તેનો રોમાંચક અનુભવ મળ્યો છે. ગેલેક્સી જી૯+ની શ્રેષ્ઠ ફોન છે, જે મારી પર્સનાલિટીને અનુરૂપ છે અને મને ટોળામાં અલગ ઓળખ આપે છે."'"ગેલેક્સી જી૯ અને જી૯+ પોતાનાં સંપૂર્ણપણે નવા ક્લાસનાં સ્માર્ટફોન છે. નવેસરથી પરિભાષિત કેમેરા સાથે હવે ઉપભોક્તાઓ શ્રેષ્ઠ અને ગુણવત્તાયુક્ત ફોટો અને વીડિયો શૂટ કરી શકે છે, જે અન્ય કોઈ પણ સ્માર્ટફોનમાં ન થઈ શકે. સુપર સ્લો-મો અને એઆર ઈમોજી જેવી ઉત્કૃષ્ટ ખાસિયતો સાથે ઉપભોક્તાઓ પોતાને વિશિષ્ટ અને વ્યક્તિગત રીતે વ્યક્ત કરી શકે છે."યુઝર્સ પસંદગીનાં રિટેલ સ્ટોર્સમાં પેટીએમ મોલ ક્યુઆર કોડ સ્કેન કરીને આ મોબાઈલની ખરીદી કરશે, ત્યારે તેમને રૂ. ૬,૦૦૦નું કેશબેક મળી શકે છે. જો ગેલેક્સી જી૯ અને જી૯+ એચડીએફસીનાં ડેબિટ અને ક્રેડિટ કાર્ડ પર 'નો કોસ્ટ ઈએમઆઈ'નો ઉપયોગ કરીને ખરીદ કરશે, તો તેમને રૂ. ૬,૦૦૦નું વૈકલ્પિક કેશબેક મળી શકે છે.

વિકેન્દ્રીત આઈટી સિક્યોરિટી માર્કેટપ્લેસ - પોલિસ્વાર્મ જાહેર ટોકન વેચાણ દ્વારા રુ. ૩૨૫ કરોડ ઊભા કરી રહી છે

વિકેન્દ્રીત આઈટી સિક્યોરિટી માર્કેટપ્લેસ પોલિસ્વાર્મ (www.polyswarm.io) તેના ચાલુ ટોકન વેચાણ (જે ૨૨ માર્ચ ૨૦૧૮ સુધી ચાલુ છે) મારફતે તેની વૃદ્ધિ મૂડી એકત્રિત કરે છે. પોલિસ્વાર્મે તાજેતરમાં તેના નેક્ટર (એનસીટી) ટોકન માટે તેના પ્રાઈવેટ પ્રિ-સેલને સફળતાપૂર્વક બંધ કરી પ્રારંભિક ૧૫ મિલિયન ડોલર્સ તેના વિજ્ઞાન બ્લોકચેન સહિતના ટેકેદારો પાસેથી ભંડોળમાં એકત્રિત કર્યા.

આજે એન્ટિવાઈરસ અને આઈટી સિક્યોરિટી માર્કેટ પર એકમાત્ર વેચાણકારનું વર્ચસ્વ છે જે નવી ઊભી થતી મુશ્કેલી, અવરોધો અને ધમકીઓને ઓળખવામાં થાપ ખાઈ જાય છે. પોલિસ્વાર્મ માહિતી સુરક્ષા નિષ્ણાંતોના વૈશ્વિક સમુદાયને ૮.૫ બિલિયન ડોલરની સાઈબર ધમકી ઈન્ટેલિજન્સ ઈન્ડસ્ટ્રીને આ ઊભરતી ધમકીઓને નાથવાનું પ્રોત્સાહન આપે છે, જે ગ્રાહકોને અને કંપનીઓને અભૂતપૂર્વ ઝડપે અને સચોટતાપૂર્વક આઈટી ધમકીને ઓળખવાની કુનેહ આપે છે. નવીનતા અને સ્પર્ધાત્મક વાતાવરણ પૂરું પાડીને બજાર વપરાશકર્તાઓના હિતોને સાચવવા અને સુરક્ષિત કરવા માટે શ્રેષ્ઠ સક્ષમ છે, તેવા નિષ્ણાતોને બક્ષિસ આપશે.પોલિસ્વાર્મ માર્કેટ નેક્ટર પર ચાલે છે, જે ઈઆરસી૨૦ - સુસંગત યુટિલીટી ટોકન છે જે પોલિસ્વાર્મ માર્કેટ પર ઊભરતા સંભવિત જોખમને ઓળખી તેનું વર્ગીકરણ કરવાનું સરળ બનાવે છે. આ પાછળનો મૂળભૂત આશય સોફ્ટવેર માઈક્રો એન્જિન બનાવવાનો છે જે ધમકીઓને ઓળખવામાં અને તેના સ્પધર્કો કરતા સારો અને ઉત્કૃષ્ટ દેખાવ કરવામાં મદદ કરવાનો છે.

સિગનસ રે-ઝેડઆર ના નવા કલર્સ નવીન ટ્રેન્ડ પસંદ કરતા યુવાનોને ઉત્સાહીત કરશે



યામાહાના નેકસ્ટ જનરેશન રિયલ બોયઝ સ્કૂટર સિગનસ રે-ઝેડઆર (Cygnus Ray-ZR) ના સફળ લૉંચિંગ બાદ ઈન્ડીયા યામાહા મોટર (આઈવાયએમ) પ્રા. લિ. એ તેના પોર્ટફોલિયોમાં નવા કલર્સ રજુ કર્યા છે, જે તેની સ્ટાઈલ અને કુશળતાને વધારે સારા બનાવે છે. તેના બેસ્ટ સેલર ફિચર્સને જાળવી રાખતા નવા વેરિયન્ટમાં આકર્ષકતા સાથે ફ્યૂષચરિસ્ટિક લૂકઅને મોર્ડન સ્વરૂપને અપનાવવામાં આવેલ છે. ડીપકી-સ્કલ્પટેડ અને પાવરફૂલ ફ્રંટ માસ્કના સંતુલન દ્વારા તેની ડિઝાઈન રિયલ બોયઝ સ્કૂટર કોન્સેપ્ટને દર્શાવે છે. ડિઝાઈનમાં શાનદાર લેયર્ડ સ્ટ્રેટ લાઈન અને સ્પીડનો અનુભવ પ્રદાન કરતી ટેલનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સિગનસ રે-ઝેડઆર માં એર કૂલ્ડ, ૪ સ્ટ્રોક, એસઓએચસી, ૨-વાલ્વ,૧૧૩ સીસી નેકસ્ટ જનરેશન એન્જીન ટેકનોલોજી બ્લ્યુ કોર એન્જીનનો પ્રયોગ કરવામાં આવ્યો છે, જે રાઈડિંગનો નવો અનુભવ પ્રદાન કરે છે, ઈંધણદક્ષતા અને પર્યાવરણ માટે પ્રદર્શનને નવીન ઉંચાઈ લઈ જતી ટેકનોલોજી છે.

બેનારા બેરિંગ્સ એન્ડ પિસ્ટન્સ લિમિટેડનો એસએમઈ આઈપીઓ ૧૦ રૂપિયાની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર્સના ૬૦થી ૬૩ રૂપિયા પ્રતિ ઈક્વિટી શેર દીઠ પ્રાઈઝ બેન્ડમાં ૨૦ માર્ચના ખુલશે

BENARA
NARA BEA AND PISTO

અમદાવાદ

બેનારા બેરિંગ્સ એન્ડ પિસ્ટન્સ લિમિટેડ ("કંપની") એન્જિન બેરિંગ્સ, બુશીઝ, પિસ્ટન્સ, પીસ્ટન પીન્સ, પીસ્ટન રિંગ્સ, સિલિન્ડર લાઈનર અને સ્લીવ્ઝ તથા એન્જિન વાલ્ઝના ઉત્પાદન સાથે સંકળાયેલી છે. તે તેની પ્રારંભિક જાહેર ઓફર (આઈપીઓ અથવા ઈશ્યુ) બોમ્બે સ્ટોક એક્સચેંજના એસએમઈ પ્લેટફોર્મ પર લોન્ચ કરશે. આ જાહેર ઈશ્યુ ૨૦ માર્ચ ૨૦૧૮ના રોજ ખુલશે અને તારીખ ૨૨ માર્ચ ૨૦૧૮ના રોજ બંધ થશે. આ ભરણાંમાં કંપનીના ૧૦ રૂપિયાની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર્સ ૬૦થી ૬૩ રૂપિયાના પ્રાઈસ બેન્ડમાં ઓફર કરવામાં આવ્યા છે. આ મુદ્દાના પ્રારંભિક પબ્લિક ઈશ્યુ છે જેમાં ૧૦ રૂપિયા પ્રતિ (ઈક્વિટી શેર્સ)ની ફેસ વેલ્યુ અંદાજે ૫૩,૧૬,૦૦૦ ઈક્વિટી શેર્સ બહાર પાડવામાં આવશે, જે કુલ મળીને (.) લાખ રૂપિયા ઈશ્યુના હશે જેમાંથી ૧૦ રૂપિયાના મુલ્યના ૨,૭૨,૦૦૦ ઈક્વિટી શેર્સને રૂપિયા (.) શેર દીઠ ભાવે ઓફર કરી આશરે (.) રૂપિયા બજારના નિર્માતા દ્વારા સસ્ક્રિપ્શન્સ માટે અનામત રાખવામાં આવશે. (માર્કેટ મેકર રિઝર્વેશનનો ભાગ) અને ૧૦ રૂપિયાના મુલ્યના આશરે ૭૬,૦૦૦ ઈક્વિટી શેર્સ (.) શેર્સ દીઠ રોકડ ભાવે આશરે (.) લાખ રૂપિયાના ઈક્વિટી શેર્સ પાત્ર કર્મચારીઓના સસ્ક્રીપ્શન્સ (એમ્પ્લોઈ રિઝર્વેશન ભાગ) માટે અનામત રાખવામાં આવશે. માર્કેટ મેકર આરક્ષણ ભાગ અને કર્મચારીઓના આરક્ષણ ભાગને બાદ કર્યા પછી ૧૦ રૂપિયાના મુલ્યના ૪૯,૬૮,૦૦૦ ઈક્વિટી શેર્સ રૂપિયા (.) શેર દીઠ રોકડ ભાવે ઓફર કરી (.) લાખ રૂપિયાનો ઈશ્યુ ઓફર કરવામાં આવે છે જે હવેથી નેટ ઈશ્યુ તરીકે ઓળખાશે.દરેક ઈક્વિટી શેર્સની ફેસ વેલ્યુ ૧૦ રૂપિયા છે અને ઈશ્યુ પ્રાઈઝ ઈક્વિટી શેર્સની ફેસ વેલ્યુ કરતા લોઅર પ્રાઈઝ બેન્ડમાં ૬.૦૦ ગણી અને અપર પ્રાઈઝ બેન્ડમાં ૬.૩૦ ગણી છે.

આઈસીઆઈસીઆઈ સીક્યોરિટીઝ લિમિટેડ

અમદાવાદ

આઈસીઆઈસીઆઈ સીક્યોરિટીઝ લિમિટેડ ("કંપની" કે "ઈશ્યૂઅર") એ ૨૨ માર્ચ, ૨૦૧૮ને ગુરુવારનાં રોજ કિંમત પર કેશ માટે શેરદીઠ રૂ. ૫ની ફેસ વેલ્યુ ધરાવતા ૭૭,૨૪૯,૫૦૮ ઈક્વિટી શેરનો આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઓફર) લાવવાની દરખાસ્ત રજૂ કરી છે, જેમાં આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ ("પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર") દ્વારા ૭૭,૨૪૯,૫૦૮ ઈક્વિટી શેર સુધીનાં વેચાણ માટેની ઓફર મારફતે શેર પ્રીમિયમ ("ઓફર") સામેલ છે, જેમાં શેર પ્રીમિયમ સહિત કિંમત પર રોકડ માટે આઈસીઆઈસીઆઈ બેંક શેરધારકો દ્વારા ખરીદી માટે ૩,૮૬૨,૪૭૫ ઈક્વિટી શેર સુધીનું રિઝર્વેશન સામેલ છે ("આઈસીઆઈસીઆઈ બેંક શેરહોલ્ડર્સ રિઝર્વેશન પોર્શન"). ઓફરમાં પોસ્ટ-ઓફર પેઈડ-અપ ઈક્વિટી શેર કેપિટલનો ૨૩.૯૮ ટકા હિસ્સો અને ચોખ્ખી ઓફર (ઓફરમાં "આઈસીઆઈસીઆઈ બેંક શેરહોલ્ડર્સ રિઝર્વેશન પોર્શન"ને બાદ કરતાં) પોસ્ટ-ઓફર પેઈડ-અપ ઈક્વિટી શેર કેપિટલનો ૨૨.૭૮ ટકા હિસ્સો સામેલ છે.ઈક્વિટી શેરદીઠ પ્રાઈઝ બેન્ડ રૂ. ૫૧૯થી રૂ. ૫૨૦ નક્કી કરવામાં આવી છે. બિડ્સ લઘુતમ ૨૮ ઈક્વિટી શેરનાં લોટ માટે અને પછી ૨૮ ઈક્વિટી શેરનાં ગુણાંકમાં થઈ શકશે. બિડ/ઓફર ૨૬ માર્ચ, ૨૦૧૮ને સોમવારે બંધ થશે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઓફરનો ગાળો ૨૧ માર્ચ, ૨૦૧૮ એટલે કે બિડ/ઈશ્યૂ ખુલવાની તારીખનાં એક દિવસ અગાઉ રહેશે. ૧૩ માર્ચ, ૨૦૧૮નાં રોજ પ્રસ્તુત રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સ ("આરએચપી") મારફતે ઓફર થયેલા ઈક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઈ અને એનએસઈ પર થશે.

શંકર મહાદેવન હેમંત અને અક્ષર બ્રધર્સને આવી રહેલ ફીચર ફિલ્મ–સૂરમામાં ગાવાની સોનેરી તક આપે છે

લાઈવ સિંગિંગ રિઆલિટી શો રાઈઝિંગ સ્ટાર ૨ માં નિષ્ણાંતોમાંના એક એવા શંકર મહાદેવને પ્રતિસ્પર્ધીઓ હેમંત બ્રિજવાસી અને અક્ષર બ્રધર્સ (સશેહનાઝ અને સાહિલ)ને એક સોનેરી તક આપી છે. હેમંત બ્રિજવાસી અને અક્ષર બ્રધર્સે રાઈઝિંગ સ્ટાર પર પ્રતિસ્પર્ધીઓમાંના એક બનવા એક પછી એક પાવર પેકડ પરફોર્મન્સ આપ્યાં છે. તેઓની પ્રતિભા વણ નોંધાયેલ નથી રહી, અને નિષ્ણાંત શંકર મહાદેવને તેઓને આવી રહેલ ફીચર ફિલ્મ 'સૂરમા'માં ગાવાની એક સોનેરી તક આપી છે જેમાં મુખ્ય ભૂમિકામાં દિલજીત દોસાંઝ છે જે પોતે પણ રાઈઝિંગ સ્ટાર-૨ પર નિષ્ણાંતોમાંના એક છે.મૂવીનું સંગીત શંકર–અહેસાન–લોય દ્વારા આપવામાં આવેલ છે અને બોલ ગુલઝાર દ્વારા લખવામાં આવેલ છે. ગીતનું રેકોર્ડિંગ આ અઠવાડિયે થશે. શંકર મહાદેવન માટે ગાવા બાબતે પ્રતિસ્પર્ધીઓ અને તેઓના માતા–પિતા ખૂબ જ ખુશ અને આનંદિત છે.શંકર મહાદેવન કહે છે, "હેમંત બ્રિજવાસી અને અક્ષર બ્રધર્સ અત્યંત પ્રતિભાશાળી છે. બે મહિના કરતાં વધારેથી તેઓને મેન્ટર કરવાથી, મેં તેઓના પરફોર્મન્સિને દરરોજ વધુ સારા થતાં જતાં જોયેલ છે. અહેસાન, લોય અને હું, આવી રહેલ ફીચર ફિલ્મ 'સૂરમા' માટે અમે કંપોઝ કરેલા અને ગુલઝાર દ્વારા લખવામાં આવેલ ગીતને માફકસર અવાજની શોધ–ખોળ કરી રહ્યાં હતાં. હું ખૂબ જ આનંદિત છું કે રાઈઝિંગ સ્ટાર- ૨ ના પ્રતિસ્પર્ધીઓ હેમંત અને અક્ષર બ્રધર્સ સાથે અમારી શોધ પૂરી થયેલ છે અને મને ખાતરી છે કે તેઓ ગીતને પૂરતો ન્યાય આપશે."વધુ જાણવા માટે, રાઈઝિંગ સ્ટાર- ૨ સાથે જોડાયેલા રહો દર શનિવાર અને રવિવાર રાત્રે ૯-૦૦ કલાકે ફક્ત કલર્સ પર!

આસારામ આશ્રમની સંવેદનશીલ બાબતની ચર્ચા વિધાનસભા ગૃહમાં થવી જોઈએ

આસારામ આશ્રમમાં બે બાળકોના મૃત્યુ પછી પોલીસમાં શ્રધ્ધા ન હોય તે માટે કમિશનની રચના કરવામાં આવી હતી અને કયા કારણોસર ઈન્કવાયરી એક્ટની જોગવાઈ મુજબ આ અહેવાલ ગૃહમાં છ માસમાં રજૂ કરવો પડે તેમ છતા રજૂ કરાતો નથી તે અહેવાલ મૂકવાની બાબત વિચારણા હેઠળ હોવાનું સરકાર કહે છે તો વિચારણા યુગો યુગો સુધી ચાલશે તેવુ લાગી રહયુ છે, તાંત્રિક વિધિ માટે બે બાળકોનો ભોગ લઈને હત્યા કરાઇ છે ત્યારે આટલી સંવેદનશીલ બાબત છે તેનો અહેવાલ આ સત્રમાં જ સરકારે ગૃહમાં મૂકવો જોઇએ.

આસારામ માટે કેટલી હમદર્દી છે કે પંચે આપેલો આસારામ આશ્રમનો અહેવાલ ગુજરાતની જનતા જાણવા માગે છે છતાં છુપાવો છો. આ કેસના આરોપીઓ આજે છૂટી ગયા છે અને આસારામને છાવરવાનું કામ સરકાર કરી રહી હોય તે દેખાઇ રહ્યું છે. તે રીતે ખોટુ થયું હોય તેના તમે પણ ભાગીદાર છો.

પ્રભુદાસ પટેલ પાટણ

૧૮ માર્ચે નરોડા પાટીયાથી 'ચેટીચંડ'ની શોભાયાત્રા નિકળશે

ચેટીચંડ સિંધી ફેસ્ટિવલ કલ્ચરલ કમીટી, ચેટીચંડ ડે કમીટી અને ચેટીચંડ મેલા કમીટીના સંયુક્ત ઉપક્રમે આગામી તા.૧૮/૩/૨૦૧૮ રવિવારના રોજ "સિંધી સમાજ"નું નવું વર્ષ એટલે ઈષ્ટ દેવતા ભગવાન પૂજ્ય ઝુલેલાલ નો જન્મ દિવસ "ચેટીચંડ" ચૈત્ર સુદ બીજ ના શુભ દિવસે છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ નરોડા પાટીયાથી સરદારનગર સુધી એક ભવ્ય શોભાયાત્રા (સરઘસ) નીકળશે, બપોરે-૨૦૦ વાગે આ શોભાયાત્રાનો પ્રારંભ રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને સિંધી સમાજના સંતો સાંઈ સંજયકુમાર મસંદ અને સાંઈ મોનુરામ દ્વારા લીલી ઝંડી બતાવીને પ્રસ્થાન કરવામાં આવશે.

આ અંગેની માહિતી આપતા કન્વીનર બલરામ થાવાણી (ધારાસભ્ય નરોડા વિધાન સભા), મનોજ કુકરાણી અને પૂર્વ ધારાસભ્ય ગોપાલદાસ ભોજવાણીએ જણાવ્યું હતું કે આ શોભાયાત્રામાં શણગારેલી ટ્રકો જુદી જુદી ઝાંકીઓ, જેમ કે બેટી બચાવો, બેટી પઢાઓ, ભ્રષ્ટાચાર, દહેજ વગેરે અલગ અલગ સંદેશો આપતી ઝાંકીઓ હશે, એ સિવાય શિવ-પાર્વતી, ભગવાન ઝુલેલાલ તેમજ જુદા જુદા વિષયો ઉપર ઝાંકીઓ હશે, ઉપરાંત બહેરાણા સાહેબ છે જ (સિંધી લોક નૃત્ય) જુદા જુદા કરતબો કરતા યુવાનો, ડી.જે.બેન્ડબાજા સાથે આ શોભાયાત્રામાં હશે.

આ શુભ પ્રસંગે સિંધી સમાજના સામજીક કાર્યકરો, વેપારીઓ રાજકીય આગેવાનો તેમજ જાહેર જનતા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

આ શોભાયાત્રામાં ૧૦૦ થી વધુ ટ્રકો, ઝાંકીઓ, બેન્ડ બાજા, ઉંટ ગાડીઓ, બહેરાણા સાહેબ વગેરે જોડાશે.

આ શોભાયાત્રા નરોડા પાટીયા થઈને કુબેરનગર રેલ્વે ક્રોસીંગ, રાજાવીર સર્કલ, જી-વોર્ડ, માયા સિનેમા રોડ, કોતરપુર, હાંસોલ, ભીલવાસ, આંબાવાડી, સરદારનગર, સરદાર પટેલ સાહેબના પ્રતિમા થઈને રણમુક્તેશ્વ મંદિર થઈને સાબરમતી નદીમાં લાલસાંઈની જ્યોત પરવાન કરવામાં આવશે.

આ શોભાયાત્રાનો ઠેર-ઠેર ભવ્ય સ્વાગત કરવામાં આવશે તેમજ શરબત, પ્રસાદી, પાણી અને છાશનું પણ વિતરણ કરવામાં આવશે.

વાણીનો યોગ્ય સમયે વિવેકપુર્વક ઉપયોગ કરીએ

મૌનની શક્તિ અનન્ય છે તેનો મહીમા ન્યારો છે તે નાજુક સંબંધોને ઘનિષ્ટ બનાવે છે. ઉભા થયેલા કલહો મૌનથી વીરામ પામે છે.એક વ્યક્તિનું મૌન બીજાના આવેશને ઠંડો પાડે છે. ગુસ્સો એ તો ક્ષણિક ઉભરો છે આ ઉભરા વખતે મૌન જાળવવું એ ખરી કસોટી છે. ઉશ્કેરણી વખતે મૌન રાખવામાં આવે તો પ્રશ્નોનું નિરાકરણ સહજ રીતે ઉકેલી શકાય છે. વડીલો કહે છે કે ઉગ્ર વાતાવરણ કે જીભાજોડી વખતે ગમ ખાતા શીખો, ખામોશી રાખો જેમ કમાનમાંથી છુટેલું બાણ પાછું વળતું નથી તેમ બોલવામાં વેડફાયેલી શક્તિ પાછી મળતી નથી. ચીની ભાષામાં પણ એક કહેવત છે કે બોલાયેલા શબ્દોના તમે ગુલામ છે જ્યારે નહીં બોલાયેલા શબ્દોના તમે માલિક છો.

શબ્દોનો વિવેકપુર્વક ઉપયોગ કરે છે તેવા સફળ માણસો પોતાની સિદ્ધિનાં બણગાં ફુંકતાં નથી. જ્યારે કટુવાણી માણસના મનને વીંધી નાખે છે અને શબ્દોના ઘા લાંબા સમય સુધી રૂઝાતા નથી. માણસના હાથ હટતાં જીભ સંબંધોને વધુ બગાડે છે. શબ્દો શણગારી શકે છે અને સળગાવી પણ શકે છે. દ્રૌપદીએ કહ્યું હતું 'આંધળાના દિકરા આંધળા જ હોય' ગમે તેમ બોલીને વાણીથી શક્તિનો વ્યય કરશો તો મહાભારત સર્જાશે. પાણીનો જેમ વાણીનો પણ દુરૂપયોગ ન કરાય. દરેક વ્યક્તિએ મૌનની શક્તિને પીછાણવી જોઈએ. મૌનના પ્રભાવથી માનસિક અને બૌધ્ધિક શક્તિ વધે છે.

મૌન તે લોકોનું પરમ ભુષણ છે જેઓ મીઠી વાણી અને મધુરતાથી બીજાનાંમન જીતી લે છે. ગમતાં શબ્દો કહો તો બધાને ગમે પણ એનો અર્થ એ નથી કે ખુમારીને ખુવાર કરી ભાટચારણની ભૂમિકા અદા કરવી. સાચી વાત વિવેકપૂર્વક ન કહેવામાં આવે તો તે વ્યક્તિ ડરપોક અને કાયર કહેવાય. ઉચિત સમયે ઉચિત વાત કરીએ તો કાર્ય સિદ્ધ થાય છે. રાષ્ટ્રસંઘ અને ધર્મશાસનના હિતની વાત આવે ત્યારે તો દરેક વ્યક્તિએ ખુલ્લેઆમ ભલેને લોકોને અણગમતી વાત લાગતી હોય તો પણ સાચી વાત અચકાયા વગર કરવી જ જોઈએ. આવે વખતે મૌન રહો (પાળો) તો જીવમાત્રને, જગતને અને ધર્મશાસનને નુકશાન થવાનો સંભવ છે.

'ન બોલવામાં નવ ગુણ' કહેવત છે તેમ 'બોલે તેનાં બોર વેચાય' એ પણ કહેવત છે. સેલ્સમેન તથા વેપાર વાણિજ્યમાં મૌન ન પળાય ત્યારે તો વ્યવહાર કુશળ બનવાની જરૂર છે.મૌન સર્વાર્થ સાધનમ્ એટલે કે મૌન સર્વહેતુઓ સિદ્ધ કરે છે, પણ સાથે સાથે જરૂર પડે યોગ્ય સમયે યોગ્ય રીતે વાણીનો ઉપયોગ ન કરીએ તો તે પણ અનુચિત જણાય છે.

-સેવંતી મ. સંઘવી (થરાદ)

કિલ્લોલકુંજ
બાળકોને આનંદ કિલ્લોલ કરાવે...
ગમ્મત સાથે જ્ઞાન પીરસે...
અને કવિતાઓ માટે 'કલમપ્રસાદી' વિભાગ પણ ખરો...

મહેશ અને રાકેશ ઝઘડતાં હતાં. મહેશે કહ્યું, ખબરદાર, પેટમાં એવી લાત મારીશ કે દાળભાત બહાર નીકળી જશે.

રાકેશ: પણ આજે તો મેં કઢી ખીચડી ખાધી છે.

૦૦૦૦

પપ્પા : પપલુ મારાથી તું તારો પરીક્ષાનો રીપોર્ટ કેમ છુપાવતો ફરે છે ? શું બધા વિષયમાં નાપાસ થયો છે ?

પપલુ : પપ્પા તમે જ તો કહ્યું હતું કે બે રોટલી પચાવે છે તો બે વાતો પચાવવાનું પણ શીખ.

`૦૦૦

તારી બહેનની ઉંમર કેટલી છે ?

ચમેલી : પચીસ વરસ.

ચંપા: પણ એ તો વીસ વરસની છે એમ મને કહેતી હતી.

ચમેલી : હા.. એ પાંચ વરસની થઈ એ પછી જ એ ગણતરી કરવાનું શીખી હતી..

૦૦૦

મહેશ : આપણે જીવનમાં દરેક વાત માટે ઈશ્વરનો આભાર માનવો જોઈએ.

રાકેશ: પણ હું તો માથાથી પગ સુધી દેવામાં ડુબેલો છું. લેણદારો મને પરેશાન કરી રહ્યા છે. દેવું ચુકવવા માટે મારી પાસે એક પૈસો પણ નથી અને હું કઈ રીતે ઈશ્વરનો આભાર માનું ?

મહેશ : કઈ રીતે એટલે ?તેં કોઈને ઉધાર નથી આપ્યા એ રીતે ?

૦૦૦૦૦૦૦૦૦

મધુવન

'પ્રેમ છે એની શરૂઆત ગમે ત્યાંથી કરો,
એમાં આરંભ જરૂરીનથી છેડા માટે'

ગુજરાતના ગાલીબ ગણાતા ગઝલ સમ્રાટ સ્વ.'મરીઝ' ના આ શીર્ષક શે'ર માં પ્રેમની શરૂઆત વિશે વાત થઈ છે. આચાર્ય રજનીશજીએ પ્રેમ વિશે કહ્યું છે કે મનુષ્ય જાતિની મોટામાં મોટી ભુલોમાં એક ભુલ એ છે કે દરેક વ્યક્તિ એવું વિચારે છે કે પ્રેમ કરવાની ક્ષમતા એને જન્મથી જ મળેલી છે. આ માન્યતાથી ભુલથી જેટલું નુકશાન થયું છે એટલું બીજી ભુલોથી નથી થયું. આજનો માણસ એનો પુરાવો છે. જો જન્મથી બધામાં પ્રેમ કરવાની ક્ષમતા મળી જતી હોત તો આજના માણસો આટલો ક્રુર અને ઘૃણાથી ભરેલો કઈ રીતે હોઈ શકે ?

'મેં એનો પ્રેમ ચાહ્યો બહુ સાદી રીતથી,
નહોતી ખબર કે એમાં કલા હોવી જોઈએ'

મરીઝનો આ શે'ર એટલે જ ખુબ પ્રખ્યાત છે. કેમ કે એ આપણને પ્રેમ કરવાની સાચી કલા શીખવે છે. પ્રેમ પણ શીખવો પડે છે, પ્રેમ એક અદ્‌ભુત કલા છે. પ્રેમથી સુક્ષ્મ કોઈ કલા આ જગતમાં નથી. પ્રેમથી વધારે અદ્રશ્ય કોઈ શિલ્પ નથી. ખુબ સુક્ષ્મ કલા છે. રજનીશજી કહે છે કે તમે ધીમે ધીમે શીખશો તો જ ખ્યાલમાં આવશે, આ પ્રેમ ગીતને ગાવા માટે કંઠની સાધના કરવી પડે છે તમે તમારા ગળાથી, કંઠથી એને ગાઈ નહીં શકો, નહીંતર ગીત મરી જશે.

'આ પ્રેમનો વિષય મને કંઠસ્થ છે મગર
બે ચાર શબ્દો બોલતાં થાકી જવાય છે'

સંવેદનશીલતા જેટલી વધારશો એટલી જ તમારી પ્રેમ કરવાની કલા વિકસતી જશે. વૃક્ષની પાસે જાઓ, અને ગળે લગાડો કોઈ વ્યક્તિને ગળે લગાડવા કરતાં આ વધારે સરળ છે. કારણ કે વ્યક્તિની સાથે એનો અહંકાર હોય છે. એ કયારે ઈન્કાર કરી દે એનું કોઈ નક્કી નથી. એમાં અસ્વીકારની ભીતી છે. કયાંક એવું ય બની શકે છે કે આવા પ્રેમનું નિવેદન લઈને જાવ અને વ્યક્તિ એમ પણ કહી દે અરે આ શું માંડયું છે ? પ્રેમનો ભય છે આ તમે કોઈને ગળે લગાડવા જાવ અને એ દુર ખસેડી મુકે તમને બાળક વારંવાર માની સાડી ખેંચે છે એ પ્રેમનું નિવેદન લઈને આવે છે પણ મા એને વારંવાર કહે છે મુક દુર જા એ હજી નારાજ છે. પતિથી ઝગડો થયો છે અથવા બીજી કોઈ સમસ્યા છે. બીજી વાર બાળક મા પાસે જતાં ભય અનુભવશે એ સાડીનો છેડો પકડવાનું વિચારશે પણ શું ખબર મા ફરી ઈન્કાર કરી દે તો.. પ્રેમનો કોઈ ઈન્કાર કરી દે એનાથી મોટી પીડા આ જીંદગીમાં બીજી કોઈ નથી.

'જો શોખ હો તો કે, તને કામે લગાડીએ,
આ પ્રેમરસ છે, થોડો તને પણ ચખાડીએ'

'મરીઝ' પ્રેમરસને ચાખવાની વાત કરે છે. આચાર્ય રજનીશજી કહે છે કે, એકવાર તમે આ રાજ જાણી લીધું છે કે પ્રેમની મજા આપવામાં આવે છે ત્યારે તમે ચકીત થઈ જશો. હજારો દિશામાંથી હજાર ગણો પ્રેમ તમને મળશે, કારણ કે દરેક વ્યક્તિ તૈયાર છે કે કોઈ એને પ્રેમ કરે તો એનાથી વધારે એને પ્રેમ કરે પણ આવું થતું નથી. કેમ કે એ પણ કરે છે. જેમ આપણે ડરેલા છીએ પરંતુ એકવાર આપવાનું શરૂ કરો તમને હજારગણો વળતો મળવાનું શરૂ થઈ જશે.

'એક જ જવાબ દે, મારો એક જ સવાલ છે,
આ જ મારા પ્રેમ વિશે તારો શું ખ્યાલ છે ?'

જલદી કરો, પ્રેમને બોલાવો અને એને તમારા ઘરમાં, હાસ્યમાં સ્થાપિત કરો અને પ્રેમને વધારવા માટે જે કંઈ કરવું પડે એ બધું જ કરો. જેનાથી પણ સહાયતા મળે એ બધું જ કરો એવું કશું જ ના કરો કે જેનાથી પ્રેમ ઘટવા લાગે. કેમ કે મોહમંદ માંકડે એક જગ્યાએ લખ્યું છે કે, ચંદ્ર જ્યારે વધતો નથી ત્યારે ઘટે છે પ્રેમનું પણ એવુ ંજ છે. જ્યારે વધતો નથી ત્યારે ઘૃણા વધે છે, નફરત વધે છે, દ્વેષ વધે છે અહંકારી લોકોએ આજે ચોમેર પ્રેમની સંભાવના જ નષ્ટ કરી મુકી છે. અંતે વધુ એક શે'ર મરીઝ' નો..

'હા, સૌને પ્રેમ કરવાને લીધો તો મેં જન્મ
વચમાં તમે જરાક વધારે ગમી ગયા'

ધેંગાભાઈ એન'સરહદી' મુ.પો.ટડાવ, તા. (વાવ)
મો. ૯૪૨૭૬૪૪૬૧૧

ક્રોધાગ્નિ

એક સાધુ હતા તે એક દિવસ ક્રોધ કેવો ખરાબ છે તે લોકોને સમજાવતા હતા. 'ભાઈઓ ક્રોધ એ અગ્નિ જેવો છે જેમ આગ આશ્રય આપનારને બાળે છે અને પોતાની આસપાસ જે કંઈ હોય તેને પણ તપાવે છે અને એના સંબંધમાં આવનાર અન્યને પણ બાળે છે. માટે સૌએ સાવધ રહીને ક્રોધને જીતવાનો પ્રયત્ન કરવો જોઈએ'

સાધુ સાથે સત્સંગ કર્યા બાદ થોડીવાર પછી લોકો પોત પોતાના ઘેર ચાલ્યા ગયા. માત્ર સાધુ જ એકલો બેઠો હતો. એવામાં ત્યાં એક માણસ આવ્યો. તેણે કહ્યું, મહારાજ ! થોડો દેવતા આપશો?'

સાધુની ઝુંપડીમાં અંગાર નહોતો તેથી તેઓ બોલ્યા, ના ભાઈ અગ્નિ તો બુઝાઈ ગયો છે મારી પાસે નથી.

પરંતુ પેલો માણસ ફરીથી બોલ્યો, 'મહારાજ હશે, જરા જુઓ તો ખરા. થોડો પણ હોય તો મને આપોને.'

આ સાંભળીને સાધુનાં ભવાં ચઢી ગયાં અને મોટા અવાજે કહ્યું, અરે સાંભળતો નથી ? એકવાર તો કહ્યું કે મારી પાસે અગ્નિ નથી તો પછી શા માટે નકામી જીદ કરે છે ?

સાધુની વાત સાંભળીને પેલી વ્યક્તિ બોલી, અરે મહારાજ, રાખ જેવામાં દબાયેલી ધુણીમાં આગ તો દેખાય છે અને તમે મને એમ કહો છો કે મારી પાસે અગ્નિ નથી ! થોડોક અગ્નિ આપતાં શું થઈ ગયું ?હવે સાધુના ગુસ્સાનો પાર ના રહ્યો અને ક્રોધમાં આવીને બોલ્યો, કેવો માણસ છે તું ? હું તને વારંવાર કહું છું કે મારી પાસે અગ્નિ નથી તોયે તું માગ્યે જાય છે. ચાલ્યો જા.. અહીંથી નહીંતર...આ સાંભળીને પેલો માણસ પાછો કહેવા લાગ્યો કે, અરે મહારાજ ! જુઓ તો ખરા. હવે તો ધુમાડો નીકળવા લાગ્યો થોડી આગ તો આપો !'

હવે સાધુની મિજાજ ખસી ગયો. તેણે હાથમાં ચીપીયો લીધો અને આસન પર ઉભો થઈ ગયો અને તે બોલ્યો, અરે મૂર્ખ જાય છે કે નહીં, અહીંથી ? નહીંતર હમણાં જ તને સીધોદોર કરી નાખીશ.. એટલે પેલો માણસ હસતાં હસતાં બોલ્યો મહારાજ હવે તો આગ પણ સળગવા માંડી છે અને તેમાંથી તણખા પણ ઉડી રહ્યા છે. જો તમારી પાસે ક્રોધ રૂપી અગ્નિ ના હોત તો આમ શી રીતે થાત ?

આટલું બોલીને પેલી વ્યક્તિ ત્યાંથી જતી રહી.

થોડીવાર પછી પેલા સાધુને વિચાર આવ્યો ત્યારે એને સમજાયું કે પોતાનામાં રહેલા ક્રોધને જ પેલો ચતુર માણસ આગ કહેતો હતો. સાધુ પોતે પોતાના કરેલા કાર્ય પર શર્મીંદા બની ગયો.

કમલેશ કંસારા

અડવો અગડબગડ

અડવો આજકાલ કહેવતોની અવનવી તોડફોડમાં પડયો હતો. બસ કોઈ કહેવત હાથ લાગી જવી જોઈએ, સાંભળવી જોઈએ અને પછી ચાલુ થઈ જતો.

આ બાબતે શાળાના સાહેબે સખત શબ્દોમાં સુચવ્યું હતું. 'અલ્યા અડવા, ભણવામાં ઢબુ પૈસાનો ઢ છે. પણ કહેવતો બગાડવામાં તારી હોંશિયારી કામ નહીં લાગે તેં બગાડેલી બદલી નાખેલી કહેવત કશાય ચલણમાં ચાલશે નહીં..' સાહેબ કહેતા.

પણ અડવો માને તો ને ?

ગુજરાતીના ગજાનંદ સાહેબે કહેલું, 'અડવા ભૈ, કહેવતો બગાડવા પાછળ તમારૂં ભેજું બગાડો છો. એના કરતાં એટલું મન ભણતરમાં ભેળવો તો વાર્ષિક પરીક્ષામાં ભયોભયો થઈ જાય.

સાહેબ સાચી શિખામણ આપતા.. પણ અડવો એમ શાનો સ્વીકારે ?

ઘરના તમામ સભ્યોએ પણ કહ્યું હતું તારે કહેવતો બાબતે કશો કલબલાટ કરવો નહીં, અમોને ખબર છે તારી બુધ્ધિ આજકાલ શામાં વધારે દોડે છે ?

શાળાવાળા જાણતા હતા, ઘરવાળાને ખબર હતી.

ગુજરાતીના ગજાનંદ સાહેબે એમના નિબંધના તાસ દરમિયાન આવીને છોકરાને કાળા પાટીયા પર લખીને કામ આપ્યું, એમણે કહેવત લખી..

હિંમતે મરદા તો મદદે ખુદા.. અડવાએ વાંચી, એણે ચપટી વગાડી.. સાહેબ સમજાવવા માંડયા.

માણસે ગભરાયા વિના હિંમત રાખીને કાર્ય કરવું જોઈએ. આ વખતે ખુદા અર્થાત ઉપરવાળો ઈશ્વર એને જરૂરથી મદદ કરે છે. સાહેબ સમજાવવા માંડયા.

માટે હિંમત દાખવનારા માણસોની વહારે ઉપરવાળો આવે છે. જીવનની એકે ક્ષણે, હિંમત છોડી પીછેહઠ કરવાવાળાને પાછળથી પસ્તાવું પડે છે.

ત્યાં તો અડવો ઉભો થયો સાહેબ હું સવાલ પુછવા માગુ છું.. એણે કહ્યું, સાહેબને જાણ હતી જ કે નક્કી અડવો અવળચંડાઈ આચરશે એટલે એમણે એને ચુપચાપ બેસી જવાનું કહ્યું.

વર્ગમાં હો હો મચી. અડવાએ એક વાર આચાર્ય આગળ જઈને ગુજરાતીના ગજાનંદ સાહેબની ફરીયાદ કરતાં કહ્યું, 'હું જ્યારે જ્યારે કાંઈક પુછવા જાઉં છું ત્યારે ત્યારે સરખી રીતે સમજાવવાને બદલે ધમકાવીને બેસાડી દે છે..

અને પછી આચાર્ય સાહેબે ગજાનંદ સાહેબને સુચવેલું, 'બાળક છે એને કુતુહલ થાય એ બનવાજોગ છે. એને ધમકાવીને બેસાડી દેવા કરતાં શાંતિથી સમજાવવો. એ એક જુની વાત હતી.

કલાસ મધ્યે કલબલાટ થતાં સાહેબે સમય પારખી લીધો, કહ્યું ઝડપથી કહે, તારે જે કહેવું હોય એ..

અને અડવાએ એની આદત અનુસાર વર્ગમાં બબાલ કરતાં પુછયું, આપણે હિંમત દાખવીએ પણ અણી વખતે એ મદદ કરવા ન આવે તો શું કરવાનું ? અડવાએ પુછયું.

અને જાણે વર્ગમાં વગર અવાજવાળો ધમાકો થયો. બધા છોકરા ખડખડાટ હસી પડયા. ગજાનંદ સાહેબ પોતે ગુંચવાઈ ગયા. આગળ કોઈ પગલાં લે એ પુર્વે તાસ પુરો થયો એ એકદમ ગુસ્સે થઈ ને ચાલ્યા ગયા.. વળી પાછો અડવો હીરો બન્યો.

ગુજરાતી બાદ ગણીતનો તાસ આવ્યો.. ગણિતના ગોશીબહેન આમ તો સ્ત્રી હતા પરંતુ ખુબ કડક સ્વભાવનાં હતાં. વર્ગના એકે વિદ્યાર્થીને સહેજ પણ ચસકવા દેતાં નહીં. બધાંની ઉપર બરોબર ધ્યાન રાખતાં. એમના આગમનની સાથે સૌ ચુપ થઈ ગયા. એમણે દાખલા ગણવાની શરૂઆત કરી, પછી બધાને કામ સોંપ્યું.

અડવાનું ધ્યાન તુટી ગયું એ પેલી કહેવત ભણી વળ્યો.. હિંમતે મરદા તો મદદે ખુદા.. અડવો જ્યાં બેસતો હતો ત્યાંની બારીથી સહેજ આઘે તળાવ દેખાતું હતું. પાણી પણ દેખાતું હતું અને એને વિચાર આવ્યો.

માનો કે કોઈ માણસને તરતાં આવડતું ના હોય અને પછી હિંમતનો સહારો લઈને તળાવમાં પડતું મુકે તો ઈશ્વર એને મદદ કરે ખરો ? અડવાએ વિચાર્યું.

આવી રીતે વગર વિચારે જે તે માણસ પાણીમાં પડતું મુકે પછી ઈશ્વર એને શું કામ મદદ કરે ?

એક તરફ ગણિતના દાખલા અને બીજી તરફ અડવાનું માનસ. હિંમત રાખનારા ને દર વખતે કાંઈ ઈશ્વર મદદ કરે એવું થોડું છે ? ખરે ટાણે જો મદદ કરવામાં મોડું થાય તો જીવથી હાથ ધોઈ નાખવા પડે..

કહેવત બદલવી જોઈએ, હિંમતે મરે મર્દા તો ના ખુદા.. એણે નવી કહેવત બનાવી.અડવાએ અચાનક ખુશ થઈને વિચાર્યા વિના ચપટી વગાડી.. ગણિતના ગૌરીબહેનની નજર ગઈ, છેક પાસે જઈને બોલ્યાં, 'લાવ તારી નોટ બતાવ..' અડવાજી ફફડયા. નોટ બતાવવી પડી..

ગૌરીબહેને લખેલું વાંચ્યું અને પછીની પળે ગુસ્સો કરતાં બોલી ઉઠયાં. આ ધંધો કરે છે ?ભણવાનું મુકીને અવળે માર્ગે જાય છે સમય બગાડે છે.. હા એમાં વાંધો શો ? અને આખો વર્ગ ખડખડ હસી પડયો.

રેણુબેન વિષ્ણુભાઈ બારોટ (અમદાવાદ)

એક અછાંદસ કાવ્ય

હા હું એક નારી છું, માનવજાત સન્નારી છું
મને ઓળખી નથી તમે, હું વંશ પેદા કરનારી છું
મને તમે અબળા બનાવી પણ હું જગતની બહુબળા છું
હા હું એક નારી છું,
મેં મર્દોને પેદા કર્યા ઘણા મર્દાનગીએ બજારે રસ્તા કર્યા,
હા હું એક અલગારી નારી છું
મારૂં કૌવત મારી શકિતઓ તમે પીછાણી નથી
એટલે સશકિતકરણની વાતો કરો છો
હું એક હીંદ માત રાજરાણી છું, હા હું એક નારી છું
નારી થકી નર ઉપજાવનારી છું
નરને નારાયણ બનાવું હું
કયારેક નરને નરરાક્ષસ બનાવું
હા હું એક નારી છું
પુરૂષ સમોવડી વાતો કરનારા
નારીને નર્તકી બનાવનારા
નર્ક થકી નથી એ ડરનારા
નારી માનવી માટે ચિનગારી છું
હા હું એક રણચંડી દુર્ગા છું, હા હું એક નારી છું

હંસામૃત વાલમીયા
(અમદાવાદ)

ન ઘરના.. ન ઘાટના...

ગતાંકથી ચાલુ

. પરંતુ અહીં કોઈ કોઈના વિરૂદ્ધ કંઈ બોલતું નથી. અમારા રાજયમાં કોઈને કોઈની ખોટી ટીકા કે ટીપ્પણ કરે તો તેને રાજયની બહાર મોકલી આપવાની મજા કરીએ છીએ.. માટે તમે બોલવા ચાલવામાં સંભાળજો.. જેથી કરીને ભવિષ્યમાં તમને સુંદરવનમાં રહેવું હોય તો કોઈ તકલીફ ન પડે.'

શેરસિંહે કડક શબ્દોમાં જ્યારે આ મુજબ કહ્યું, ત્યારે તે સાંભળી ગલબો શિયાળ અને વિરૂ વરૂ તો ગભરાઈ જ ગયા. તેમને થયું કે ગબ્બરસિંહના કહેવા મુજબ શેરસિંહને પરેશાન કરવામાં સફળતા મળશે કે કેમ ? તેમ છતાં તેઓએ એકાંતમાં બેસી શેરસિંહની પ્રશંસા કરી. તેનામાં અભિમાન ઉત્પન્ન કરવા કઈ રીતે કામ કરવુ ? તેનું આયોજન કરવાની સાથે સાથે શેરસિંહ અને સુંદરવનના બીજા પશુ પક્ષીઓ વચ્ચેના સંબંધોમાં તિરાડ પાડવાનું આયોજન કરવા લાગ્યા.

બીજી બાજુ સુંદરવનના રાજા શેરસિંહને ગલબા શિયાળ અને વિરૂવરૂનો વ્યવહાર જરા શંકાસ્પદ લાગ્યો. તેથી તેણે પોતાના પ્રિય એવા સાલુ સસલાને એકાંતમાં મળવા માટે બોલાવ્યો. સાલુ સસલો ખુબ જ ચતુર હતો. એટલે જ્યારે જ્યારે શેરસિંહને કોઈ સમસ્યાનો સામનો કરવાનો વખત આવે, ત્યારે ત્યારે તે સાલુ સસલાની સલાહ અચુક લે આજે બંને સાથે બેઠા.

શેરસિંહે વાતની શરૂઆત કરતાં કહ્યું, સાલુ આજે એક જરૂરી વાત કરવા માટે મેં તને બોલાવ્યો છે. આપણા રાજયમાં બે શંકાસ્પદ પ્રાણી આવ્યા છે. તે કોઈ ભેદી પ્રવૃત્તિ દ્વારા આપણા રાજયને કે મને નુકશાન પહોંચાડી શકે તેમ છે. તેઓને કંઈ રીતે ખુલ્લા પાડવા ? અથવા તો તેનો કઈ રીતે સામનો કરવો ? તેનો રસ્તો શોધવો જરૂરી છે.

શેરસિંહની વાત સાંભળી સાલુ પ્રથમ તો આશ્ચર્યમાં પડી ગયો. પછી તુરંત તેણે કંઈક વિચારીને કહ્યું,

વનરાજ તેઓની હીલચાલ ઉપર નજર રાખવી જોઈએ જેથી તેઓ કઈ રીતે નુકશાન કરવા માંગે છે તેની આપણને જાણ થઈ શકે. જો તેની જાણ થાય તો જ તેનો ઉકેલ આણી શકાય.' તેમની બનંની જાસુસી કરવાનું કામ સાલુને જ સોંપવામાં આવ્યું.

હવે સાલુ ખુબ જ સાવચેત થઈ ગયું. તેણે ગલબા શિયાળ અને વિરૂ વરૂની જાસુસી કરવા માંડી. એક દિવસ છુપાઈને સાલુ સસલાએ ગલબા શિયાળ અને વિરૂ વરૂની વચ્ચે થયેલી વાતચીત બરાબર સાંભળી લીધી. એ વાત શેરસિંહ પાસે સાલુ સસલાએ કહી સંભળાવી કે, ગલબો શિયાળ અને વિરૂ વરૂ કોઈપણ તમારા અને સુંદરવનના પશુ પક્ષીઓ વચ્ચે નફરત પેદા કરી તમારૂં કાસળ કાઢી નાખવા માગે છે. તેમને આ કાર્ય કરવા માટે મધુવનના રાજા ગબ્બરસિંહે પ્રેરણા આપી છે.

સાલુ સસલું અને શેરસિંહ આ પ્રમાણે ચર્ચા કરી રહ્યા હતા ત્યાં હનુ હાથી આવ્યો તેમણે શેરસિંહના ચહેરા પર ચિંતાના ભાવ જોયા. તેથી ચિંતાનું કારણ પુછયું, કેમ મહારાજ ? આજે તમે ખુબ જ ચિંતામાં પડી ગયા છો..

ત્યારે શેરસિંહે હનુ હાથી સુંદરવનમાં જે બની રહ્યું છે તે અને ગલબા શિયાળ, વિરૂ વરૂ તથા ગબ્બરસિંહ વિશે બધું જ કહી સંભળાવ્યું. આ બધું સાંભળી હનુ હાથીને તો ખુબ જ ગુસ્સો આવી ગયો.તેણે કહ્યું, આ તો દુશ્મનો અપણા રાજયને નબળું પાડવા કોશીશ કરી રહ્યા છે તેમને પાઠ ભણાવી આપણી દેશભક્તિ બતાવવાનો આ શુભ અવસર છે. મહારાજ તમે ચિંતા ન કરો બધું જ સારૂં થઈ રહેશે.

એ દિવસે સાંજે સભા ભરાઈ. સભામાં ગલબો શિયાળ અને વિરૂ વરૂ આવી પહોંચ્યા. હનુ હાથી સાલુ સસલું વગેરે ત્યાં હાજર હતા. ગલબો અને વિરૂ જ્યારે આવ્યા ત્યારે તરત જ હનુ હાથીએ બંનેને સુંઢ વડે પકડી લઈને દબાવવા માંડયા. ત્યાં સભામાં હાજર રહેલા પશુઓ તથા પક્ષીઓ આ દ્રશ્ય જોઈ મુંઝવણમાં પડી ગયા.ગલબો તથા વિરૂ હનુ હાથીના આ ઓચિંતા પરાક્રમથી ડરી ગયા. તેમણે હાથ જોડી પુછયું, 'અરે હાથીભાઈ, આ શું છે ? કેમ તમે અમને આ રીતે પકડયા છે ?'

તેઓના આ પ્રશ્ન સાંભળી હનુ હાથીએ તેમને સુંઢ વડે વધુ દબાવી બધું જ પુછવા માંડયું. ડરના માર્યા બંનેએ સાચી હકીકત બધાની વચ્ચે કહી સંભળાવી. સાથે સાથે માફી માગવા લાગ્યા ત્યારે ગુસ્સે થયેલા સૌ કોઈએ તેમને સુંદરવન છોડી જવાની સજા કરવા અથવા તો મારી નાખવા શેરસિંહને વિનંતીઓ કરી. શેરસિંહે દયા બતાવતા તેમને સુંદરવન છોડી જવાની સજા કરી. હનુહાથી તેમને સુંઢ વડે ફેરવી ફેરવી દુર ફેંકયા. બંનેના હાથ પગ તુટી ગયા તુટેલા હાથ પગે તેઓ જીવ બચાવવા ભાગ્યા.

ભાગતા ભાગતા ગલબા શિયાળે વિરૂ વરૂને કહ્યું, અલ્યા હવે મધુવનમાં પણ પગ નહીં મુકાય કારણ કે ત્યાં જશું તો ગબ્બરસિંહ આપણને જીવતો નહીં છોડે ત્યારે આપણે જીવવા માટે સલામત સ્થળ શોધવું પડશે. ત્યારે વિરૂ વરૂ બોલી ઉઠયો, અને હવે જીવવું હશે તો આપણે આજથી સુધરી જવું પડશે.. અત્યારે તો આપણી દશા ન ઘરના ન ઘાટના.. જેવી થઈ ગઈ છે..

સાર : કોઈનું બુરૂં કરવા જતાં પોતાનું જ બુરૂં થાય છે..

દેવેન કે.વ્યાસ, અંજાર

કંકુની કિંમત

એક ગામ હતું. ગામનું નામ રસુલાબાદ. તેમાં એક બ્રાહ્મણ રહે.તેનું નામ જટાશંકર.

જટાશંકર ખૂબ જ ભોળો અને શ્રદ્ધાળુ હતો. ગામમાં સૌ તેને ભગવાનનો માણસ કહે. ગામ લોકો જે કાંઈ આપે તેના ઉપર તેનું ગુજરાન ચાલે. રોજ સવારે તે મંદીર જાય. શ્રદ્ધાપૂર્વક ભગવાન શીવજીની પૂજા કરે.

એક દિવસની વાતછે. જટાશંકર મંદિરેથી ઘેર જવા નીકળ્યો હતો. સાંજ ઢળી ગઈ હતી. પંખીઓ કિલકિલાટ કરતા માળામાં પાછા ફરતા હતા. ગાયોનું ધણ ધૂળની ડમદીઓ ઉડાડતું ગામ તરફ વળ્યું હતું. જટાશંકર મંદિરની આરતી પતાવીને ઘર તરફ આવતો હતો. ત્યાં તેને વિચાર આવ્યો કે આજે શિવરાત્રી છે. મંદિરમાં ઘણા લોકો પૈસા, અનાજ અને ફળફળાદી મૂકી ગયેલા એ લેતા તે ભૂલી જ ગયો છે. આથી તે એકદમ પાછો વળ્યો. મંદિરે આવ્યો. ત્યાં જઈએ જોયું તો રૂપરૂપના અંબાર જેવી એક સ્ત્રી મંદિરમાંથી નીકળતી જોઈ. તે સ્ત્રી તેની બાજુમાં પસાર થઈ. જટાશંકર તેની સામે જુએ ત્યાં તો તે અદ્રશ્ય!

જટાશંકરની નજર નીચે પડી તો તે સ્ત્રી જ્યાંથી ચલી હતી ત્યાં એક કંકુનું પગલું પડ્યું હતું. જટાશંકર તો ભાઈ શ્રદ્ધાળુ માણસ ! ઝટ ઝટ જઈને તેણે પગલીનું કંકુ લઈ લીધું. મંદિરમાં તેને જે મળ્યું હતું. તે લઈને તુરત જ દોડતો દોડતો તે ઘેર ગયો. અને ગોરાણીને કહ્યું.

"જો, આજે તો કેટલું બધું આવ્યું છે"

"તે આવે જ ને ! આજે તો શિવરાત્રી છે."

"અરે ! અરે ! પણ બીજી એક વાત કહું. હું મંદિરમાં આ સીધું સામગ્રી લેવા જતો હતો. ત્યારે મંદિરમાંથી એક રૂપરૂપના અંબાર જેવી સ્ત્રી નીકળી હતી. સાક્ષાત પાર્વતી જ જોઈ લો હુંતો તેની સામે જોઉં તે પહેલા જ અદ્રશ્ય !"

" પછી શું થયું ? ગોરાણીએ પૂછ્યું.

"પછી મે નીચે જોયું તો એક કંકુનું પગલું પડ્યું હતું. મેં તો તરત જ એ કકુ આ ખેસમાં બાંધી લાવ્યો છું."

"સારૂ સારૂ એ કંકુએ કંકુમાંથી થોડુંક આપણી પેટીમાં રાખુ છું. બીજું કાલે યજમાનોને આપજો. એમ સમજો કે સાક્ષાત દેવીના તમને દર્શન થયા. કંકુ ખુબ જ કીંમતી અને ચમત્કારી કહેવાય, સમજ્યા ?"

"હા, એ બધું હું સમજી ગયો. પણ મને તો બહુ જ ભૂખ લાગી છે. ખાવાનું જલ્દી લાવ."

"કેમ આજે કાંઈ ભાંગ વધારે પીવાઈ ગઈ છે ?"

"ના રે ના.. આપણે ભાંગ ના પીએ. વ્યસનો શરીર માટે ઘણા નુકશાનકારક છે. બાકી હા,ભૂખ બહુ લાગી છે !"

"સારૂ બેસી જાવ જમવાનું હમણા જ પીરસી દઉં છું." એમ કહીને ગોરાણી પીરસવા લાગ્યા.

જટાશંકર અને ગોરાણીએ જમી લીધું. સવારમાં ઉઠી જટાશંકરે ઘેર ઘેર જઈને આ બનાવની વાત કરી અને ચમત્કારીક કંકુ આપ્યું. પરંતુ બધાએ તેમની વાત ઉડાવી દીધી. આથી નિરાશ થઈને જટાશંકર ઘેર આવ્યો અને લમણે હાથ દઈને બેઠો એટલે ગોરાણીએ કહ્યું.

"કાં આમ ઢીલા ઘેસ જેવા કેમ થઈ ગયા ?"

"કાંઈ નહિ..આ કંકુની કિંમત નથી ?

"કોણે કીધું કિંમત નથી ? લોકોએ એ લીધું નહિ એટલે તો એમ જ ને ?"

"કાંઈવાંધો નહીં લાવો મને આપી દો." આમ કહી ગોરાણીએ કંકુ લઈ લીધું અને એક ડાબલીમાં ભરી પેટીમાં સાચવીને મૂકી દીધું દિવસો ઉપર દિવસો વીતવા લાગ્યા.

એક વખત રાતના સમયે જટાશંકરને સપનું આવ્યું. સપનામાં તેણે પેલા દેવીને જોયા દેવીએ કહ્યું.

"જટાશંકર કંકુની કિંમત ન ઉપજી તેથી તું નિરાશ થઈ ગયો ખરૂને !"

"હા" જટાશંકરે કહ્યું.

એમ નિરાશ ન થઈશ. કાલે સવારે વહેલા ઉઠી ગામથી દૂર આવેલા સરોવરમાં સ્નાન કરવા જજે ત્યાં સરોવરની વચ્ચે એક સફેદ કમળ જોવા મળશે. તે કમળ ઉપર તું કંકુ છાંટજે. એટલે કમળનો રંગ લાલ થઈ જશે. લાલ કમળને જોઈ એક ગરૂડ આકાશમાંથી નીચે આવશે. તે પછી તું ગરૂડ અને કમળને લઈ ને પશ્ચિમ દિશા તરફ જજે આટલું કહી દેવી અંતર્ધ્યાન થઈ ગયા.

સવારમાં વહેલા ઉઠી જટાશંકરે ગોરાણીને સપનાની વાત કરી. ગોરાણી તો હરખેલા થઈ ગયા. કહે કે જાઓ જલ્દી જલ્દી જાઓ. જરૂરથી દેવી આપણા ઉપર પ્રસન્ન થયાં છે. હવે આપણા દિવસો ફરી જશે. જટાશંકર તો હાથમાં દોરી, લોટો, પોથી અને ખભે ખેસ ધારણ કરી ઉપડ્યા સાથે સાથે પેલા કંકુની ડાબલી પણ લઈ લીધી પહોંચ્યા. એ તો સરોવરની પાળે પાળ ઉપર કપડા મૂકી સરોવરમાં ડુબકી લગાવી. કહેવત છે ને કે બ્રાહ્મણ ને ભાજી પાણીથી તાજી. જટાશંકર ન્હાયા. એવામાં તેમની નજર કમળ ઉપર પડી. તુરત જ કંકુની ડાબલી લઈ જટાશંકરે ડુબકી લગાવી. કમળ પાસે પહોંચી ગયા. એવામાં તેમની નજર આકાશ તરફ ગઈ તો એક ગરૂડ કમળ ઉપર ઝપટવાની તૈયારીમાં હતું.

નટવર હેડાઉ

ગુલમોર

ગઝલોનો ગુલમોર લઈને નીકળું
કાળજાની કોર લઈને નીકળું
ઢેલ થઈને તું જો ઈશારો કરે,
ઈશ્ક વનનો મોર થઈને નીકળું
દિલ તણો દુષ્કાળ છપ્પનીયો બધે
ને હું તરસ્યા ઢોર લઈને નીકળું
તું શીખામણ રોજ સંભળાવ્યા કરે,
હું હવે કઠોર થઈને નીકળું
તું જીવનનું જાગતું પરભાત છે,
હું હવે બપોર થઈને નીકળું

સાંઈરામ દવે

ધો.૧૦-૧૨ની...

પાના નં .૧ ચાલુ

ગોપનીય રાખીને કરાય તો જ જે-તે સરકારી ડીપાર્ટમેન્ટની સતર્કતા જાણી શકાય. જોકે, અહીં તો જાહેર કર્યા બાદ મોકડ્રીલ યોજતા સમગ્ર કવાયત માત્ર પ્રતિકાત્મક બની રહી હોવાની લાગણી લોકોએ વ્યક્ત કરી હતી.

ડીસા કોલેજમાં...

અનુસંધાન ૩ નુ ચાલુ..

પ્રજાપતિ મનીષ સોફટબોલ (હરીયાણા), માજીરાણા મુકેશ ફૂટબોલ (ભોપાલ), ઘાસુરા મુનિષ ફૂટબોલ (ભોપાલ), ઠાકોર વિજય બેઝબોલ (છત્તીસગઢ), પ્રજાપતિ મનીષ (છત્તીસગઢ), ઠાકોર અલ્પેશ (છત્તીસગઢ) એ ગૌરવ વધાર્યું છે. આ તમામ ગૌરવવંતા ખેલાડીઓને તથા તેમના કોચ પ્રોફેસર ડૉ. આર.ડી.ચૌધરીને કોલેજનું ગૌરવ વધારવા બદલ ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવેલ.

પાલનપુર અને...

અનુસંધાન ૩ નુ ચાલુ..

જિલ્લાના દૂધ ઉત્પાદકોને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે દૂધ ઉત્પાદક બહેનોને પશુદીઠ વધુ ઉત્પાદન ઈનામી યોજના હેઠળ ચેરમેનના હસ્તે ઈનામી રકમના ચેક આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા જેમાં ભેંસ વિભાગમાં પાલનપુર તાલુકાની સાગ્રોસણા દૂ.ઉ.મંડળીના સભાસદ લોહ ગંગાબેન ગણેશભાઈ જિલ્લામાં પ્રથમ ક્રમે આવતા રૂ.૧૦,૦૦૦-ના રોકડ ઈનામનો ચેક ચેરમેનના વરદ હસ્તે અર્પણ કરવામાં આવ્યો હતો અને પાલનપુર તાલુકાની રણાવાસ (ગં) દૂ.ઉ.મંડળીના સભાસદ જેગોડા રમીલાબેન શામળભાઈ અને જેગોડા રેખાબેન ફતાભાઈ જિલ્લામાં છઠ્ઠા ક્રમે આવતા રૂ.૫,૦૦૦-ના રોકડ ઈનામનો ચેક ચેરમેનના વરદ હસ્તે અર્પણ કરીને સન્માનિત કરવામાં આવેલ. જ્યારે એચ.એફ.ગાય વિભાગમાં રણાવાસ(ગં) દૂ.ઉ. મંડળીના ગોળ રેખાબેન અવચળભાઈ જિલ્લામાં છઠ્ઠા ક્રમે આવતા રૂપિયા ૫૦૦૦નો ચેક સાથે, મોટેટા દૂ.ઉ. મંડળીના પ્રજાપતિ કાશુબેન નારાયણભાઈ જિલ્લામાં સાતમા ક્રમે આવતા રૂપિયા ૪૦૦૦નો ચેક સાથે, મલાણા દૂ.ઉ. મંડળીના બેરા જીતુબેન શામળભાઈ જિલ્લામાં આઠમાં ક્રમે આવતા રૂપિયા ૩૦૦૦નો ચેક સાથે અને વણસોલ દૂ.ઉ. મંડળીના ધુળીયા પરાંણબેન ઘેમરભાઈ જિલ્લામાં નવમાં ક્રમે આવતા તેમને પણ રૂપિયા ૨૦૦૦ના ચેકથી સન્માનિત કરવામાં આવેલ. દેશી ગાય વિભાગમાં રણાવાસ (ગં)દૂ.ઉ. મંડળીના ગોળ રેખાબેન ગોવાભાઈ જિલ્લામાં બીજા ક્રમે આવતા તેમને રૂપિયા ૯,૦૦૦ નો ચેકથી, મલાણા દૂ.ઉ મંડળીના રાતડા તખતબેન ભૂપતભાઈ જિલ્લામાં પાંચમાં ક્રમે આવતા તેમને રૂપિયા ૬,૦૦૦ના ચેક સાથે ,સાગ્રોસણા દૂ.ઉ. મંડળીના લોહ દોલીબેન પ્રેમજીભાઈ જિલ્લામાં છઠ્ઠા ક્રમે આવતા તેમને રૂપિયા ૫,૦૦૦ના ચેક સાથે સાગ્રોસણા દૂ.ઉ. મંડળીના લોહ ગંગાબેન ગણેશભાઈ જિલ્લામાં આઠમાં ક્રમે આવતા તેમને રૂપિયા૩,૦૦૦ નો ચેક સાથે મહિલા દૂધ ઉત્પાદક બહેનોને ચેરમેનશ્રીના વરદ હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.

દૂધ મંડળી સ્વચ્છતા (રેડ ટેગ ડે)ના મૂલ્યાંકન અંતર્ગત જૂથ-૧માં સોનગઢ મંડળી તાલુકો પાલનપુર પ્રથમ ક્રમે આવતા રૂ.૧૦,૦૦૦ ઈનામ સાથે અને જુથ-૩માં રતનપુર મંડળી તાલુકો પાલનપુર બીજા ક્રમે આવતા રૂ.૬૦૦૦ ઈનામ સ્વરૂપે તિજોરી- કબાટ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવેલ. જ્યારે જૂથ-૨માં રાણાવાસ(ગ) મંડળી તાલુકો પાલનપુર ચોથા ક્રમે આવેલ જેને રૂ.૧૦૦૦ ઈનામ સ્વરૂપે પગ લુછણિયા અને વાયપર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. જ્યારે જૂથ-૩ માં રાણાવાસ(ગ) ચોથા ક્રમે, કુશ્કલ, મેરવાડા પાંચમાં, ફતેપુરા(વ) છઠ્ઠા ક્રમે, આંબલીયાળ આઠમાં ક્રમે, ગોળા નવમાં ક્રમે વગેરે પાલનપુર તાલુકાની મંડળીઓને રૂ.૧૦૦૦, ઈનામ સ્વરૂપે પગ લુછણિયા અને વાયપર અર્પણ કરીને સન્માનિત કરવામાં આવેલ.

આ પ્રસંગે બનાસ બેંકના ચેરમેન એમ એલ ચૌધરી, બનાસ બેંકના પૂર્વ ચેરમેન દલસંગભાઈ પટેલ, પાલનપુર માર્કેટ યાર્ડ ચેરમેન ફતાભાઈ ધરિયા, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ વિજયભાઈ ચક્રવતી, બનાસ ડેરીના ડિરેક્ટર દિનેશભાઈ ભટોળ, ફલજીભાઈ ચૌધરી, કરશનભાઈ ચૌધરી, બનાસ બેંકના ડિરેક્ટર જશુભાઈ ચૌધરી, કેશરભાઈ વાયડા, જિલ્લા પંચાયત સદસ્ય લાલજીભાઈ કરેણ, વડગામ તાલુકા ખરીદ વેચાણ સંઘના ચેરમેન સરદારભાઈ ધૂળિયા, પાલનપુર તાલુકા ખરીદ વેચાણ સંઘના ચેરમેન પરથીભાઈ પટેલ, જિલ્લા ખરીદ વેચાણ સંઘના પૂર્વ ચેરમેન બાબુભાઈ પટેલ, માર્કેટ યાર્ડના પૂર્વ ચેરમેન વીરજીભાઈ જુડાલ, બનાસ બેંકના પૂર્વ ડિરેક્ટર દેવજીભાઈ ગુડોલ, કેશરભાઈ જુડાલ, તાલુકા સંઘના પૂર્વ ચેરમેન રામજીભાઈ ચૌધરી, રહીમભાઈ(મુમનવાસ) મેરૂજી ઘુખ, અવચળભાઈ ચૌધરી, ભરતભાઈ પટેલ(ટાકરવાડા) સરદારજી રાજપૂત, ગિરીશભાઈ જગાણીયા, પરથીભાઈ પટેલ (સલેમકોટ) શામળભાઈ (જસલેણી) સોમાભાઈ પટેલ(ચડોતર) સહિત મોટી સંખ્યામાં દૂધ ઉત્પાદક બહેનો અને દૂધ મંડળીના ચેરમેન/ મંત્રી ઉપસ્થિત રહ્યા હતા.

પાલનપુરમાં લડબી...

અનુસંધાન ૩ નુ ચાલુ..

જાણીબુઝીને નાગરિકો રોગના ખપ્પરમાં હોમાય તેવી વિકટ પરિસ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે. લડબી નદી નર્કાગાર બની ગઈ છે. આ બાબતે પાલિકાના વિપક્ષ નેતા અમૃતભાઈ જોષીએ પાલિકા પ્રમુખને લેખિત રજૂઆત કરી જો દિન ૧૦ માં લડબી નદીમાં વહેતું ગટરનું ગંદુ પાણી બંધ કરવામાં નહી આવે તો ન છૂટકે પ્રજાજનોના હિતમાં આરોગ્ય અને જાન - માલના રક્ષણ માટે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૧૩૩ અન્વયે ફરિયાદ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવાની તેમજ ગાંધી ચિંધ્યા માર્ગે પ્રજાજનોને સાથે રાખી આંદોલન કરવાની ફરજ પડશે તેવી ચીમકી ઉચ્ચારી છે.

થરાદના ભોરોલમાં...

પાના નં .૮ ચાલુ

હોવાનો ચોંકાવનારો આક્ષેપ પણ કર્યો હતો. તેમજ આજદિન સુધી તેનો કોઈ નિકાલ નહી આવતા તેમને ગ્રાન્ટ કરેલી ખેતીની જમીનનો કબજો ૧૦ દિવસમાં આપવા માટે માગણી કરવામાં આવી હતી. જો તેમ નહીં કરવામાં આવે તો ઉગ્ર આંદોલનની પણ ચીમકી આપવામાં આવી હતી.૧૭ ખેડુતો પૈકી બે ખેડુત તુરી માંગીલાલ મોહનલાલ રહે.ગણેશપુરા, તા.થરાદ તથા તળસાભાઈ પુંજાભાઈ બોચીયા રહે. રામપુરા તા. થરાદના ઓએ આત્મ વિલોપનની ચીમકી પણ ઉચ્ચારતાં પંથકમાં ચકચાર મચાવા પામી હતી. નાયબ કલેક્ટરે તેમની માગણી અંગે યોગ્ય કાર્યવાહી કરવાની ખાત્રી આપી હતી.

પાલનપુરમાં ભૂકંપનો..

પાના નં .૮ ચાલુ

તંત્રની ટીમોને આપતાં કલેક્ટર અરજન્ટ સુચના અને માર્ગદર્શન અનુસાર આર્મી, બી.એસ.એફ., એન.ડી. આર.એફ., એસ.આર.પી., પોલીસ, હોમગાર્ડઝ સહિત જિલ્લા વહીવટીતંત્રની વિવિધ ટીમોએ યુધ્ધના ધોરણે એક્શનમાં આવીને તાબડતોબ રાહત અને બચાવની કામગીરી હાથ ધરી હતી. કલેક્ટર દિલીપ રાણા જિલ્લાભરની પરિસ્થિતિની વિગતો મેળવી રહ્યા હતા. સિવીલ હોસ્પિટલમાં ઈમરજન્સી, વિભાગમાં ડૉક્ટરો અને તેમની ટીમોએ ઝડપથી સારવાર હાથ ધરી હતી. દાંતીવાડા ડેમ ઉપર બી.એસ.એફ.ની ટીમોએ તૈનાત રહીને જરૂરી કામગીરી હાથ ધરી હતી. પોલીસ અને આરટીઓ દ્વારા શહેરમાં ટ્રાફિકની વ્યવસ્થા જાળવવામાં આવી હતી.

કલેક્ટર દિલીપ રાણા તાલુકા લેવલ સુધી ફોન કરીને પરિસ્થિતિની માહિતી મેળવી રહ્યા હતા. તેમજ આવા પ્રસંગે મિડીયાની ભૂમિકા મહત્વની હોવાથી લોકો ગભરાઈ ન જાય તેમજ કોઈ અફવા ન ફેલાય તે માટે મોકડ્રીલની વ્યવસ્થાના ભાગરૂપે કલેક્ટરએ મિડીયાને બ્રીફ કરતાં કહ્યું કે ભૂકંપનો સામાન્ય આંચકો જ છે. કોઈ મોટુ નુકશાન નથી થયું. નાગરિકો કોઈ ચિંતા ન કરે. મોકડ્રીલના આયોજન પ્રમાણે દાંતીવાડા ડેમમાં આછી તિરાડ પડી હોવાથી નદીકાંઠાના તથા નીચાણવાળા વિસ્તારોના લોકોને ઝડપથી સ્થળાંતર કરાવવા કલેક્ટરે ટીડીઓ અને મામલતદારોના સીધા સંપર્ક કરી જરૂરી સુચના આપી હતી.

ભૂકંપની મોકડ્રીલ પ્રસંગે સાયરન વગાડતાં વાહનો, એમ્યુનલ લન્સોર અને આર્મી તથા બી.એસ.એફ.ના મોટા વાહનો અને સુરક્ષા જવાનો જોઈને પાલનપુર શહેરમાં થોડીક ક્ષણો માટે ઉત્તેજના અને શું થયું છે. તે જાણવા લોકો આપસમાં ચર્ચા કરતા જોવા મળ્યા હતા. ગુરૂનાનાક ચોક સહિત ત્રણેય સ્થળો અને સિવીલ હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં જંગી માનવમેદની ઉમટી હતી. જેમણે રાહત અને બચાવ કામગીરી કેવી રીતે થાય છે તે નજરે નિહાળી હતી.

ડીસામાં આત્મ....

પાના નં .૮ ચાલુ

નગરપાલિકા દ્વારા બીજા દિવસે ઈન્ટરવ્યૂ પ્રક્રિયા પૂરી કરી મંજૂરી માટે સરકારમાં મોકલી અપાઈ હતી.

ડીસા નગરપાલિકામાં સફાઈ કામદારોની ૫૯ જેટલી કાયમી જગ્યાની ભરતી માટે વર્ષ ૧૯૯૪ પછી પ્રથમ વખત સરકાર દ્વારા ભરતી ની મંજુરી મળી હતી. જે માટે નગરપાલિકા દ્વારા વર્તમાન પત્રમાં જાહેરાત આપી તારીખ ૧૫ અને ૧૬ માર્ચના રોજ ઈન્ટરવ્યૂ લેવાશે તેવી જાહેરાત કરી હતી. જેમાં ૧૫ માર્ચે ૫૯ જગ્યા માટે હંગામી કામદારો સહિત ૧૨૫થી વધુ લોકો ઈન્ટરવ્યૂ માટે આવ્યા હતા. જોકે ઈન્ટરવ્યૂ માટે સરકાર દ્વારા નક્કી કરાયેલી કમિટીમાંથી ડીસાના ધારાસભ્ય અને કારોબારી ચેરમેન વિધાનસભાનું સત્ર ચાલતું હોઈ ઉપસ્થિત ન હતાં. જ્યારે જિલ્લા કલેકટર વતી ડીસાના નાયબ કલેકટર પણ પોતાને ઈન્ટરવ્યુ પ્રક્રિયા ની જાણ ના હોઈ હાજર રહયાં ન હતાં. જેથી ભરતીના ઈન્ટરવ્યૂ લેવાની પ્રક્રિયા મુલતવી રખાઈ હતી.

જેના પગલે ઈન્ટરવ્યૂ માટે આવેલા અને વર્ષોથી કામ કરતા હંગામી સફાઈ કામદારોએ ભારે રોષ દર્શાવી પાલિકાના ચીફ ઓફિસર અને પ્રમુખને આત્મવિલોપનની ચીમકી આપી હતી. જેના કારણે શનિવારે ૫૯ સફાઈ કામદારોની ભરતી માટે ઈન્ટરવ્યુ પ્રક્રિયા પૂર્ણ કરાઈ હતી. પાલિકા પ્રમુખ પ્રવીણ માળીના જણાવ્યા મુજબ 'ઈન્ટરવ્યુ પ્રક્રિયા પૂર્ણ કરાઈ છે અને હવે સિનિયોરીટી મુજબ કાયમી ભરતી કરવા મંજૂરી માટે સરકારમાં દરખાસ્ત મોકલી આપવામાં આવી છે.

બ.કાં.જીલ્લા....

પાના નં .૮ ચાલુ

માલજીભાઈ દેસાઈની બ.કાં.જીલ્લા પંચાયતના ઉપપ્રમુખ પદે કોંગ્રેસ પક્ષે પસંદગી કરવામાં આવતાં કોંગ્રેસના કાર્યકરો સહીત લોકોમાં આનંદની લાગણી છવાયેલ. આવતીકાલે તેઓ ઉપપ્રમુખ પદે વિજેતા બને તેવી સૌની શુભકામનાઓ.

ડીસા ઉત્તર...

પાના નં .૮ ચાલુ

રહેતા દીનેસ ઉર્ફે કિસ્મત ઠાકોર નામનો યુવક સગીરા સાથે ૬ માસથી પરિચિત હોવાથી તેને લલચાવી ફોસલાવી ધાનેરા અને સુધામાતા અપહરણ કરી લઈ ગયો હતો. જ્યાં આ શખ્સે સગીરાને હોટલોમાં લઈ જઈ તેની સાથે મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું હતું. જોકે આ મામલે તે પરિવાર ને વાત કરશે તો તેને જાનથી મારી નાખશે તેવી ધમકી આપી હતી. આ મામલે સગીરાએ ડીસા ઉત્તર પોલીસ મથકે દિનેશ ઠાકોર વિરુદ્ધ ફરિયાદ નોંધવી હતી .ત્યારે આ ગુનાનો આરોપી દિનેશ તેના રિઝમેન્ટ વિસ્તારમાં ફરતો હોવાની બાતમીના આધારે તપાસના ચક્રોગતિમાન કરી તેને ઝડપી લીધો હતો.

દાંતીવાડા ડેમ...

પાના નં .૮ ચાલુ

યોજવામાં આવી હતી. જેમાં દાંતીવાડા ડેમના અધિકારીઓએ નદી વિસ્તારમાં આવતા તમામ ગામડાઓને એલર્ટ કરી ગામડા ખાલી કરાવા માટે સાયરન વગાડવામાં આવી હતી.ડેમ સાઈડના ડાબા કાંઠાએ ગાબડું પડયાની જાણ થતાં બી.એસ. એફ ના અધિકારી સાથે જવાનો તાબડતોબ સાધન સામગ્રી સાથે ડેમ સાઈડ પર દોડી આવ્યા હતા.૪૦ જવાનો અને ડેમના સ્ટાફે રેતીની થેલીઓથી ગાબડું પુરવાની કામગીરી હાથ ધરી ટૂંક સમયમાંજ લીકેજ બંધ કર્યું હતું.આ સમયે મામલતદાર ઈશ્વરભાઈ ઠાકોરનાના માર્ગદર્શન હેઠળ યોજાયેલ મોકડ્રિલ દરમ્યાન તાલુકાના સંબંધીત વિભાગના અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. તાલુકા વિકાસ અધિકારી સી.ડી.ડામોર, દાંતીવાડા ડેમના ના.કા. ઈજનેરન તથા એસ.ઓ સહિતના પ્રતિનિધિઓ, પોલીસ સ્ટાફ, આરોગ્ય વિભાગ સહિતના અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

સ્થાનિક બજાર ભાવ

ચોકસી બજાર(કીલોના)	
ચાંદી ચોરસા	**૩૯૦૦૦-૩૯૨૦૦**
રૂપુ કાચું	૩૯૦૦૦-૩૯૨૦૦
સોનુ તોલો	૩૧૨૦૦-૩૧૫૦૦
તેલ બજાર	
રાધે પામોલીન	**૧૧૯૦**
પામોલીન	૧૧૬૦
સોયા રીફાઈન	૧૪૨૦
રાયડાતેલ ૧૫કી.	૧૧૨૦-૧૨૮૦
સીંગતેલ૧૫ કી.	**૧૫૨૦**
સીંગતેલ ૧૫ લી.	૧૬૯૦
સીગતેલ ૫ લી.	૪૬૫
તિરૂપતી કપા.	૧૩૩૦
૫ લીટર	૪૩૦
વનસ્પતિ ઘી	૧૧૭૦
કોપરેલ ૧૫ કિલો	૩૩૦૦
૫ કે. કોપરેલ	૧૨૦૦
પલી. અંકુર સીંગતેલ	૪૮૫
૧૫ લીટર સનફલાય	**૧૩૦૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી.	૧૨૬૦
૫ લી.	૪૦૦
૨ લી.	૧૬૫
ચોખા-દાળ બજાર	
(૧૦૦ કીલોના ભાવ)	
કીચન ચેમ્પીયન કલાસીક	૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર	૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર	૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર	૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના	૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર	૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર	૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા	૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા	૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન	૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક	૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક	૯૫૦૦
દાવત સ્પેસીયલ	૭૮૦૦
દાવત	૭૭૦૦
દાવત તીબાર	૭૭૦૦
દાવત દિલખુશ	૭૮૦૦
દાવત રોજાના	૬૮૦૦
દાવત મોગરા	૪૮૦૦
દાવત મીની મોગરા	૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.	૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.	૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.	૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.	૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.	૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.	૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.	૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.	૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.	૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.	૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.	૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.	૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.	૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.	૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.	૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.	૮૦૦૦
દુન પ્રીમીયમ	૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.	૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.	૭૨૦૦
નર્મદા મગ પોલીસ	૫૯૫૦
મગદાળ નર્મદા સુપર	૬૦૦૦
નર્મદા મગ મોગર	૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી	૬૯૦૦
નર્મદા અડદદાળ	૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના	૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો	૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી	૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા	૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા	૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫	૯૦૦૦
તુવરદાળ ખીડીયાર	૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક	૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ	૮૦૦૦
લાલ કીલ્લો તીબાર	૭૦૦૦
લાલ કિલ્લો દુબાર	૫૫૦૦
લાલ કિલ્લો મોગરો	૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ	૯૦૦૦
હેરીટેજ તીબાર	૮૦૦૦
હેરીટેજ દુબાર	૬૨૦૦
હેરીટેજ મીની દુબા	૫૦૦૦
કાયનાત પોપુલર	૬૪૦૦
કાયનાત સુપર	૮૧૦૦
કાયનાત	૬૮૦૦
કાયનાત પ્રીમીયમ	૮૮૦૦
રાજા બાસમતી	૪૦૦૦
કુરૂક્ષેત્ર	૫૮૦૦
પરી નં.૧	૯૨૦૦
પરી નં. ૭ તીબાર	૮૨૦૦
પરી સુપર દુબાર	૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ	૭૨૦૦
એપ્પલ પ્રીમીય	૪૮૦૦
ઓરેન્જ	૬૦૦૦
દાવત અપ્સરા	૫૦૦૦
જીરાસર ચંદન	૩૮૦૦
ચણાદાળ ૪૪૪	૭૧૦૦
મગદાળ સમરદીપ	૭૨૦૦
મગમોગર રીયલ	૮૦૦૦
અડદદાળ અક્ષર	૮૩૦૦૦
મગ	૫૭૦૦
અંગુર તુવેરદાળ	૭૬૦૦
અંગુરતુવેરદાળઆયાતી	૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ	૬૦૦૦
કિસાન તુવેરદાળ	૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ	૬૦૦૦
પરખ સ્પેશીયલ	૫૨૦૦
લાલપરી તીબાર જુના	૪૨૦૦
લાલપરી દુબાર જુના	૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા	૪૪૦૦
લાલપરી દુબાર નવા	૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી	૪૦૦૦
લાલમંદિર બાસમતી	૩૬૦૦
ખાંડ બજાર	
(બોરીના ભાવ)	
ખાંડ એસ.	**૩૪૦૦-૩૪૫૦**
ખાંડ એમ.	**૩૫૦૦-૩૬૦૦**
ખાંડએલ.	૩૫૦૦-૩૬૫૦
ચા-બજાર	
સુરજ છાપ ચા	૩૦૦
હરણ છાપ ચા	૨૨૦
આખા મરચાં-હળદર	
હળદર આખી રાજાપુરી	૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ઠા	૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ	૯૦
હળદર તળેલી સાંગલી	૮૦
મરચા વન્ડર હાટ	૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ	૧૭૦૦
મરચા તેજા	૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ	૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો	૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ	૧૯૦૦
કાશ્મીરી	૯૦
કાશ્મીરી મમરી	૯૦
સુપર પટની	૧૦૫
સુપર રજવાડી	૧૯૦
મરચા ડેડીકટ	૧૨૫
મરચાં	૫૮૦૦
ગોળ બજાર	
વડેચા ગોલ્ડ ૧૦ કે	૪૪૦૦
વડેચા રજી ૧૦ કે.	૪૬૦૦
વડેચા ૫ કી.	૪૮૦૦
વડેચા ૧ કી.	૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ	૫૦૦૦
સાંગલી ૧૦ કે.	૪૩૦૦
ખોળ બજાર	**૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.	૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ	૧૦૫૦-૧૧૦૦
જીરાળુ	૧૬૮૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા.	૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા.	૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.	૫૭૦
પરચુરણ	
સોજી	૭૦૦
મેંદો	૬૮૦
શ્રીફળ એમ.	૮૮૦
નિરમા સાબુ	૫૨૫
મેદી	૬૦-૧૦૦
અજમો	૧૪૦-૧૭૦
સાકરીયા	૩૮૦૦
ખાંડ બુરૂ	૪૦૦૦
કોકમ ફુલ	૧૮૦
એલચી	૧૧૦૦-૧૪૦૦
મોરૈયો	૬૫-૮૦
તલ	૯૦-૧૦૦
ખસ-ખસ	૩૫૦-૫૮૦
સીંગદાણા	૬૫-૮૦
શાકભાજી(૨૦ કિલોના ભાવ)	
દુધી	૧૨૦-૧૮૦
સુકી ડુંગળી	૧૮૦- ૨૦૦
લસણ	૩૦૦-૭૦૦
ધાણા	૪૦૦-૫૦૦
મરચાં	૪૦૦-૬૦૦
લીંબુ	૧૧૦૦-૧૨૦૦
અડવી પત્તા	૨૦૦-૩૦૦
આદુ	૭૦૦-૭૮૦
રીંગણ	૨૪૦-૩૦૦
ટામેટા	૧૦૦-૧૮૦
ભીંડા	૭૦૦-૮૦૦
કોબી	૧૨૦-૧૪૦
વટાણા	૪૦૦-૫૦૦
ટીંડસા	૫૦૦-૬૦૦
ગવાર	૮૦૦-૧૦૦૦
બાદશાહ બટાકા	૧૪૦-૨૦૦
સાંગા બટાકા	૧૨૦- ૧૮૦
તુવેર	૬૦૦-૮૦૦

અમે વૃક્ષ વાવીશું

અમે વૃક્ષ વાવીશું, અમે વૃક્ષ વાવીશું
અમે સૌને બચાવીશું, અમે વૃક્ષ વાવીશું ને
ઓઝોન સ્તરને બચાવીશું
અમે મસ્ત મજાનાં આંબો વાવીશું ને
સારી સારી કેરીઓ ખાઈશું, અમે વૃક્ષ લાવીશું
અમે વૃક્ષ વાવીશું ને કાર્બનનું પ્રમાણ ઘટાડીશું
અમે વૃક્ષ વાવીશું ને સારા સારા ફળ ખાઈશું

ઘાંચી સલાહુદીન આ.
(રાધનપુર)

નિરાળું તત્વ

જાણી ન શકાયું જગને શ્વાસે શ્વાસે
નામ લખાતું કર્મ કીધાં કેવાં ?
પાપ પુણ્યની પોથી લખાશે ખાતું ખોલશે
પડનું હિસાબ માગશે જરૂર
એ બેખબર છીએ આપણે
ઈસ તત્વ છે એવું નિરાળું
અંતની દોરી એની પાસ
શું કર્મ કર્યા તમે માનવ બની
ઈસ જવાબ એમાં માંગશે

બી.જે. હડીયલ
(ખાનપુર)

ફાગણ

ફાગણ આવ્યો ફાગણ આવ્યો
ફાગણ આવ્યો રે.. હોળી લાવ્યો
ધુળેટી લાવ્યો, ફાગણ આવ્યો રે..
ભાઈ બહેન પીચકારી લાવ્યા, ફાગણ આવ્યો રે
રંગોની મહેફીલો માણી ફાગણ આવ્યો રે
ભાઈ ભાભી રંગમાં રંગ્યા ફાગણ આવ્યો રે

અજય જે. ડાભી (પાંથાવાડા)

પડકાર છે!

પાંદડી તલવાર કેરી ધાર છે,
રૂપમાં જાણે નવો પડકાર છે
ઝંખનાઓ આભલે અથડાયને
વ્યગ્રતાના વિશ્વનો કયાં પાર છે ?
પાસ મારી કોણ આવ્યું શી ખબર,
વેદનાઓની નરી વણઝાર છે
નીત નવા ચહેરા બદલતો માનવી
પ્રેમ આંખોમાં ને દિલમાં ખાર છે,
માન કે મોભો મળે છેએ જ ખેવના
એમનો તો એ જ બસ નિરધાર છે
ના ઉપેક્ષા કોઈની કરજે કદી
રેતનો યુસુફ ઘણો ઉપકાર છે

યુસુફ ગુંજાવી

કેરી

કેરી આવી કેરી આવી, મસ્ત મજાની કેરી આવી
કાચી કેરી પાકી કેરી, મસ્ત મજાની કેરી આવી
ખાટી કેરી, મીઠી કેરી, મસ્ત મજાની કેરી આવી
લાલ કેરી પીળી કેરી, મસ્ત મજાની કેરી આવી
નાની કેરી મોટી કેરી, મસ્ત મજાની કેરી આવી
કેશર કેરી બદામ કેરી, મસ્ત મજાની કેરી આવી
ઉનાળો આવ્યો, કેરી લાવ્યો, મસ્ત મજાની કેરી આવી
ગોટલી સાથે કેરી આવી, મસ્ત મજાની કેરી આવી
છોતરા સાથે કેરી આવી મસ્ત મજાની કેરી આવી
રસ ભરેલી કેરી આવી, મસ્ત મજાની કેરી આવી
આંબા પરથી નીચે પડતી, મસ્ત મજાની કેરી આવી
કેરી આવી કેરી આવી, મસ્ત મજાની કેરી આવી

ગૌસ્વામી રાજગીરી રમેશગીરી

લહેકો આપો

તમે આવ્યા તો એક ઉમળકો આવ્યો
આંબા કેરી ડાળે કોયલનો ટહુકો આવ્યો
ખીલેલો ભર શીયાળે જાણે તડકો આવ્યો
થંભી ગઈ ધડકનો એવો થડકો આવ્યો
જોઈતું હતું અજવાળું અમને માફકસરનું
બાળી નાખે જાતને એવો ભડકો આવ્યો
ખળભળી ઉઠયું છે ઉર
અમારૂં એમના સ્વરથી
ખુશખુશાલ થઈ છે લાગણીઓ એવો લહેકો આવ્યો
ચાલ્યા જ કર્યું અમે સતત એમની રાહમાં
કદમ ના થાકયા રસ્તો જડતો આવ્યો
શબ્દો શોધવા બેઠો અનવર થઈ ગઈ રચના
યાદ સાથે એમની ગઝલ લખતો આવ્યો

અનવર એસ.જુનેજા (વડગામ)

અંતની લાગણી

વર્ષો જુની છે આ આખીય જીંદગી આપણી
કાલની વાત કયાં રહી ચાલો આજ કરીએ ઉજાણી
નયન નીરથી દીલ ઘાયલ વેદના કયાં પીછાણી ?
નાની વાતનું કર્યું વતેસર લાગણી કેવી દુભાણી ?
ભરસભામાં સાથ મળ્યો જવાબ દેવા મુઝાણી
ડાઘ વિનાની જીંદગી કારણ વિના શું ધોવાણી ?
પુજાપાઠ કે પ્રાર્થનાનું કામ નથી છતાં છેતરાણી
નરી આંખે જોઈ ના શકાયું તેથી આંખો મીંચાણી
રૂપરંગની કાયા હતી છતાં કોઈથી નહીં નઝરાણી
બાગબગીચો મહેંકી ઉઠયો ત્યાં હતી એક લજામણી
અલકમલકથી લોક આવ્યા થઈ બગીચે ઉભરાણી
વીરા સાચાનો સાથ કરો કે ના કરો છતાં છે લાગણી

વીરાભાઈ સી.ચાવડા (કાણોદર)

આંસુ લુછજો

રડતી એવી દિકરીના તમે આંસુ લુછજો
જાજુ જીવવાના એને તમે આશીર્વાદ દેજો
પ્રેમની આશા રાખનારને તમે પ્રેમ દેજો
અંતરના ઓરડે એને જાજો વિસામો દેજો
મોઢેથી દિકરી કહી એને તમે બોલાવજો
વ્હાલી મારી દિકરી કહી છાતીયે લગાવજો
કુળદીપક સમજીને એને પ્રેમ આપજો
ઝાઝી રાખી ભાવના દિલમાં જતન કરજો
મમતાથી ભરપુર એનું જતન કરજો
જોજો મળે ના દુઃખ એનું ધ્યાન રાખજો
દુનિયાના બધા સુખ એને જરૂર આપજો
દિકરી મારો વ્હાલનો દરીયો એવું માનજો
એ દરીયો સુકાય ના ખબર તમે રાખજો
રડતી હોય દિકરી તો એનાં આંસુ લુછજો
વિતેલી જાણી અમનની અન્ય આંસુ લુછજો

રાજેશ ડી.શ્રીમાળી (ધોતા)

યાદ નથી??

બાકી જિંદગીથી કોઈ ફરિયાદ નથી ,
બસ છેલ્લે ક્યારે મજા આવી એ યાદ નથી,
વ્યસ્તતા એ માઝા મૂકી છે બરાબર,
છેલ્લે ક્યારે રજા આવી એ યાદ નથી,
આંખના ખૂણા મેં સાફ કર્યા હતા કે ,
ખરી ગયું એ પાણી, એ યાદ નથી,
આમ તો સતત હાસ્ય રાખું છું ચહેરા પર,
સાચ્ચે હસ્યો તો ક્યારે એ યાદ નથી,
જે વરસાદમાં હું ભીજાયો હતો દિલથી,
એ વરસ્યો તો ક્યારે એ યાદ નથી,
જીવતા જીવતા ઈચ્છાઓને બધાની,
ક્યારે હું મને જ ભુલ્યો એ યાદ નથી,
ઉભો નથી કતારમાં "નવિન",તારા મંદિરે ઈશ્વર,
પણ તને હું ભુલ્યો એવી ક્ષણ યાદ નથી.

-સંકલન નવિન એ.દોશી પાલડી-મીઠી

પ્રેમની પરીભાષા

પ્રેમ અને તમને કરતાં કરતાં રહ્યાં
પ્રેમ આ સંબંધ ઝરણામાં અમે રહેતા રહ્યાં
પ્રેમ તો પરવર દિગાર પણ કરતા રહ્યા
આપણે તો મચ્છુ માનવી પ્રેમ કરવી જ રહ્યાં
પ્રેમના પર્વમાં અનોખા અંદાજમાં પ્રેમ કરવાં જ રહ્યા

સલીમભાઈ કુંભાર(ભીલડી)

Website : www.rakhewaldaliy.com

E-mail : rakhewal@gmail.com

મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઊંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા

રખેવાળ

રાધનપુરમાં સદારામ બાપા કેરિયર એકેડેમી દ્વારા તાલીમ

રાધનપુર

રાધનપુરમાં સદારામ બાપા કેરિયર એકેડેમી અને સમસ્ત ઠાકોર સમાજના સહયોગથી ધો.૧૨ પાસ અને ગ્રેજ્યુએટ થયા હોય તેવા સમાજના ભાઈઓ અને બહેનો માટે ગુજરાત સરકારની આવનાર વિવિધ ભરતીઓ માટે સ્પેશિયલ તૈયારીઓ કરાવવા માટે ખાસ વર્ગોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.જેમાં તલાટી,કોન્સ્ટેબલ,બિનસચિવાલય જેવી ભરતીઓ માટે કોચિંગ આપવામાં આવે છે.આ ખાસ વર્ગોમાં સમાજના ૧૫૦ જેટલા ભાઈઓ-બહેનો ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે.આ ક્લાસમાં શારીરિક અપંગ વિદ્યાર્થીઓને સંપૂર્ણ ફી માફી આપવામાં આવે છે.અઠવાડિયામાં ત્રણ ટેસ્ટ લેવામાં આવે છે અને દર રવિવારે ગુજરાતની નામાંકિત ફેક્લટીના નિષ્ણાતોને લેક્ચર માટે બોલાવવામાં આવે છે.સર્વોદય આંખની હોસ્પિટલ પાસે આવેલી સદારામ કન્યા હોસ્ટેલ પાસે ચાલતા સદારામ બાપા કેરિયર એકેડેમીનુ મોનીટરીગ મહાદેવજી ઠાકોર,અરવિંદજી ઠાકોર,વિપુલજી ઠાકોર,શૈલેષજી ઠાકોર,પ્રતાપજી ઠાકોર અને નરેશજી ઠાકોર દ્વારા કરવામાં આવી રહ્યું છે.

પાટણમાં પાલિકાની બેદરકારીથી પાઈપ લાઈનોમાં ૨૨ લીકેજ

પાટણ

પાટણ પાલિકાના વોટર વર્કસના તેમજ બાંધકામ શાખાના રોજમદારોની ચાલી રહેલી હડતાલના કારણે ગત બુધવારે પાટણ શહેરમાં ઠેરઠેર પાણીની પાઈપોના લીકેજની અસંખ્ય સમસ્યાઓ સર્જાઈ હતી, શહેરમાં ૨૨ જેટલા સ્થળોએ પાણીના લીકેજની ફરિયાદો પાટણ પાલિકામાં નોંધાઈ હતી, અસંખ્ય લીકેજોથી પાણીનો બગાડ થયો હતો. ઉત્તર ગુજરાતના અંતરિયાળ ગામોમાં પીવાના પાણીની ભારે તંગી સર્જાઈ છે. ત્યારે પાટણમાં પાણીનો મોટો વ્યય થયો છે, લીકેજની મોટી ઘટના પાટણમાં ચાણસ્મા હાઈવે પર બની છે. લીલીવાડી સામેની કેટલી સોસાયટીઓ ભોગ બની છે. નગરપાલિકાની બેદરકારીના કારણે હજારો લીટર પાણીનો બગાડ થઈ રહ્યો છે. ગત મંગળવારે પાણીની પાઈપ લાઈન તૂટી જતાં રસ્તામાં ઘુંટણ સુધી પાણી ભરાયા હતા સોસાયટીના પ્રમુખ નાનક જીભાઈ પરમારે જણાવ્યું હતું કે ઘણા સમયથી પાણીની પાઈપો તૂટી જવાના બનાવો બની રહ્યા છે. અહીંથી ઈન્દ્રલોક સોસાયટી સામે ચોમાસા જેવો માહોલ જોવા મળે છે.

વસાઈમાં બે કાર વચ્ચે અકસ્માત : મહિલાને ઈજા

મહેસાણા

વિજાપુરના વસાઈ ખાતે બે કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં એક મહિલાને ઈજા થતાં તેણીને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામા આવેલ. કલોલના પ્રતિક દિનેશભાઈ સોની તેમની માતા સાથે કારમાં ગત સોમવારે વસાઈથી પસાર થતા ત્યારે એક ગાડીના ચાલકે પ્રતીકભાઈની કારને ટક્કર મારી હતી. અથી તેમની માતાને ઈજા થઈ હતી. આ અંગે પ્રતિકભાઈએ વસાઈ પોલીસ મથકે ગાડી નંબર આધારે તેના ચાલક વિરૂધ્ધ ફરીયાદ નાધાવી હતી.

વિજાપુર વિસ્તારની સગીરાને લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચરતા ફરિયાદ

મહેસાણાં

વિજાપુર વિસ્તારની એક સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જઈને દુષ્કર્મ આચરવામાં આવતા ચકચારની લાગણી પંથકમાં પ્રસરી છે. આ અંગે સગીરાએ આરોપી શખ્સ સામે લોડોલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. ગત ૧૨ માર્ચની રાત્રીએ આ વિસ્તારની સગીરાને વિજાપુરના પીરોજપુરા ગામના અમિતજી ભવાનજી ઠાકોરે લગ્નની લાલચ આપી સગીરાને ભગાડી ગયો હતો ત્યાર બાદ તેણીની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચરતા સગીરાને છેતરાવાનો અહેસાસ થયો હતો. આ બાબતે સગીરાએ ગત મંગળવારે આરોપી વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

વિવિધ બજાર ભાવ

ધાનેરા	
ઘઉં	૩૧૧-૩૪૬
એરંડા	૭૯૦-૮૦૬
સુવા	૯૫૦-૯૬૯
ઈસ.	૧૨૯૭-૧૬૦૦
જીરૂ	૨૨૦૦-૨૯૪૯
વરી.	૧૨૫૬
તલ	૧૩૬૧
મેથી	૬૧૦
રાયડો	૬૫૦-૭૨૬
રાજગરો	૭૧૮-૮૩૨
બાજરી	૨૪૫-૨૮૫
ગવાર	૭૫૬-૮૦૦
બીજડા	૧૧૬૧
અન્ય	૭૨૦-૧૦૪૧
થરાદ	
રાયડો	૭૦૦-૭૨૭
એરંડા	૭૯૫-૮૧૦
જીરુ	૨૪૦૦-૩૧૫૦
ગવાર	૭૭૫-૭૯૩
મેથી	૭૦૦-૧૪૨૦
ધાણા	-૭૭૦-૯૦૨
ઈસબગુલ	૧૫૦૦-૧૫૫૧
રાહ	
રાયડો	૬૯૦-૭૧૦
એરંડા	૭૯૪-૮૦૫
થરા	
જીરૂ	૨૪૮૦-૩૨૩૦
એરંડા	૮૦૪-૮૨૨
રાયડો	૬૫૦-૭૧૦
ઘઉં	૩૧૫-૩૪૦
ગવાર	૭૫૦-૭૮૬
બાજરી	૨૪૫-૨૬૭
ધાણા	૬૮૦-૭૨૦
સુવા	૮૫૦-૮૭૫
મેથી	૫૨૧-૬૬૦
સિદ્ધપુર	
ઘઉં	૩૨૦-૩૬૯
એરંડા	૭૮૪-૮૧૨
રાયડો	૬૦૦-૭૨૦
રાજગરો	૭૧૧-૮૦૪
બાજરી	૨૦૫-૨૨૮
જુવાર	૮૫૦-૮૮૦
જવ	૨૭૦
ગવાર	૭૦૦-૭૮૫
કપાસ	૭૦૦-૧૦૧૬
પાટણ	
જીરૂ	૨૦૦૦-૨૮૦૬
વરી.	૮૫૦-૧૭૮૦
મેથી	૫૦૧-૬૩૧
સુવા	૮૦૦-૯૨૫
રાયડો	૬૫૦-૭૩૧
એરંડા	૭૭૮-૮૧૧
ઘઉં	૩૨૧-૩૫૨
બાજરી	૨૨૦-૨૫૩
બંટી	૩૧૦
મગ	૮૦૦
અડદ	૭૦૦-૭૬૯
ગવાર	૬૦૦-૭૯૧
કપાસ	૭૫૦-૧૦૨૭

રાધનપુરમાં ભૂકંપનો આંચકો : ચારેબાજુ અફરા-તફરી, ૧૫ વિદ્યાર્થીઓને રેફરલમાં ખસેડાયા

ભૂકંપની મોકડ્રિલથી લોકોમાં અચરજનો માહોલ

કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુરમાં શુક્રવારે સવારે સડા નવ વાગ્યાના સુમારે ભૂકંપનો જોરદાર આંચકો આવતા અફરા-તફરી મચી જવા પામી હતી, અને સમગ્ર સરકારી તંત્ર બચાવ કામગીરીમાં લાગી ગયું હતું.હિંમતવિદ્યાનગર સંકુલમાં આવેલી કોલેજ અને શાળાઓમાં વિદ્યાર્થીઓમાં ભારે રોકકળ મચી જતા બે ફાયર ફાઈટર,એક જે.સી.બી. અને બે એમ્બ્યુલન્સ લઈને સરકારી તંત્ર બચાવ કામગીરી માટે પહોંચી ગયું હતું,અને ૫૦ જેટલા વિદ્યાર્થીઓને રેસ્ક્યુ કરીને મહામુસીબતે બહાર કાઢ્યા હતા,જેમાંથી ૧૫ વિદ્યાર્થીઓની હાલત ગંભીર જણાતાં એમ્બ્યુલન્સમાં રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા,જયારે ૩૫ જેટલા વિદ્યાર્થીઓને સંકુલમાં જ ડોક્ટરોની ટીમ દ્વારા સારવાર આપવામાં આવી હતી.પ્રાંત અધિકારી શિવરાજ ડી.ગિલ્વા અને એ.એસ.પી.પાર્થરાજસિંહ ગોહિલની ઉપસ્થિતિમાં ગુજરાત રાજ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા ભૂકંપની મોકડ્રિલ સફળતાપૂર્વક યોજવામાં આવી હતી. સવારે સાડા નવ વાગ્યાના સુમારે હિંમતવિદ્યાનગર સંકુલમાં એમ્બ્યુલન્સોની સાયરનો ગુંજી ઉઠતા આજુ-બાજુના વિસ્તારોના લોકો પણ અચરજમાં પડી ગયા હતા.જયાં ભૂકંપની મોકડ્રિલ યોજાઈ રહી હતી.આ મોકડ્રિલમાં એચ. પી.સી.એલ., આઈ.ઓ.સી. એલ. અને નગરપાલિકાના ફાયરફાઈટરો, જે.સી.બી. અને એમ્બ્યુલન્સો જોડાઈ હતી. જયારે એન.એસ. એસ., એન. સી.સી., સરસ્વતી કન્યા વિદ્યાલય,કે.બી.હાઈસ્કૂલ અને કોલેજના વિદ્યાર્થીઓ જોડાયા હતા.વિદ્યાર્થીઓએ ઘાયલ થવાનો રોલ હૂબહૂ નિભાવ્યો હતો. ઘાયલ વિદ્યાર્થીઓને રેફરલ હોસ્પિટલમાં સાયરન વગાડતી એમ્બ્યુલન્સ દ્વારા લવાયા ત્યારે લોકો પણ એકઠા થઇ ગયા હતા,અને કોઈ મોટો અકસ્માત સર્જાયો હોવાની વાત શહેરમાં વહેતી થઇ જવા પામી હતી.ભૂકંપ સમયે વિદ્યાર્થી ઓએ સાવચેતી માટે શું શું કરવું એ બાબતે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ મોકડ્રિલમાં સરકારી તંત્રના યુ.જી.વી.સી.એલ.,માર્ગ અને મકાન,આરોગ્ય,પાણી-પુરવઠા,પોલીસ,આઈ.ઓ.સી.એલ.,એચ.પી.સી.એલ. સહિતના વિભાગના કર્મચારીઓ અને અધિકારીઓ જોડાયા હતા.

સિદ્ધપુર ખાતે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જિલ્લાકક્ષાનો ભૂકંપ પરનો મોંકડ્રીલ યોજાયો

પાટણ

કુદરતી હોનારતોમાં વ્યાપક જન-જાગૃતિ નિર્માણ થાય, લોકોની સહભાગિતા વધે તેમજ સરકારના અને જિલ્લાકક્ષાના સંબંધિત એકમો વચ્ચે ટીમવર્ક, સમન્વય, સહકાર અને સંકલનની ભૂમિકા ઊભી થાય તેવા હેતુસર આજ તારીખ ૧૬માર્ચે ગુજરાતના ભૂકંપ પ્રોન જિલ્લાઓમાં ભૂકંપના વિષય પર મોંકડ્રિલનું આયોજન કરાયું હતું. પાટણ જિલ્લાનું જિલ્લાકક્ષાનો મોંકડ્રીલ સિદ્ધપુર ખાતે યોજાયો હતો.

જેનો ઘટનાક્રમ કંઈક આવો હતો. સવારે ૧૦.૦૦ કલાકેસિદ્ધપુરના પ્રાંત ઓફિસર શ્રીની કચેરીમાં ભૂકંપ આવ્યો હોવાના સમાચાર મળતાં જ કલેકટરશ્રી આનંદ પટેલના માર્ગદર્શન હેઠળ આપાત્તકાલિન બેઠક યોજાઈ હતી અને ભૂકંપગ્રસ્ત બનેલા નગરમાં આ પ્રાથમિક સર્વે માટે મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીઓની ટીમો નગરમાં પહોંચી હતી. ભૂકંપના કારણે શહેરમાં ૭ થી ૮જગ્યાઓ પર નુકસાન થયેલા સમાચારથી જિલ્લાનું સમગ્ર તંત્ર બચાવ અને રાહત કામગીરીમાં જોતરાઈ ગયું હતું. સિધ્ધપુરનાઆઇ. ઓ.સી.એલ. ટર્મિનલ પર ભૂકંપની અસર થઈ હોવાના સમાચારે ફરજ પરના અધિકારીશ્રી ડી.બી. ટાંકતા બડતોડ સ્થળ પર પહોંચ્યા હતા. આમ ગણતરીની મિનીટોમાં જિલ્લાનું સમગ્ર તંત્ર યુધ્ધના ધોરણે કામે લાગ્યું હતું.

માહિતી બ્યુરોની ટીમે સમગ્ર બચાવ અને રાહત પ્રક્રિયાનું સંબંધિત સ્થળો ઉપર જઈ કવરેજ કર્યું હતું અને હંસાબા કોલેજ હોસ્ટેલમાં ભૂકંપની કથિત સ્થિતિ વચ્ચે સાતથી આઠ વિદ્યાર્થીઓ ઘાયલ થયેલા હતા. જેમને ફર્સ્ટ એઈડની ટ્રીટમેન્ટ આપી ૧૦૮અને એમ્બ્યુલન્સ મારફતે શહેરની સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ રહ્યા હતા. આઇ. ઓ.સી.એલ.માં કથિત ઈજાગ્રસ્તને હોસ્પિટલમાં ખસેડાયો હોવાનો અને અન્ય કર્મચારીઓને શીઘ્રતાથી ટર્મિનલની બહાર સુરક્ષિત રીતે લાવવામાં આવ્યા હોવાનું ટર્મીનલ મેનેજર એસ.કે પ્રિયદર્શીએ જણાવ્યું હતું. ઘટના સાથે મેડિકલ ટીમો, ફાયરફાયટર, અને એબ્યુલન્સ વાહનોની આપૂર્તિ કરાઇ હતી.

બ્યુરોની ટીમે ત્યારબાદ હોટલ મેનેજમેન્ટ પરિસર, ડેન્ટલ કોલેજ, હોમીયોપેથી કોલેજ, તિરૂપતિ પ્લાઝા, કલોલ કોલોનીની લક્ષ્મીપુરા-આંગણવાડી, તાલુકા પંચાયત અને સિવિલ હોસ્પિટલની મુલાકાત કરી હતી.

શાળાના વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું

એ.એસ.પી. પાર્થરાજસિંહ ગોહિલના જણાવ્યા મુજબ ભૂકંપ આવે ત્યારે શાળામાં રહેલા વિદ્યાર્થીઓએ સાવચેતી માટે શું પગલાં ભરવા તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ ઉપરાંત ભૂકંપ સમયે ઓછામાંઓછી જાનહાની થાય તે માટે કેવા પ્રયાસો કરવા તે શીખવવામાં આવ્યું હતું.ફર્સ્ટ રિસ્પોન્ડર તરીકે તમામ સરકારી વિભાગોએ હાજર રહીને ટીમો રવાના કરી હતી.

ભૂકંપમાં શું કરવું તે શીખવ્યું

પ્રાંત અધિકારી શિવરાજ ડી.ગિલ્વાએ જણાવ્યું હતું કે ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા ભૂકંપની મોકડ્રિલમાં પડતી મુશ્કેલીઓમાં કેવી રીતે રસ્તો કાઢવો અને વિદ્યાર્થીઓએ કેવા પગલાં ભરવા જોઈએ કે જેથી બચી શકાય અને મુશ્કેલીમાંથી બહાર આવી શકાય,તે શીખવવામાં આવ્યું હતું.

રાણેલા ગામની સીમમાંથી આઈ.ઓ.સી.ની પાઈપ લાઈનમાંથી ઓઈલ ચોરીનું કૌભાંડ ઝડપાયું

ચાણસ્મા

મહેસાણા એલસીબી પોલીસે મોઢેરા પાસેથી રણેલા ગામની સીમમાંથી આઈઓસીની પાઈપ લાઈન માંથી ઓઈલ ચોરીનું કૌભાંડ ઝડપી પાડ્યું છે. ઓઈલ ચોરો તેમનાં ઈરાદામાં પાર પડે તે પહેલાં ત્રાટકેલી પોલીસે ઘટના સ્થળેથી ચાર શખ્સોને ઝડપી લીધા છે, જ્યારે સાત શખ્સો નાસી જવામાં સફળ થયા હતા. પોલીસે રૂા. ૪૪,૭૧૦ નો મુદ્દામાલ જપ્ત કરી કુલ ૧૧ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મહેસાણા - મોઢેરા રોડ પર આવેલા રણેલા ગામની સીમમાં અડાણીયા આંટાવાળા ખેતરમાં નેળિયામાંથી આઈઓસીની કોયલી સાંગાનેર પ્રોડક્ટ પાઈપલાઈન પસાર થાય છે. તેની ઉપર એક વાલ્વ સહિતનો નટબોલ્ટથી કલેમ્પ ફીટ કરી મુખ્ય પાઈપલાઈનમાં લોખંડના ડ્રીલ પાનાથી ડ્રીમ કરી ઓઈલ ચોરી કરવામાં આવતી હોવાની જાણકારી મળતાં તા. ૧૪ માર્ચના રોજ રાત્રે બે વાગે એલસીબીના ઈ.પી.આઈ વાય.જે. રાઠોડ સહિત સ્ટાફે ઓચિંતી રેડ પાડી હતી. જે દરમિયાન ચાર શખ્સો ઝડપાઈ ગયા હતા. જ્યારે અન્ય સાત શખ્સો ભાગી છુટવામાં સફળ થયા હતા. પોલીસે ઘટનાસ્થળેથી રૂા. ૪૪,૭૧૦ ના મુદ્દામાલ સાથે સોલંકી મુસલમાન અલ્લારખા ઉર્ફે મુનો સીકંદરભાઈ એલમજી રહે. મૂળ ટાકોદી, ટાકોદી, તા. ચાણસ્મા, હાલ રહે. મહેસાણા ગુંજનપાર્ક સોસાયટી, રણેલા ગામના પટેલ યોગેશ મગનભાઈ, પટેલ પ્રવિણ કાંતિલાલ અને પટેલ રમેશ હીરાભાઈને ઝડપી લીધા હતા. જ્યારે નાસી છુટેલા સલીમ ઉર્ફે તોતો મુસલમાન, શરીફ, સલાઉદ્દીન જાવેદ ચારેય રહે. મંડાલી, તા. મહેસાણા, ખારા ગામનો ઠાકોર અજીત ઉર્ફે અજય બાલાજી, કડીનો પઠાણ ઈસ્માઈલ ઉર્ફે લંગડો યુસુફખાન અને તળેટીના રબારી કાનજી ભુરાભાઈને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

આ અંગે મોઢેરા પોલીસ મથકમાં તમામ ૧૧ આરોપી વિરુદ્ધ ચોરી, કાવતરું અને પેટ્રોલીયમ પેદાશની ચોરી, નુકસાન અંગેનો ગુનો દાખલ પીઆઈ રાઠોડે વધુ તપાસ હાથ ધરી છે.

કરોડો લોકોની શ્રધ્ધાનું સ્થાનક યાત્રાધામ બહુચરાજીમાં વિકાસ તદન ઠપ

ચાણસ્મા

પોતાને હિન્દુત્વવાદી ગણાવીને ગાદીએ બસી ગયેલી રાજયની ભાજપ સરકારના રાજમાં પવિત્ર યાત્રાધામ બહુચરાજીનો વિકાસ છેલ્લા એક વર્ષથી સદ્દતર ઠપ થઈ ગયો છે. વર્ષે લાખો શ્રધ્ધાળુઓ જ્યાં દર્શને આવે છે અને કરોડો લોકોની શ્રધ્ધાનું સ્થાનક છે તેવા બહુચર માતાજીના મંદિરના વિકાસ કામો નોકરશાહીના કારણે અટકી ગયા છે. આવો ગંભીર આક્ષેપ બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટના ટ્રસ્ટી ઈશ્વરભાઈ નાગરદાસ પટેલે કર્યો`. આ મામલે તેમણે પવિત્ર યાત્રાધામ વિકાસ મંત્રી સહિતને લેખિતમાં પત્ર પાઠવી ૩૯ મુદ્દા આધારિત રજૂઆત કરતા ખળભળાટ મચી ગયો છે.

ટ્રસ્ટી ઈશ્વરભાઈ પટેલના જણાવ્યા મુજબ, બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટની બંધારણના નિયમ મુજબ દર ચાર માસે મિટિંગ કરી વિકાસકામો શ્રધ્ધાળુઓની સેવાના પ્રશ્નો ઉકેલવા માટે મળતી હોય છે. પરંતુ છેલ્લા છ માસથી મિટિંગ ગમે તે બહાનાસર મળી નથી. પરિણામે વિકાસકામો ઠપ થઈ ગયા છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ, મુખ્ય મંદિરને ૪૯ ફુટથી ૫૭ ફુટ કરવાની ટેન્ડર કાર્યવાહી પૂર્ણ થઈ, સરકારની મંજુરી મળી છતાં કોન્ટ્રાક્ટરને વર્ક ઓર્ડર અપાયો ન હોઈ આ કામગીરી આગળ વધી શકી નથી. છેલ્લા ચાર વર્ષથી કરેલા ઠરાવોનું અમલીકરણ તાકીદે કરાવો, દર્શન પથના મુખ્યદ્વાર પાસે હાઈવે ઉપર વિશાળ દરવાજો પથ્થરનો બનાવવો અને એન્ટ્રીગેટનું કામ મંજુર કરી શરૂ કરાવવા, બાબરી - મુંડન માટે આવતા યાત્રિકોની સુવિધા વધારવા, માનસરોવરમાં પાણી નાખવા, ટોઈલેટ, સુધારવા, સહિતના કામો કરવા, મંદિરની બહારના ભાગમાં સ્વચ્છતા જાળવવા, વલ્લભભટ્ટ વાવના વિકાસના માટે તેની આગળની જમીન ખરીદવાની કાર્યવાહી કરવા, પંચવટી વિકાસ પ્રોજેક્ટ ખોરંભે પડેલ છે તે કામ હાથ ધરવા, ભોજનાલયને આધુનિક કરી ભોજન વ્યવસ્થા સુધારવા સહિત ૩૯ મુદ્દા આધારિત રજૂઆત કરી છે. જેને લઈ સરકારની વાહવાહી કરવા અન્ય ટ્રસ્ટીઓના પેટમાં તેલ રેડાયું હોય તેવુ જણાવ્યું છે.

હવે ભ્રષ્ટ અધિકારીઓથી અપરાધિઓ જેવી નિર્મમતા,કાળુ નાણું જપ્ત થશે : યોગી

લખનૌ

ગોરખપુર અને ફુલપુર લોકસભા પેટાચુંટણીમાં હાર બાદ કોઇ જાહેર કાર્યક્રમમાં પહેલીવાર પહોંચેલ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ભ્રષ્ટ અધિકારીઓ પર ગુસ્સો કાઢયો હતો.તેમણે કહ્યું કે સરકારની ઈચ્છા સમજવા માટે વર્ષભરનો સમય પુરતો હોય છે. જે સમજયા નથી તેને સરકાર એજ નિર્મમતાથી વર્તતશે જેવી રીતે અપરાધિઓની સાથે કરવામાં આવી રહ્યો છે આવા લોકોની ફકત નોકરી જશે એટલું જ નહીં તેમનું કાળુ નાણું પણ જપ્ત થશે

મુખ્યમંત્રીએ પેટાચુંટણીમાં હારના કારણોની પણ જાહેરમાં ચર્ચા કરતા કહ્યું કે હારનું મુખ્ય કારણ કાર્યકર્તાઓનો અતિ આત્મવિશ્વાસ રહ્યો. ગોરખપુરના દરેક પ્રવાસમાં મને કહેવામાં આવ્યું હતું કે જીતમાં કોઇ શંકા નથી મેં ટકોયા પણ હતાં કે ચુંટણી અને પરીક્ષામાં આ વલણ યોગ્ય નથી.કાર્યકર્તા નિષ્ક્રિય થયા તો મતદારો ઉદાસીન.તે મતદાન કરવા નિકળ્યા નહીં ગોરખપુરના ઉમેદવારની બીમારી પણ એક કારણ રહ્યું મુખ્યમંત્રીએ કહ્યું કે ચુંટણીમાં જીતથી ન અમને ખુશી થઇ છે અને ન તો હારથી દુખી જીત સાથે જવાબદારી આવે છે અને હાર પાઠ.હારનો પાઠ અમને ખાઈમાં પડતા પહેલા સંભાળવાની તક આપી છે. ૨૦૧૯માં અમે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સારૂ કરીશું. પ્રદેશની તમામ લોકસભા બેઠકો પર ભાજપ જીતશે

યોગીએ કહ્યું કે લોકો સપા અને બસપાના તકવાદી ગઠબંધન અને સત્તાને લઈને થયેલ સોદાબાજીને માને છે. બંન્નેનું ચરિત્ર એક છે. આ લોકોએ દેશની દરેક બંધારણીય અને લોકતાંત્રિક સંસ્થાનને ખત્મ કરવાનું પાપ કર્યું છે. ફકત પોતાના અને પોતાના લોકોના વિકાસની બાબતમાં વિચારે છે. પ્રદેશનો વિકાસ તેમના વિચારમાં છે જ નહીં. જયારે વિચાર જ નથી તો રોકાણ અને તેને લઈ જરૂરી બુનિયાદી માળખાની બાબતેમાં શું વિચારે.

મુખ્યમંત્રીએ કૃષિ ઉર્જા આરોગ્ય કૌશલ વિકાસ પર્યટન અને અન્ય ક્ષોત્રોમાં સરકારની ઉપલબ્ધીઓની ચર્ચા કરી. એક જીલ્લા એક ઉત્પાદની સંભાવનાનો પણ ઉલ્લેખ કર્યો. આરોગ્ય સેવાઓને વધુ સારી કરવાની પ્રતિબધ્ધતા સાથે ઝાંસી મેડિકલ કાલેજની ઘટનાને લઇ તબીબીઓને સલાહ પણ આપી છે.એ પણ કહ્યું કે થનાર પોલીસ ભરતમાં સરકારનું લક્ષ્ય ૨૦ ટકા મહિલાઓની ભરતીનો છે.તેમણે કહ્યું કે વિરોધ પક્ષોમાં સાચુ બોલવાનું સાહસ નથી. તેના પર મીઠુ મીઠુ ગપ,કડવું કડવું થુ વાળી કહેવાત ચરિતાર્થ થાય છે.